શ્રી પરમાણુંદ કેશવ ગ્રંથમાળા–પુષ્પ ૨જું

## ભગવાન મહાવીર યુગનાં

# ઉપાસિકાઓ

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

: પ્રકાશક :

**શ્રી ખીમચંદ ચાંપશી શાહ**

પ્રમુખ : શ્રી જૈન આત્માનંદ સભા,

**ભાવનગર.**

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રત : ૧૧૨૫ સંવત : ૨૦૨૮

કિંમત રૂા. ૨-૦૦

: મુદ્રક :

**શ્રી હરિલાલ દેવચંદ શેઠ**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,

**ભાવનગર.**

# પ્રકાશકનું નિવેદન

**શ્રી જૈન આત્માનંદ સભા**–(ભાવનગર)નો એક ઉદ્દેશ એ છે કે જૈન સમાજમાં ધાર્મિક, નૈતિક, વ્યાવહારિક જ્ઞાનનો પ્રચાર કરવો અને આ હેતુ માટે યોગ્ય સાહિત્યનું પ્રકાશન કરવું. આ ઉદ્દેશને લક્ષમાં રાખી છેલ્લા સાઠ ઉપરાંત વર્ષોથી આ સભા વિવિધ પ્રકારનાં પુસ્તકોનું પ્રકાશન કરતી આવી છે. શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા, શ્રી આત્માનંદ જૈન ગ્રંથ-રત્નમાલા (સંસ્કૃત, પ્રાકૃત), શ્રી આત્માનંદ જન્મ શતાબ્દી સીરીઝ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી ઐતિહાસિક ગ્રંથમાળા ઇત્યાદિ ગ્રંથમાળાઓ દ્વારા ગુજરાતી, સંસ્કૃત, અર્ધમાગધી, પ્રાકૃત, અંગ્રેજી વગેરે ભાષાઓમાં લગભગ ૨૧૦ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. આમાંનાં કેટલાંક પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજોને તથા સભાના પેટ્રનો, આજીવન સભ્યો અને અન્ય સભ્યોને તથા ઇતર વિદ્વાનોને ભેટ આપવામાં આવ્યાં છે. આ રીતે સભાએ પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવા પુરુષાર્થ કરેલો છે.

**શેઠશ્રી સવાઇલાલ કેશવલાલ શાહ.** (અમને લખતાં અત્યંત દિલગીરી થાય છે કે જેઓ હમણાં જ તા. ૧૦–૫–૭૨ બુધવારના રોજ હૃદયરોગના હુમલાથી અચાનક સ્વર્ગવાસી થયા છે) મૂળ ઘોઘા–ભાવનગરના વતની હતા પણ તેમણે ધંધા અર્થે કલકત્તામાં નિવાસ કર્યો હતો. તેઓ ત્યાં આપણા ગુજરાતી સમાજમાં એક અગ્રગણ્ય નેતા હતા. એટલું જ નહિ પરંતુ સરકારમાં તેમ જ માતબર જાહેર સંસ્થાઓમાં પણ આગવું સ્થાન ધરાવતા હતા. તેઓ પશ્ચિમ બંગાળ રાજ્યના જસ્ટિસ ઓફ પીસ (જે. પી.) અને પ્રેસિડન્સી માજિસ્ટ્રેટ હતા. બિહાર રાજ્યમાં સ્ટેટ બોર્ડ ઓફ શ્વેતાંબર રીલિજિયસ ટ્રસ્ટના સ્પેશિયલ ઓફિસર હતા. આ ઉપરાંત દેશપરદેશની ઘણી જાહેર સંસ્થાઓમાં પ્રમુખ, ઉપ–પ્રમુખ કે સભ્ય તરીકે રહી પોતાની માનદ સેવાઓ તથા ઉદાર આર્થિક

સહાય આપતા હતા. તેઓએ આ સભાની કાર્યવાહીથી આકર્ષાઈ, સમાજને આનંદ સાથે જ્ઞાન આપે તેવું શિષ્ટ, સંસ્કારી પણ હળવું સાહિત્ય સભા મારફત પ્રસિદ્ધ કરવાની ઈચ્છા જણાવી. સભાએ આભાર સહિત તેમની દરખાસ્ત સ્વીકારી અને તેને મૂર્ત સ્વરૂપ આપવા તેમના મોટા બાપુ (પિતાશ્રીના મોટાભાઇ) સ્વ. પરમાણંદદાસ શેઠ તથા તેમના પિતાશ્રી સ્વ. કેશવલાલ શેઠ એ બંનેનાં સંયુક્ત નામે એક ગ્રંથમાળા શરૂ કરવાનો ઠરાવ કર્યો. આ ઠરાવ અનુસાર શેઠશ્રી સવાઈલાલભાઈની પૂરેપૂરી આર્થિક સહાય વડે આ **શ્રી પરમાણંદ–કેશવ ગ્રંથમાળા** શરૂ કરવામાં આવી છે.

આ ગ્રંથમાળાનું પ્રથમ પુસ્તક **ભગવાન મહાવીર યુગના ઉપાસકો** ગઈ સાલ પ્રકાશિત થયું છે. અને તેની સાથે સ્વ. શેઠશ્રી પરમાણંદદાસભાઈનું નામ જોડવામાં આવ્યું છે. આ બીજું પુસ્તક **"ભગવાન મહાવીર યુગનાં ઉપાસિકાઓ"**ના નામથી પ્રસિદ્ધ થાય છે અને તેની સાથે સ્વ. શેઠશ્રી કેશવલાલભાઇનું નામ જોડવામાં આવ્યું છે. પહેલું પુસ્તક ખૂબ લોકપ્રિય નીવડયું છે અને આ પુસ્તક પણ તેવુંજ લોકપ્રિય બનશે તેવી અમને શ્રદ્ધા છે. આ ગ્રંથમાળાનાં બીજાં પુસ્તકો થોડા થોડા સમયના અંતરે પ્રગટ કરવાની અમારી ઈચ્છા છે.

આવી એક ઉદાત્ત યોજના અમલી બનાવવા માટે આ સભા સ્વ. શેઠશ્રી સવાઈલાલભાઈની ઋણી છે. આ ગ્રંથમાળા પ્રસિદ્ધ કરાવવા પાછળ તેમણે જે ઉચ્ચ ભાવનાઓ સેવી હતી તેને આ ગ્રંથમાળાનાં પુસ્તકો પરિપૂર્ણ કરશે એવી શ્રદ્ધા અમે સેવીએ છીએ.

**सर्वे सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥**

**ખીમચંદ ચાંપશી શાહ–પ્રમુખ**

## સ્વ. શેઠશ્રી કેશવલાલ રતનજી શાહ



: જન્મ : સંવત ૧૯૩૮

: સ્વર્ગવાસ : સંવત ૧૯૭૧

# સ્વ. શેઠશ્રી કેશવલાલ રતનજી શાહ
## ટૂંકું જીવનચરિત્ર

આ " શ્રી પરમાણંદ – કેશવ ગ્રંથમાળા "ના પહેલા ગ્રંથ " ભગવાન મહાવીર યુગના ઉપાસકો "માં સ્વ. શ્રી પરમાણંદદાસ શેઠનું ટૂંકું જીવનચરિત્ર આપેલું છે. તેમાં જણાવ્યા પ્રમાણે શેઠશ્રી રતનજી જેચંદભાઇ મૂળ ઘોઘા–ભાવનગરના વતની હતા. પણ ઘોઘાના બંદરની સ્થિતિ નબળી પડતાં મુંબઈ–ઘાટકોપરમાં જઈને વસ્યા હતા, અને કાપડનો ધંધો શરૂ કર્યો હતો. તેમને બે પુત્રો હતા–પરમાણંદદાસ અને કેશવલાલ.

શ્રી કેશવલાલ શેઠનો જન્મ વિ. સં. ૧૯૩૮માં ઘોઘામાં થયો હતો. તેમણે તે સમયના રિવાજ મુજબ સામાન્ય પ્રાથમિક શાળામાં સાધારણ અભ્યાસ ઘોઘામાં કર્યો હતો અને ત્યાર બાદ મુંબઇ જઈ પિતાના કાપડના ધંધામાં જોડાયા હતા. એક વેપારી તરીકે તેમણે પ્રમાણિકતાની અને સજ્જનતાની શાખ મેળવી હતી અને ધંધો સારી રીતે વિકસાવ્યો હતો.

શ્રી કેશવલાલ શેઠનું લગ્ન ભાવનગરના વતની શ્રી અમરચંદ ઘેલાભાઈ ગાંધીની પુત્રી અંજવાળીબેન સાથે થયું હતું. શ્રી અમરચંદભાઇ એક વિચારશીલ અને ધર્મિષ્ઠ વ્યક્તિ હતા. શ્રી કુંવરજી આણંદજી કાપડિયાના સમવયસ્ક હતા અને તેમની સાથે જૈન ધર્મની ઉન્નતિનાં સ્વપ્નો સેવતા. ભાવનગરની પ્રખ્યાત 'શ્રી જૈન ધર્મ પ્રસારક સભા " સ્થાપવામાં પણ તેઓ શ્રી કુંવરજીભાઇના સહાયક હતા. તેમના ધાર્મિક સંસ્કારો તેમના પુત્રી અંજવાળીબેનમાં ઊતર્યા હતા.

શ્રી કેશવલાલ શેઠ પોતે પણ એક સંન્નિષ્ઠ વેપારી હોવા ઉપરાંત ધર્મનિષ્ઠ વ્યક્તિ હતા. આ ધાર્મિકતા અને વ્યાવહારિકતાનો અમૂલ્ય વારસો તેમના ચારેય પુત્રો શ્રી નરોત્તમદાસ, શ્રો સવાઈલાલ, શ્રી ધીરજલાલ અને શ્રી ધનવંતરાયમાં ઊતરેલ છે. ખાસ કરીને તેમના બીજા પુત્ર શ્રી સવાઈલાલભાઈની ધાર્મિક અને સામાજિક સેવાઓ અને દાનો પ્રશંસનીય છે. તેની નોંધ આ પુસ્તકમાં પ્રકાશકના નિવેદનમાં આપેલી છે. આ "શ્રી પરમાણુંદ-કેશવ ગ્રંથમાળા"ના તેઓ પુરસ્કર્તા છે.

શ્રી કેશવલાલ શેઠ લાંબું આયુષ્ય ભોગવવા ભાગ્યશાળી ન હતા. નાની તેત્રીસ વર્ષની યુવાન વયે સૌરાષ્ટ્રના વઢવાણ શહેરમાં વિ. સં. ૧૯૭૧ના અષાઢ વદિ છઠ તા. ૧-૮-૧૯૧૫ રવિવારના રોજ તેઓ સ્વર્ગવાસી થયા.

વ્યવહાર કુશળ અને ધર્મપરાયણ સ્વ. શેઠ શ્રી કેશવલાલભાઈના મુબારક નામ સાથે આ 'શ્રી પરમાણુંદ-કેશવ ગ્રંથમાળા'નું બીજું પુસ્તક પ્રસિદ્ધ થાય છે. તે સર્વથા ઉચિત છે.

# ઉપોદ્‌ઘાત

જૈન દર્શનના સાહિત્યમાં ચરિતાનુયોગનો વિષય મનુષ્યોને વ્યવહારમાં પણ વિશેષ ઉપયોગી છે. તેની અંદર ધર્મ, નીતિ અને વર્તનનાં એવાં ઉત્તમ તત્ત્વો રહેલાં છે કે જે તત્ત્વો મનુષ્યજીવનની ઉચ્ચતાને આપનારાં છે. તેમજ ગૃહસ્થ અવસ્થામાં રહી જીવનની ઉચ્ચ ભૂમિકાઓમાં રહેવાની ઈચ્છાવાળા ભવિ જનોને તેમાંથી ઘણું ઘણું શીખવાનું, વિચારવાનું, જાણવાનું અને તે પ્રમાણે વર્તવાનું મળી શકે છે.

પ્રાચીન કાળના જૈન દર્શનના સત્ત્વશાળી મહાન ધાર્મિક નરોની જેમ સતી ધર્મનિષ્ટ વીરાંગનાઓનાં ચરિતો પણ મનને ઉલ્લસિત કરનારાં અને ખાસ કરીને બહેનોને આદર્શ ગૃહિણીનો માર્ગ દર્શાવનારાં છે. સ્ત્રીજીવન ઉપર જગતના જીવનનો અને ઉન્નતિનો મુખ્ય આધાર છે. કારણકે ઉત્પન્ન થયેલા મહાન નરોને પ્રાથમિક સંસ્કાર પ્રેરનાર સ્ત્રી–માતાજ હોય છે. તેથી સ્ત્રીજીવન પણ વિશુદ્ધ અને સંસ્કારી હોવાની ખાસ જરૂર છે. આવાં કારણોથી મહાપુરુષોનાં ચરિત્રોની જેમ મહાન સ્ત્રીઓનાં ચરિત્રોની પણ ખાસ આવશ્યકતા છે. આ કાર્ય સભાએ કેટલાક વખતથી હાથ ધર્યું છે. ભાવવિજયકૃત ચંપકમાળા ચરિત્રનો અનુવાદ, આદર્શ જૈન સ્ત્રીરત્નો, સતી સુરસુંદરી, સુશીલકૃત ભગવાન મહાવીર યુગની મહાદેવીઓ, દમયંતી ચરિત્ર વગેરે પુસ્તકો પ્રગટ કર્યાં છે. અને તે પુસ્તકો જૈન તથા જૈનેતર સમાજમાં આદરણીય બન્યાં છે.

આ પુસ્તક શ્રી ભીમજી હરજીવન સુશીલકૃત ભગવાન મહાવીર યુગની મહાદેવીઓમાંથી સાત કથાઓ લઇને તૈયાર કરવામાં આવ્યું છે. શ્રી સુશીલ ગાંધીયુગની ઠાવકી, મર્માળી, લોકભોગ્ય અને સાદાઇની સાથોસાથ ગિર્વાણ સંસ્કારોનો સુમેળ સાધતી મીઠી લેખનશૈલીના આરાધક છે. તેમનું આ પુસ્તક પણ તેમનાં બીજાં પ્રકાશનોની જેમ લોકપ્રિય અને સંસ્કારપ્રેરક થશે તેવી અમને શ્રદ્ધા છે.

અંતમાં, આજે જ્યારે દેશમાં નવનિર્માણના ગણેશ મંડાઇ ચૂક્યા છે અને આપણી ઉપર નવી નવી જવાબદારીઓ આવી પડી છે ત્યારે આ કથાઓ આપણી ધર્મબુદ્ધિને જાગ્રત કરી, આપણામાં નવી ચેતના ઉત્પન્ન કરી, આપણા જીવનપથની દીવાદાંડી બની રહે એજ અભ્યર્થના.

ખીમચંદ ચાંપશી શાહ
પ્રમુખ.

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | પૃષ્ઠ |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૧ |
| ૧ | ચંદનબાળા | [૧] |
| ૨ | સુલસા | [૧૭] |
| ૩ | મૃગાવતી | [૩૫] |
| ૪ | ચેલણા | [૬૩] |
| ૫ | પ્રિયદર્શના | [૯૧] |
| ૬ | જયંતી | [૧૦૫] |
| ૭ | માતા દેવાનંદા | [૧૧૫] |

જ્યારે આપણે જૈન નારીના સંબંધમાં વિચાર કરીએ ત્યારે હિંદુ નારી અને જૈન નારીને એકબીજાથી અલગ કરવા મુશ્કેલ છે. કેમકે બંનેમાં સામાજિક દૃષ્ટિએ અને ગુણ-શક્તિ-સ્વભાવની દૃષ્ટિએ ભાગ્યેજ કંઈક અંતર છે. પરંતુ આ વાસ્તવિકતા સિવાય ધાર્મિક ભિન્નતાને લીધે કયારેક એવું અંતર પડે છે કે જે તેમની ભિન્નતાને બતાવે છે. દાખલા તરીકે હિંદુધર્મમાં આશ્રમ વ્યવસ્થાને પ્રધાનતા આપવામાં આવી છે, પરંતુ જૈનધર્મ એકાશ્રમી વ્યવસ્થાને માને છે. પરિણામે ગૃહસ્થાશ્રમનું જે મહત્ત્વ હિંદુઓમાં છે તેવું જૈનોમાં ન હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. તેને લીધે નારીની સ્થિતિમાં પણ અંતર આવી જાય છે. આ રીતે ચતુર્વિધ સંઘના રૂપમાં જૈનધર્મ અને જૈન સમાજની કેટલીક વિશેષતાઓ છે. સાધ્વી અને શ્રાવિકાના રૂપમાં જૈન નારી ખાસ પ્રકારના વાતાવરણમાં રહે છે. જયારે સાધ્વી બનવાનો અવસર પ્રાપ્ત થાય છે ત્યારે જૈન નારી સર્વસ્વ છોડીને નિઃશંક ભાવે તે દીક્ષા લે છે. કોઇ જ પ્રકારનો મોહ તેને રોકી શકતો નથી. જૈન ધર્મ અને જૈન વાતાવરણની જૈન નારી પર આટલી અસર છે એટલે ઉપવાસ વગેરે વ્રતો જેટલી ઉત્કટતાથી દીક્ષિત સાધ્વી કરે છે, ગૃહસ્થ શ્રાવિકા પણ તેટલી જ સહજતાથી કરે છે.

卐

# नमन हो, हे महादेवी त्यागमूर्ति तपस्विनी

## પ્રસ્તાવના

ભગવાન મહાવીરે કરેલી ચતુર્વિધ સંઘની સ્થાપના, સંઘસમસ્તને તીર્થરૂપ માનીને "નમો તીત્થસ્સ" કહીને દેશનારંભે કરેલું સંઘનું બહુમાન અને લગભગ અઢી હજાર વર્ષની વિષમ કાળ–ખીણમાંથી સતત વહેતી આવેલી સંઘની પરંપરાગત ગૌરવગાથા, ભારતીય ઇતિહાસનો એક મોટો મહિમા છે. જૈનોની જેમ બૌદ્ધોમાં પણ સંઘની પ્રણાલિકા અને બહુમાન છે–સંઘનું શરણ રોજની પ્રાર્થનાની વસ્તુ ગણાય છે. બન્ને શ્રમણસંઘ નામથી ઓળખાય છે. પણ જૈન અને બૌદ્ધ સંઘ વચ્ચે મૌલિક તફાવત છે. બૌદ્ધ સંઘ ચતુર્વિધ નથી–એ બુદ્ધપ્રધાન સાધુઓનો જ છે. જૈન સંઘ શ્રમણપ્રધાન–જિનપ્રવચનપ્રધાન હોવા છતાં સાધુ–શ્રમણની સાથે સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો પણ એમાં સમાવેશ થઈ જાય છે. સાધુ અને સાધ્વી એટલે કે ત્યાગી–તપસ્વીઓની સાથે શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સંઘની પ્રતિષ્ઠામાં એક સરખા ભાગીદાર છે. શ્રમણયુગમાં વેદવિહિત ચાતુર્વર્ણ્યની પ્રથા તો સડીને સત્ત્વહીન બની ગઈ હતી. બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે સંઘર્ષણ શરૂ થઈ ગયું હતું. ઠેકઠેકાણે ધંધાદારીઓની શ્રેણીઓ અને વર્ગો ફૂટી નીકળ્યાં હતાં. ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વપ્રભુએ સંઘવ્યવસ્થા તો પ્રવર્તાવેલી પણ તે મહાવીર પ્રભુના સમય સુધી પહોંચતામાં, માત્ર ૧૫૦–૨૦૦ વર્ષના ગાળામાં જ છિન્નભિન્ન થઈ ગઈ હતી. પાર્શ્વપ્રભુના સમર્થ શ્રમણો અને કેશી જેવા સરળ અને ખુલ્લા દિલના ગણધર, મહાવીરના યુગમાં વિચરતા હતા. પણ પાર્શ્વપરંપરાની કેટલીક સાધ્વીઓ

પરિવ્રાજિકાઓ બની ચૂકી હતી. પાર્શ્વ અને મહાવીરના સમય વચ્ચે દેશભરમાં ભારે વિષમ તેમજ અંધાધૂંધીવાળી કટોકટી ઊભી થઈ હશે–ઈતિહાસમાં જેની નોંધ નથી મળતી : માત્ર પાર્શ્વપ્રભુના સંઘની મુમુર્ષુ માનવી જેવી દશા થોડો ઈસારો કરી જાય છે. મહાવીરના સમયમાં સંઘનો પુનરુદ્ધાર અનિવાર્ય હતો. એટલે કેવળજ્ઞાનની પ્રાપ્તિ સાથે જ મહાવીરે ચતુર્વિધ સંઘનો પાયો નાંખ્યો.

ચતુર્વિધ સંઘમાં સાધુ–સાધ્વી સિવાય ન ચાલે, પણ શ્રાવક-શ્રમણના ઉપાસકની શી જરૂર ? ઉપાસક નછૂટકે લેવા પડયા હોય તો પણ શ્રાવિકા–ઉપાસિકાની શી જરૂર હશે ? તત્કાલીન પરિસ્થિતિ અંગે એ જમાનાના ઘણાકોને એવી આશંકાઓ થઈ હશે. સંઘમાં શ્રાવકની સાથે શ્રાવિકાને પણ એટલું જ માનવંતું અને ઉચ્ચ સ્થાન એ એક મહાક્રાંતિકારી પગલું ગણાયું હશે. ખાસ કરીને જે વખતે નારીને મુક્તિમાર્ગની આડચરૂપ માનવાની પ્રથા પડી ગઈ હતી–ખરીદાયેલી દાસીઓ તો ઠીક પણ કુલનારીઓ પરિગ્રહની શ્રેણીમાં સમાઈ જતી–તે વખતે, સંઘમાં શ્રાવિકાને, શ્રાવક જેવું, સાધ્વી જેવું, સાધુ જેવું સ્થાન મળે એ શું સામાન્ય વાત છે ? કંચનની જેમ કામિની પણ એક બંધનરૂપ જ ગણાય. જેને કંઈ સ્વતંત્ર વ્યક્તિત્વ નહોતું–સાધકના પગમાંની બેડી જ ગણાતી તે સ્ત્રીને, ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘમાં સમાન દરજ્જે સામેલ કરીને શ્રમણ સંસ્કૃતિની લોકોપકારકતા, ઉદારતા અને વ્યવહારિકતા બતાવી આપી. સાધકોએ પોતાની જીવનભરની સાધના અને તપશ્ચર્યાનાં ફળ નારીનાં ચરણ પાસે દીન ભાવે ધરી દીધેલા હોવાની વાત કેવળ કલ્પનાવિલાસ નથી–એક વાસ્તવતા છે. નારી ભયસ્થાન તો હતું જ. નારી પ્રત્યે સકામ દૃષ્ટિએ ન જોવાની સાવચેતી વખતો વખત ઉચ્ચારાઈ છે. એને કેવળ નારીનિંદા ન કહેવાય. નારી વિશે નરના દિલમાં જે આસક્તિ રહેલી હોય છે તેને

જડમૂળમાંથી ઉખેડવાના એક પ્રયાસરૂપ એને ગણી શકાય. વખત જતાં વૈરાગ્ય અને નારીનિંદા પર્યાયવાચક બની ગયા. પણ વૈરાગ્યના મૂળમાં નારીની અવગણનાનું ખાતર ભરવું જ જોઇએ એવો નિયમ નથી, તેમ બીજા સોના–રૂપાના કે હીરા મોતીના અલંકારોની જેમ વૈરાગ્ય નારીના અંગ ઉપર ઓઢાડ્યો હોય તો જ દીપે એ માન્યતા બરાબર નથી. **ચતુર્વિધ સંઘમાં સાધ્વી અને શ્રાવિકાનું સ્થાન શ્રમણ સંસ્કૃતિએ સ્વીકારેલી નારીપ્રતિષ્ઠાનો નમૂનો છે.**

ભ. મહાવીરના સમકાલીન અને બૌદ્ધધર્મના સ્થાપક બુદ્ધ–દેવના સંબંધમાં એમ કહેવાય છે કે તેઓ પોતાના સંઘને સ્ત્રીના સંપર્કથી સાવ બચાવી લેવા માગતા હતા. મહાપ્રજાપતિ ગૌતમીની માગણીનો એમણે બે–ત્રણ વાર અસ્વીકાર કરેલો. સાધ્વીસંઘ સ્થાપવાની એમની ઇચ્છા જ નહોતી. આખરે પોતાના પ્રિય શિષ્ય આનંદના આગ્રહથી બુદ્ધદેવે પોતાનો નિર્ણય ફેરવ્યો. દીન અને દયાજનક વેશે આવેલી ગૌતમીને બૌદ્ધોના સાધ્વી-સંઘમાં અગ્રગણ્ય સ્થાન મળી ગયું. એટલું છતાં બુદ્ધદેવે હજારવર્ષ લગી ચાલવાની શકયતાવાળા બૌદ્ધસંઘમાં પાંચસો વર્ષની અંદર જ વિકૃતિના જીવાણુઓ પ્રવેશશે એવી બીક બતાવેલી. પાછળથી ભિક્ષુણીઓના જીવનમાં શિથિલતા મહામારીની જેમ જ પ્રવેશી. આવાં કેટલાંક કારણોને લીધે બૌદ્ધ સંઘની અગ્નિપરીક્ષા થઈ.

સદ્‌ભાગ્યે જૈન સંઘને શિરે, સાધ્વી અને શ્રાવિકાને સમાનતા મળવા છતાં એવી કોઈ આફત નથી ઊતરી. શિથિલતા અને ક્રિયો-દ્ધારના કૃષ્ણ–શુકલપક્ષ જેવા અંધારા અજવાળાં તો જૈન સંઘમાં પણ ઊતર્યાં છે, પણ શ્રમણસંઘ એટલો બડભાગી છે કે પુનરુદ્ધારકોએ કોઈની પણ શરમ રાખ્યા વિના વખતોવખત સંઘજીવનની શુદ્ધિ કરી વાળી છે. શ્રી હરિભદ્રસૂરિ જેવા એક તેજસ્વી – અભિમાનથી

ગર્જના બ્રાહ્મણ પંડિતને શ્રમણસંઘમાં જોડવાનું માન એક જૈન સાધ્વી–યાકિની મહત્તરાના ફાળે જાય છે. સૂરિજીએ પોતે પણ પોતાના ગ્રંથોમાં એ માતૃમૂર્તિ મહાદેવીને ભક્તિભાની અંજલી અર્પી છે હરિભદ્રસૂરિજી પણ પોતાના યુગના પ્રથમ પંક્તિના પુનરુદ્ધારક હતા.

ભ. મહાવીરના યુગની ઉપાસિકાઓમાં પ્રથમનામ ચંદનબાળાનું છે. એ જ સાધ્વીસંઘની મુખ્ય પ્રવર્તિની હતી. પણ ચંદનબાળા એકલી ઉપાસિકા જ નથી. એમના યુગની પ્રતિનિધિ પણ દેખાય છે. શ્રમણયુગની નારીઓનો ઇતિહાસ જાણે કે ચંદનબાળામાં પ્રતિબિંબ પામે છે. રાજમહેલમાં રહેનારી આ બાળા સંસારની ગડમથલોથી સાવ અજાણી હતી. એકાએક ચંપાપુરી ઉપર આપત્તિનાં વાદળ ચડી આવ્યાં ચંપાપુરીના નરેશ દધિવાહનના શિરે એના જ સગા સાઢુ–કૌશાંબીના શતાનિકનો અણધાર્યો પંજો પડ્યો. દધિવાહનનો રાજમુકુટ ધૂળમાં રગદોળાયો. એની પત્ની અને પુત્રી મહેલમાંથી નાસી છૂટ્યાં. એક ઊંટવાળાના હાથમાં એ બન્ને સપડાયાં. રાણી તો રસ્તામાં જ મૃત્યુ પામી. પુત્રી–વસુમતી કૌશાંબીની બજારમાં હરરાજીની વસ્તુ બની. ધનાવહ શેઠે ખરીદી. આ વસુમતી એ જ ચંદનબાળા. ઉપરાઉપરી દુર્ભાગ્ય અને યાતનાઓના પ્રહાર ખમતી ચંદનબાળા, છેવટે કેવી રીતે તપસ્વિનીઓમાં અગ્રેસર બની શ્રમણસંઘને અજવાળી ગઈ તે તો પુસ્તકમાં આલેખાયેલ એનું ચરિત્ર જ કહેશે.

આંધી, આકસ્મિક ક્રાંતિ કે ભાગ્યનો દુર્વિપાક કોઈ એક જ યુગની પેદાશ નથી. રાજપ્રકરણી આંધીઓ અને બીજી સ્વાભાવિક અંધાધૂંધીઓ વચ્ચે શ્રમણયુગની નારીઓ કેવી વિષમ અવસ્થામાંથી પસાર થઈ રહી હતી તેની કલ્પના ચંદનબાળાના ચરિત્રમાંથી

મળશે. ભ. મહાવીરે એ સામાજિક પ્રથાઓ અને અવારનવાર ચડી આવતી રાજકીય આંધીઓની અંદર રીબાતી–પીડાતી, પુરુષના પરિગ્રહની જેમ બજારમાં વેચાતી અને ઉત્થાન માગતી નારીજનનિની દુર્દશા જોઈ. ઘર કે મહેલની ચાર દિવાલો વચ્ચે માત્ર રમણી કે કામિની તરીકે પોતાનું જીવન વિતાવતી નારીજાતિમાં તપ અને સંયમનો જે છૂપો અગ્નિ ભર્યો હતો તે પણ એમને દેખાયો; શ્રાવિકા કે સાધ્વીના પૂરા સહકાર વિના સંઘ કેટલો અસહાય–અપંગ રહે એ પણ એમની કલ્પના બહાર નહિ હોય. એટલે જ સુયોગ્ય તક સાંપડતાં એમણે ચંદનબાળાને સ્વહસ્તે દીક્ષા આપી, સાધ્વીસંઘની ગંગા વહેતી મૂકી. શિસ્ત અને નિયમનમાં ચંદનબાળા એક તેજસ્વી નક્ષત્રની જેમ દીપી નીકળે છે.

રાજરાણીઓ, રાજકુંવરીઓ, ક્ષત્રિયાણીઓ અને વૈશ્યોની ગાથાપત્નીઓ પૈકી જે, મહાવીરના સંપર્કમાં આવવાનું સૌભાગ્ય મેળવી ચૂકી હતી. એટલું જ નહિ, પણ એમનાં વચન કે સિદ્ધાંત પ્રત્યે પૂરી આસ્થા ધરાવતી હતી તેમનાં નામ અને ગૌરવકથા આજે પણ થોડે ઘણે અંશે મળી આવે છે. એ સૌની ચંદનબાળા સમી સ્થિતિ હોય તો એમનાથી ઘણાં નીચા થરમાં રહેતી સ્ત્રીઓની શી દશા હશે? રાજવીઓ, અમાત્યો, સામંતો અને કુલીનો જે વખતે અમર્યાદ સત્તા અને લાગવગ ધરાવતા હશે, ધાડપાડુઓ અને એમના જ સગાભાઈ જેવા પાડોશી રાજવીઓ લાગ જોઈને રંક રૈયતને લૂંટતા હશે તે વખતે શિકારીના ભયથી ફફડતી હરિણીઓ જેવી જ આ દીન નારીસમુદાયની દશા નહિ હોય?

ભ. મહાવીરની લાંબા સમયની મૌન સાધનાએ આ અંધકાર ઉલેચવામાં કેટલો ભાગ ભજવ્યો હશે તેનો નિર્ણય થઈ શકતો નથી. ભગવાનના વ્યક્તિગત જીવન સાથે એ સામાજિક ઉદ્ધારને

બહુ લાંબી નિસબત ન હોવાથી એની હકીકતો પૂરતા પ્રમાણમાં સંગ્રહાઈ નથી, છતાં ક્યાંઈ ક્યાંઈ એનો આભાસ તો મળી જ જાય છે.

"એક દિવસે સાનુયષ્ટિક ગામમાં બાહુલા નામની દાસી પોતાના શેઠનાં વાસણ માંજતી હતી. ટાઢું તળિયે ચોંટેલું અન્ન ઉખેડીને ફેંકી દેતી હતી. એવામાં ચાર ઉપવાસ જેમને થયા છે એવા મહાવીર તે રસ્તે થઈને નીકળ્યા. દાસીએ તપસ્વીને જતાં જોઈને પૂછ્યું: "આપને આ ખપે?"

પ્રભુએ હાથ લંબાવ્યો. બાહુલાએ તળિયે ચોંટેલું ધાન્ય, ભગવાનના કરપાત્રમાં ધર્યું.

બાહુલા પોતે ભારે પુણ્યકાર્ય કરે છે એમ કદાચ નહિ જાણતી હોય, પોતે વિશ્વના એક સમર્થ, વંદનીય અને દેવોના પણ આરાધ્ય પુરુષને આહારદાન આપે છે એમ નહિ માનતી હોય, પરંતુ પોતાની દાસી–ખરીદાયેલી નારીના હાથથી આવું ભારે પુણ્યકાર્ય થયું એમ જાણીને ગૃહસ્વામીએ એને દાસીપણામાંથી મુક્ત કરી દીધી.

આવી રીતે ભગવાનનાં મૌન તપ તેમજ અપ્રતિબદ્ધ વિહારે કોણ જાણે કેટલાંય સ્ત્રી–પુરુષોના જીવનમાં સુખસૌભાગ્ય અને મુક્તિનો આનંદ ભરી દીધો હશે.

મહાવીર પ્રભુને આહાર કે ઔષધીદાન આપનારી સુભાગી ગૃહિણીઓ, એ રીતે, એમના સીધા સંપર્કમાં આવી અમર થઈ ગઈ. શ્રદ્ધા અને ભક્તિ વિના એ આહાર કે ઔષધીની કંઈ કીમત ન ગણાય. એટલે આહાર તથા ઔષધી આપી પોતાને કૃતકૃત્ય માનનારી એ નારીઓ પૂરેપૂરી નિર્મળ શ્રદ્ધાસંપન્ન હશે એ દેખીતું

છે. પોતાના યુગના મહાપુરુષને ઓળખવા, એમનામાં સંપૂર્ણ શ્રદ્ધા મૂકવી, નજીક યા દૂર વસવા છતાં એમના અંતરના તાર સાથે પોતાની સહાનુભૂતિના તાર જોડેલા જ રાખવા એ ઓછા પુણ્યની વાત નથી. સુલસા, શ્રદ્ધાવંત પુરુષો અને સ્ત્રીઓમાં પણ એક નિરાળી ભાત પૂરે છે.

સુલસા હતી તો એક સારથીની પત્ની. પણ ભગવાન મહાવીરના અંતરમાં એણે ખાસું સ્થાન મેળવી લીધું હોય એમ જણાય છે. ન છૂટકે જ વાણીનો વ્યય કરનાર મહાવીર, કોઇ રાજાધિરાજને કે મહારાણીને નહિ, કોઈ પરાક્રમી કે તપસ્વીને નહિ, પણ બિંબિસાર મહારાજાના અનુચર–સારથી નાગની ભાર્યા સુલસાને ધર્મલાભ મોકલે છે. ભ. મહાવીરના તે જમાનાના વિશાળ સમુદાયમાં કોઇને પણ મીઠી ઈર્ષા આવે એવી આ વસ્તુ છે. સુલસા બહુ આગળ પડતી નારી નથી લાગતી. માત્ર ગૃહિણી જ છે. બત્રીસ–બત્રીસ પુત્રોની જનની હોવાથી, ઘરના કામકાજમાંથી ઊંચુ માથું પણ કદાચ નહિ કરી શકતી હોય. પણ એથી શું થયું ? ઘરના એકાંત ખૂણામાં વસવા છતાં એનું અંતર તો મહાવીરનાં ચરણોમાં જ રમતું. મહાવીર સિવાય વિશ્વનો મિત્ર કે હિતૈષી બીજો કોઇ હોઈ શકે નહિ એમ તે માનતી. નિર્દંભપણે, અનન્યભાવે એ ભગવાન મહાવીરની આજ્ઞાને અનુસરવા મથતી. સુલસા ભલી–ભોળી અને નમ્ર હોવા છતાં શ્રદ્ધાની બાબતમાં સુમેરુ સાથે સ્પર્ધા કરતી અને અડગ શ્રદ્ધા જ સુલસારૂપી સુમેરુનું સોનેરી શિખર હતું. એક પરિવ્રાજકે એ સુલસાને ભોળવવા ઘણી ઘણી યુક્તિ–પ્રયુક્તિઓ કરી. પણ ભ. મહાવીર સિવાય બીજા કોઇના ચરણમાં શિર ઝુકાવવાની એણે સાફ ના પાડી દીધી. પુષ્કળ પાખંડીઓ અને ઇંદ્રજાલિકોના એ જમાનામાં કોઇ સાવધ પુરુષ પણ ભરમાઈ જાય એવી સ્થિતિ હતી. સુલસા અડગ અને અણનમ હતી. આવો આગ્રહ અને આવી અડગતા,

નિર્મલ દૃષ્ટિ વિના નથી સંભવતાં. સુલસાના સદ્‌ભાગ્યે એને એ દૃષ્ટિ વરી હતી. સુલસા એટલે જ્ઞાન અને શ્રદ્ધાનો સમન્વય. સુલસા એટલે સાદાઈ અને ભવ્યતાનો સુમેળ. આવી નારીને, ભગવાન મહાવીર જેવા દીર્ઘતપસ્વી ધર્મલાભથી સન્માને એમાં આશ્ચર્ય નથી.

શ્રમણસંઘના ગગનપટને પોતાની સ્નિગ્ધ–સુકુમાર દીપ્તિથી છાઈ દેતી, સુલસા, ચંદનબાળા, મૃગાવતી અને ચેલણા જેવી તેજસ્વિની નારીઓના આકાશગંગા જેવા ઉજળા પ્રવાહમાં દેવાનંદા પ્રિયદર્શના જેવી તારિકાઓ એવી સંતાઈ જાય છે કે એને શોધી કાઢવી મુશ્કેલ થઈ પડે છે. ભ. મહાવીરની સાથે જેને સીધો રક્તનો સંબંધ હતો તે જ, ચરિત્રોના આ ગહનવનમાં ક્યાંઈક જાણે કે ખોવાઈ જાય છે. દેવાનંદા માતા (૮૨ દિવસ સુધી ભગવાનના દેહને પોતાના ઉદરમાં ધારણ કરનાર દેવી) મહાવીરના ચરિત્રમાં ચમકી જાય છે, પણ દૈન્યમૂર્તિ જેવી દેખાતી એ માતાના અંતરમાં કેવા કોમળ અને ભવ્ય ભાવો ઉભરાતા હશે તેની કલ્પના થઈ શકતી નથી. પ્રિયદર્શનામાં ક્ષાત્રવટનું પાણી દેખાય છે. એના સ્વામીનો ચંચળ અને ઉદ્દામ સ્વભાવ પ્રિયદર્શના ઉપર છાયા ઢાળી જાય છે. ભ. મહાવીરના શાસનથી જૂદી પડતી આ કિશોરી કેવી મનોવ્યથા વેદતી હશે ? એક તરફ પતિ અને બીજી તરફ પિતા–બન્નેના આકર્ષણ વચ્ચે એ અતિ મુંઝવણ અનુભવતી હશે. ઘડીભર જૂદા જ માર્ગે–ભારે મોજાના ધસારાથી તણાતી દેખાય છે. પણ એનું સ્વચ્છ અને ઉન્મુક્ત હૃદય અચાનક એની વહારે આવે છે. એક સામાન્ય કુંભાર સાથેનો સંવાદ એને શુદ્ધ દૃષ્ટિકોણ આપે છે અને સત્ય જેવું સમજાયું કે તરત જ ભૂખ–તરશ કે આરામની લેશ પણ પરવા કર્યા વિના પરમ પિતા મહાવીર પાસે પહોંચી પોતાની ભૂલની ક્ષમા માગી લે છે.

મૃગાવતી કૌશાંબીની મહારાણી હતી. આ કૌશાંબીના મહા-

રાજાએ જ ચંપાનગરી એક દિવસે લૂંટી હતી. ચંપા ઉપર આક્રમણની જે આંધી કોતરી આવી હતી તેમાંથી જ ચંદનબાળા જેવું સ્વર્ગીય પુષ્પ ભ. મહાવીરના ચરણ પાસે આવી ચડ્યું હતું. આ કૌશાંબી ઉપર અને ખાસ કરીને મૃગાવતીના રૂપલાવણ્ય ઉપર ઉજ્જૈનીના ચંડપ્રદ્યોતની કામદૃષ્ટિ પડી. અસહાય–અનાથ મૃગાવતી ચંડપ્રદ્યોત સામે થઈ શકે એવી સ્થિતિમાં નહોતી, છતાં ધૈર્ય અને ચાણાક્ય બુદ્ધિથી મૃગાવતીએ આફતનો સામનો કર્યો. પોતે નિષ્કલંક રહીને કૌશાંબીને બચાવી લીધું. ચંડપ્રદ્યોતને શરમાવી પાછો વાળ્યો.

આમ પરસ્પરમાં આક્રમણ કરતા, એ યુગના મહાન રાજવીઓ એક બીજાને બહુ નહિ ઓળખતા હોય એમ લાગે. પણ વસ્તુતઃ તેઓ નિકટના સંબંધીઓ હતા. રાજઐશ્વર્ય અને રમણીઓના સૌંદર્યનો મોહ એમને ઉન્મત્ત બનાવી મૂકતો. અંગદેશ ઉપરના મગધના આક્રમણમાં, શતાનિક અને દધિવાહનના સંગ્રામમાં, ચંડપ્રદ્યોત અને સિંધુ–સૌવીરના ઉદયનના એક દાસી માટેના વિગ્રહમાં આ નર્યા ઉન્માદ સિવાય બીજી કોઇ નીતિ નથી દેખાતી. પ્રજા ભલે સમૃદ્ધિશાલી અને પુરુષાર્થવાળી હોય, પણ મહારાજાઓની આ સાઠમારીમાં સહિસલામતી કે નિશ્ચિંતતા જેવી વસ્તુ તો માત્ર શબ્દકોષમાં જ હશે. ભ. મહાવીર અને બુદ્ધદેવના ઉપદેશના પ્રતાપે રાજા તથા પ્રજાના, અતુલ ઐશ્વર્યમાંથી પરિણમતા સ્વેચ્છાચાર, કુલાભિમાન તથા પરપીડન ઉપર અંકુશો તો જરૂર મુકાયાં હતાં: ભોગ–ઐશ્વર્ય અને અધિકારની ક્ષણિકતા પણ એમને સમજાઈ હતી, પરંતુ સંસ્કારોનું ધરાતળ બહુ સમુન્નત નહોતું. એટલું છતાં ચંદનબાળા જેવી એક રાજપુત્રીનું ધૈર્ય, સુલસા જેવી સારથી ગૃહિણીની અડગ શ્રદ્ધા, મૃગાવતી તથા ચેલણા સમી પટરાણીઓની અંતઃશુદ્ધિ, ધરાતલની અંદર વહેતા સંસ્કારિતાના નિર્મળ જળની

આપણને પ્રતીતિ આપી જાય છે. કોઈ પણ રાષ્ટ્રની એ ખરી ચિરંતન સમૃદ્ધિ છે.

ભ. મહાવીરના શાસનમાંના છત્રીસ હજાર સાધ્વીઓ અને ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓના સમુદાયમાંથી, માત્ર ગણીગાંઠી ઉપાસિકાઓના જ છૂટાછવાયાં ચરિત્રો મળે છે. તારલાથી ખચિત ગગનમાં પાંચ–પચ્ચીસ ચમકતા તારાઓની પિછાન અત્યારે તો ગગનમંડળના અવગાહન જેવી બની રહે છે.

બૌદ્ધ સાહિત્યમાં આવી સાધ્વીઓ–ભિક્ષુણીઓ જેમને 'થેરી' અથવા સ્થવિરા કહેવામાં આવે છે તેમનાં ૭૫ જેટલાં નાનાં–મોટાં જીવનચરિત્રો મળે છે. થેરી–ગાથામાં જ એ સંગ્રહાયાં છે. ઐતિહાસિક સંશોધન તેમજ સામાજિક ક્રમવિકાસના અભ્યાસીઓએ, ભ. મહાવીરના યુગની આ સાધ્વીઓનાં ચરિત્રો સાથે બૌદ્ધ સ્થવિરાઓનાં જીવન સરખાવવા જેવાં છે. આ થેરીઓનાં ચરિત્રોની વિશેષતા એ છે કે લગભગ બધી જ સાધ્વીઓએ પોતાનાં ચરિત્રો આત્મનિવેદન રૂપે સરળ ગાથામાં ગુંથ્યાં છે. એમણે પોતાના સંસારી જીવનની ગ્લાનિ કે શરમ ઉપર ઢાંકપિછોડો નથી કર્યો. આમાંની કેટલી સાધ્વીઓ બુદ્ધદેવના સીધા સંપર્કમાં આવી હશે તે નક્કી કરવું મુશ્કેલ છે. ભ. મહાવીરના સંપર્કમાં આવેલી જૈન સાધ્વીઓ કરતાં બૌદ્ધ થેરીઓની સામાજિક સ્થિતિમાં થોડી તરતમતા દેખાઈ આવે છે. સામાજિક જીવનની થોડી વાસ્તવિકતાઓ પણ એમાંથી મળે છે.

ભ. મહાવીરની શ્રાવિકાઓ અને સાધ્વીઓ સમાજના ઉચ્ચા થરમાંથી આવી હોય એમ તુલનાત્મક દૃષ્ટિએ લાગે છે. ભ. મહાવીર પહેલાં પાર્શ્વપ્રભુનું શાસન હતું એ વાત કહેવાઈ ગઈ છે. એટલે જૈન સંસ્કારો ઉચ્ચ ગણાતા કુળોમાં, કરમાયેલા ફૂલની સુવાસની

જેમ રહી ગયા હતા. બૌદ્ધ થેરીઓ બહુ સામાન્ય સ્થિતિમાંથી બહાર આવી હોય એમ જણાય છે. જૈનસંઘમાં પણ આવી સ્થિતિવાળી શ્રાવિકાઓ અને સાધ્વીઓ હશે, પણ એમનાં ચરિત્રો કદાચ ન સંગ્રહાયાં હોય–વિસ્મૃતિમાં ડૂબી ગયાં હોય. મહાવીરના જીવન સાથે સંપર્ક ધરાવતી શ્રાવિકાઓ કે સાધ્વીઓનાં ચરિત્રો જ મહાવીરચરિત્રના એક અંગ તરીકે જળવાઈ રહ્યાં હોય. ગમે તેમ, પણ શ્રમણયુગના ઇતિહાસ–ફલક ઉપર આ થેરીઓ ઇંદ્રધનુષ્યનાં રંગ છાંટી જાય છે. થેરીઓમાં કોઈક રક્તરંગી, નીલરંગી, તેજસ્વિની, તો કોઈ મ્લાન તારિકા જેવી ઝબકે છે. કોઈ પોતાના ભાગ્યદોષે લજ્જિત, કોઈ અત્યાચારપીડિત, કોઈ સમાજથી ઉપેક્ષિત–તિરસ્કૃત, તો કોઈ ઊંડા શોકમાં સંતપ્ત જણાય છે. અહીં માત્ર બે–ચાર દૃષ્ટાંત બસ થશે: આ ઉપરથી જૈન શ્રાવિકાઓનાં અને, ખાસ કરીને, તત્કાલીન સમાજનાં મધ્યમ અને નીચલા સ્તરની સ્ત્રીઓનાં જીવનની ઝાંખી થશે.

પટાચારા બૌદ્ધ સાધ્વી હતી. સંસારી અવસ્થાનું નામ જણાયું નથી. એક કથાનો વિષય બની શકે એવી આ થેરીની હકીકત છે. શ્રાવસ્તી નગરીમાં એક શેઠને ઘેર એનો જન્મ થયો હતો. લગ્નને યોગ્ય વય થતાં, માતપિતાએ એનો સંબંધ એક વણિકકુમાર સાથે યોજ્યો. પણ તે પહેલાં બીજા એક યુવકના પ્રેમથી આકર્ષાઈ, છાનીમાની ઘરમાંથી નાસી છૂટી. સ્વામી પાસે કંઈ સંપત્તિ નહોતી–દૂર દેશમાં રહીને ભારે દુઃખમાં દિવસો વ્યતીત કર્યા. પટાચારા એક પુત્રની માતા બની. આખરે માતપિતાની છાયામાં જઈને વસવાની વૃત્તિ બળવાન થતાં પટાચારાએ પોતાના સ્વામીને સમજાવવા પ્રયત્ન કર્યો. પતિએ કહ્યું કે "તારી બીજી વારની પ્રસૂતિ થઈ જાય પછી આપણે તારા માતપિતા પાસે જઈશું" એ પ્રસંગ પણ નિર્વિઘ્ને પાર પડ્યો. પટાચારા પોતાના

બે પુત્રો અને સ્વામીની સાથે, પિયર જવા નીકળી. રસ્તામાં સ્વામીને સર્પ કરડયો–પટાચારા વિધવા બની. શોકવિહ્વળ પટાચારા પોતાના બે પુત્રોની સંભાળ લઈ શકી નહિ, એટલે બન્ને બાળકો પણ મૃત્યુની ગોદમાં સૂતા. પટાચારા ગાંડી જેવી બની ગઈ. માંડમાંડ શ્રાવસ્તી પહોંચી. પણ ત્યાં પહોંચ્યા પછી જણાયું કે આગલે દિવસે જ વરસાદ અને પવનનું ભારે તોફાન થવાથી, જૂનું ઘર પડી ભાંગ્યું હતું અને એના કાટમાળ નીચે મા–બાપ તથા ભાઈ દટાઈને પરલોક સીધાવ્યા હતા.

પટાચારા હવે ઉન્માદિની નારીની જેમ આક્રંદ કરતી, શ્રાવસ્તીની શેરીઓમાં રખડવા લાગી, ફરીફરીને એ એક જ વાત કરતી:

**उभे पुत्त कालं कता पंथे मह्यं पति मतो ।**
**माता पिता च भाता च एकचितकस्मिं उह्यरे ॥**

એટલામાં શ્રાવસ્તીમાં બુદ્ધદેવનું આગમન થયું. પટાચારાએ બુદ્ધદેવનું શરણ લીધું. આ શોકસંતપ્ત સ્ત્રીને બુદ્ધદેવે ટૂંકામાં કહ્યું:

**यो च वस्ससतं जीवे अपस्सम् उदयव्ययम् ।**
**एकाहं जीवितं सेय्यो पस्सतो उदयव्ययम् ॥**

જન્મ અને મૃત્યુ જેણે જોયાં–જાણ્યાં નથી તે ભલે સો વર્ષ જીવે. પણ જન્મ–મૃત્યુ જાણનાર, સમજનાર એક દિવસ જીવે તો પણ સાર્થક છે.

પટાચારા જાણે કે પુનર્જન્મ પામી : એનો શોક–સંતાપ શમી ગયો. પછી તો પટાચારાની વાણીમાં એવી જાદુઈ

શકિત આવી કે ભલ ભલી શોકસંતપ્ત સ્ત્રીઓ પટાચારા પાસે પહોંચતાં પોતાનું બધું દુઃખ ભૂલી જતી.

ઇસિદાસી (ઋષિદાસી) નામની થેરી પોતે જ પોતાની કહાણી કહે છે:

ઉજ્જૈનીના એક શેઠની હું લાડીલી પુત્રી હતી. મારા પિતાએ મને સારૂં કુળ તથા વર જોઇને પરણાવી. સાસુ–સસરા સજ્જન હતાં. હું પૂરેપૂરી નિષ્ઠાથી પતિભક્તિ કરતી. સવારે વહેલી ઊઠીને ઘરનાં બધાં કામ આટોપતી–મજૂરી કરતાં મને થાક નહોતો લાગતો. સૌને રાજી રાખતી. કટુ વેણ મોમાંથી રખે નીકળી જાય એવી બીકથી બહુ બોલતી નહોતી, છતાં પતિનો પ્રેમ મેળવવા હું ભાગ્યશાળી ન થઇ. પતિએ મારો ત્યાગ કર્યો. દુઃખની મારી હું બીજી વાર પરણી. એક મહિના પછી એ પણ મારો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. ત્રીજી વાર એક સંયમી ભિક્ષુક અમારા આંગણે આવી ચડયા. મારા બાપાએ એનાં ચીવર તથા ઘડો છોડાવી (એટલે કે ભિક્ષુકનો વેષ છોડાવીને) મારો હાથ એને સુપ્રત કર્યો. એ પણ થોડા દિવસે પોતાનું ચીવર તથા ઘડો લઇને માર્ગે પડ્યો. ત્રણ–ત્રણ વાર લગ્નમાં નિરાશ થયા પછી મને ખાત્રી થઇ કે પૂર્વના પાપકર્મ ક્ષીણ ન થાય ત્યાં સુધી સુખની આશા રાખવી નકામી છે. છેવટે મેં બૌદ્ધ સાધ્વીસંઘમાં દીક્ષા લીધી.

કેટલીક થેરીઓને એમના પતિદેવો મારતા–ઝૂડતા અને બજારની વસ્તુની જેમ વેચતા એવી મતલબના એકરારો પણ આ થેરીગાથામાં છે. સુમુક્તિકા થેરીનું જીવન એવા પ્રકારનું જ હતું.

કુંડલકેશા–ભદ્રાની વાત જરા વિચિત્ર છે. બૌદ્ધોમાં એ પુરાણુનિગંથીના નામથી પ્રસિદ્ધ છે. જૈનો અને બૌદ્ધો વચ્ચે એ વખતે

ઠીક ઠીક હરિફાઈ હશે. બૌદ્ધ કે જૈન બનવાની સૌ કોઈને પૂરી સ્વતંત્રતા પણ હશે. કુંડલકેશા પ્રથમ જૈન હોય, અને પાછળથી બૌદ્ધ સંઘમાં ભળી હોય તો સંભવિત છે. એ પોતે જ કહે છે.

दिवा विहारा निक्खम्म गिज्झकूटम्हि पब्बते ।
अद्दसं विरजं बुद्धं भिक्खुसंघपूरक्खतं ॥

निहच्च जानुं वन्दित्वा संमुखा पंजलि अहं ।
एहि भद्देति अवच सा मे आस्सूपसंपदा ॥

"એક દિવસે વિહારમાંથી નીકળી ગૃદ્ધકૂટ પર્વત ઉપર જતી હતી ત્યાં ભિક્ષુસંઘની આગળ બુદ્ધદેવને જતા જોયા. મેં એમને ઘુંટણભર નમીને પ્રણામ કર્યા. "ભદ્રા, ભલે આવી !" એમ કહીને એમણે મને સત્કારી અને દીક્ષા આપી." પછી તો ભદ્રા પોતાના વિહારનું વર્ણન કરતાં કહે છે કે ઘણે "ઘણે સ્થળે ભમી છું. અંગ–મગધ–કાશી–કોશલ તથા વજ્જીઓના પ્રદેશમાં, માર્ગમાં ભીખ માગતી, ફરી છું."

થેરી–ગાથામાં આ ભદ્રાનું જે ચરિત્ર આપવામાં આવ્યું છે તેનો સારાંશ જ અહીં આપ્યો છે.

રાજગૃહીના એક શેઠને ત્યાં ભદ્રા જનમી હતી. પોતે શ્રેષ્ઠિપુત્રી હોવા છતાં એક પુરોહિતના પુત્રને પરણી હતી. ભાગ્યદોષે એ બ્રાહ્મણ યુવાન દુરાચારી નીકળ્યો. ચોરીના ગુન્હામાં પકડાયો. ભદ્રાએ પોતાના બાપને કાલાવાલા કરી, દંડ ભરી દઈને યુવાનને છોડાવ્યો. અધિકારીઓને ભારે રકમની લાંચ પણ આપવી પડી.

યુવાનનું નામ સથ્થૂક સથ્થૂકે એક દિવસે ભદ્રાને કહ્યું કે : "હું જ્યારે ચોરીના અપરાધમાં પકડાયો હતો ત્યારે મેં માનતા કરી હતી કે જો છૂટીશ તો ડુંગરના શિખર ઉપર આવેલા મંદિરમાં

નૈવેદ્ય ધરીશ, તો આપણે આજે રાત્રે ત્યાં જઈને નૈવેદ્ય કરી આવીએ."

ભોળી ભદ્રા વસ્ત્રાલંકાર પહેરીને તૈયાર થઈ. પણ રસ્તે જતાં એને જાણ થઈ કે નૈવેદ્યનું તો માત્ર બાનું જ હતું. સથ્થૂક ભદ્રાનાં ઘરેણાં–લૂગડાં ઉતારીને–ભદ્રાને ઊંડી ખીણમાં ધકેલીને નાસી છૂટવા માગતો હતો.

ભદ્રા કરગરીને, સથ્થૂકને કહેવા લાગી :

"આ વસ્ત્ર–અલંકારો જે જોઈતાં હોય તે લઈ જાઓ, પણ મને જીવતી જવા દો."

સથ્થૂક ન માન્યો. એ તો ભદ્રાનો વધ જ કરવા માગતો હતો. આખરે ભદ્રાએ યુક્તિ કરી–કહ્યું :

"ભલે આપને ફાવે તેમ કરો. પણ મને એક વાર તમારાં ચરણમાં પડીને નમસ્કાર કરી લેવા દો."

સથ્થૂકની અનુમતિ મેળવી, ભદ્રા પગમાં પડી તો ખરી પણ સથ્થૂકને ગફલતમાં રાખીને એવો ધક્કો માર્યો કે એ પોતે જ ડુંગર ઉપરથી ઊંડી ખીણમાં ગબડી પડયો. ભદ્રા દોડીને ઘર ભેગી થઈ ગઈ. ટીકાકાર ધર્મપાલ, આ ચરિત્રની સમીક્ષા કરતાં કહે છે :

**न सो सब्बेसु ठानेसु पुरिसो होति पंडितो ।**
**इत्थि वि पंडिता होति तत्थ तत्थ विचक्खणा– ॥**


પુરુષો જ બધે પંડિત હોય એમ નથી બનતું–સ્ત્રી પણ પંડિત અને વિચક્ષણા હોઈ શકે છે.

આ ગ્રંથમાં આલેખાએલી ઉપાસિકાઓમાં જ શ્રમણ યુગનું સમસ્ત ચિત્ર નથી સમાઈ જતું. બૌદ્ધ સ્થવિરાઓના સંસારી તેમજ વિરક્ત જીવનના વાસ્તવિક રંગો પૂરાય તો જ ભ. મહાવીરનો યુગ કંઈક સમજાય. એ દૃષ્ટિએ જ આટલો વિસ્તાર કર્યો છે.

શ્રમણયુગના આરંભમાં અમાવાસ્યા જેવા અંધારપટ ઉપર જે સમર્થ ક્ષત્રિયકુમારે ત્યાગ–આત્મસમર્પણ અને વિશ્વમૈત્રીનાં પ્રકાશકિરણ પાથર્યાં તેઓ તો વિશ્વવંદ્ય છે જ અને રહેવાના, પણ જે મહાનસ્ત્રીઓએ સંસારમાં રહીને કે ત્યાગમય જીવન અંગીકાર કરીને સંયમ–વિરાગની શાશ્વતી સુવાસ રેલાવી તેઓ પણ આપણી ભક્તિ, શ્રદ્ધા અને વંદનને યોગ્ય છે. એમને ઉદ્દેશીને આપણે અત્યારે માત્ર આટલું જ કહી શકીએ :—

મનુની ફૂલવેલીએ મ્હોરેલી માતૃમંજરી

નમન હો, હે મહાદેવી ત્યાગમૂર્તિ તપસ્વિની !



# ૧. ચંદનબાળા.

મહાવીર પ્રભુના સાધ્વીસંઘમાં, આર્યિકા બનવાનું પ્રથમ અહોભાગ્ય ચંદનબાળાને પ્રાપ્ત થયું હતું. ગૌતમ બુદ્ધદેવના સંઘમાં એવું સદ્‌ભાગ્ય મહાપ્રજાપતિ ગૌતમીને મળ્યું હતું. જૈનોનો સાધ્વીસંઘ અને બૌદ્ધોનો ભિક્ષુણીસંઘ લગભગ એક જ યુગધર્મ અને શ્રમણસંસ્કૃતિની બે પ્રાણવાન શાખાઓ હતી. બે રાજકુંવરીઓની અદ્‌ભુત અને રોમાંચક આહૂતિમાંથી જ જાણે કે બે દીપશિખાઓ પ્રકટી અને દેશ-દેશાંતરમાં તેનો પ્રકાશ ફરી વળ્યો.

બૌદ્ધોના ભિક્ષુણીસંઘના સંબંધમાં એમ કહેવાય છે કે મહાપ્રજાપતિ ગૌતમી કે જે ગૌતમ બુદ્ધનાં સાંસારિક સગપણને અંગે માશી અને સાવકી મા ગણાતાં હતાં તેમણે ગૌતમ બુદ્ધ પાસે ધર્મપંથમાં પ્રવેશવા અરજ કરેલી ત્યારે ગૌતમદેવે એનો ઈનકાર કર્યો હતો. કપિલવસ્તુમાં એ વાત થઈ ગયા પછી એક દિવસે વળી મહાપ્રજાપતિ, વૈશાલીમાં બુદ્ધદેવ પાસે આવ્યાં. એ વખતે એમનો દેખાવ, કોઈપણ માનવીના અંતરમાં દયા અથવા અરેરાટી ઉપજાવે તેવો હતો. મહાપ્રજાપતિ ગૌતમીએ માથાના વાળ મુંડાવી નાખ્યા હતા-ચાલી ચાલીને એમના પગ સૂઝી ગયા હતા, શરીર ધૂળથી રગદોળાઈ ગયું હતું અને નિત્ય પ્રસન્ન રહેવાવાળા મોં ઉપર ઉદાસીનતાની ગાઢ શ્યામતા ફરી વળી હતી. ગૌતમ બુદ્ધના પટ્ટશિષ્ય જેવા આનંદ ભિક્ષુએ એ દૃશ્ય જોયું અને આવા દીન-કંગાળ વેષનું કારણ પૂછયું. મહાપ્રજાપતિ ગૌતમીએ ખુલાસો કર્યો: જ્યાં સુધી ગૌતમબુદ્ધ

એમના ધર્મમાર્ગમાં દીક્ષા લેવાની અનુમતિ નહિ આપે ત્યાં સુધી પોતાને ચેન કે આરામ નહિ મળે.

કેટલીક મુશ્કેલીને અંતે ગૌતમબુદ્ધને આનંદે સમજાવ્યા અને મહાપ્રજાપતિને ભિક્ષુણીસંઘનું બીજ વાવવાનું ગૌરવ મળી ગયું. ભિક્ષુણીસંઘને લીધે બૌદ્ધધર્મને એક દિવસે બહુ સહન કરવું પડશે એમ ગૌતમબુદ્ધે માનેલું અને તેથી જ ભારે આગ્રહ અને વિનવણીને અંતે એમણે સંકોચાતા દિલે મહાપ્રજાપતિને પરવાનગી આપેલી–ભિક્ષુણીસંઘ માટે આકરામાં આકરા નિયમોની યોજના કરેલી.

ભ૦ મહાવીરના પ્રથમ દર્શન પામી તે વખતે ચંદનબાળાની પણ લગભગ મહાપ્રજાપતિ ગૌતમી જેવી જ શોચનીય સ્થિતિ હતી. ચંદનબાળાનું, કાળા વાદળને પણ શરમાવે એવા કેશકલાપથી હંમેશાં શોભતું મસ્તક મુંડાવેલું હતુંઃ એના પગમાં લોઢાની ભારે બેડીઓ પડેલી હતી. હાથીએ છૂંદેલ કમલવનની જેમ ભૂખ ને તરસને લીધે એનું સુકુમાર વદન છેક કરમાયેલું હતું. પ્રભુ મહાવીરના હાથથી દીક્ષા પામવાનો અધિકાર પામતાં પહેલાં ચંદનબાળાને ઘણી આકરી અગ્નિપરીક્ષામાંથી નીકળવું પડ્યું હતું. પરંતુ ચંદનબાળાને દીક્ષા આપવામાં ભગવાને આનાકાની કરી ન હતી કે સંકોચ અનુભવ્યો ન હતો.

× × ×

ચંદનબાલા મૂળ તો વસુમતી નામની રાજકુંવરી હતી. ચંપાનગરીના રાજવી–દધિવાહનની લાડીલી પુત્રી હતી. ચંપાપુરીના અંતઃપુરમાં વસનારી, વૈભવ અને સમૃદ્ધિના કલ્લોલમાં સતત સ્નાન કરવાને ટેવાયેલી આ કુંવરીએ ટાઢ–તડકો નહોતો જોયો.

કોઈ દિવસે દુઃખ અથવા આફતની ધીખતી ભઠ્ઠીમાંથી નીકળવું પડશે એવી તો કદાચ એ બાલિકાને કલ્પના સરખી પણ નહિ આવી હોય.

ચંપાપુરી અને રાજગૃહી જેવી સુખી અને ભક્તિભાવવાળી નગરીઓ તરફ ભ૦ મહાવીરને પણ કંઈક વધુ ભાવ હોય એમ લાગે છે. કદાચ લોકકલ્યાણ સાધવાની ત્યાં અધિક અનુકૂળતા મળતી હશે. વિહાર દરમિયાન ઘણીવાર ભગવાન મહાવીરના પગ રાજગૃહ કે ચંપા તરફ વળતા જણાય છે અને દૃષ્ટાંતોમાં પણ ભગવાન કોઈ કોઈ વાર ચંપાપુરીનો નિર્દેશ કરે છે. ભ૦ મહાવીર અને ગૌતમ બુદ્ધને પણ આ પ્રદેશ પ્રત્યે થોડી મમતા જરૂર હોવી જોઈએ.

ચંપાપુરી અંગદેશની રાજધાની હતી. રાજગૃહી મગધની રાજધાની હતી. બન્ને દેશો પાસેપાસે હતા. પણ પાડોશી રાજ્યોમાં અને સમકાલીન રાજાઓમાં પરસ્પર સ્નેહ—સદ્‌ભાવનો સદંતર અભાવ હોય એમ જણાય છે. આ રાજાઓ સગપણસૂત્રથી પરસ્પરમાં બંધાયેલા હતા પણ સ્નેહ કે સૌહાર્દની ગાંઠ હજી નહોતી બંધાઈ. અંગ ઉપર મગધરાજની કરડી આંખ રહ્યા કરતી. પાછળથી મગધરાજ અંગને ગળી ગયેલા એવો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.

એક દિવસે ચંપા ઉપર યુદ્ધની આકસ્મિક આંધી ઊતરી પડી. એ જમાનામાં આવી આંધીઓ, ઉન્હાળાના અને ચોમાસાના વાયુ અને વરસાદના તોફાનોની જેમ અને સ્વાભાવિક જ ગણાતી હશે. મહારાજા દધિવાહન સાવચેત બને અને દુશ્મનોનો સામનો કરે તે પહેલાં જ કૌશાંબીનું સૈન્ય તીડના ટોળાની જેમ ચંપાપુરી ઉપર તૂટી પડ્યું.

ચંપાપુરી લૂંટાઇ–કૌશાંબીના સૈન્યના પગ નીચે છુંદાઇ. નાગરિકો ઘરબાર મૂકી નાસી છૂટ્યા. જે કેટલાકો પકડાયા તેમને કૌશાંબીની બજારમાં વેચવા સારૂ, સૈનિકોએ પકડી લીધા. ચંપા-નગરીની રાણી ધારિણી અને રાજકુંવરી વસુમતી, કૌશાંબીના એક ઊંટવાળાના હાથમાં સપડાઇ ગયાં. રાણીને અને રાજકુંવરીને કૌશાંબીની બજારમાં વેચવાથી સારું મૂલ્ય મળશે એમ માની ઊંટવાળાએ પકડીને એમને ઊંટ ઉપર નાખ્યાં. ઊંટવાળો રાજ-માતાને કે રાજકુંવરીને નહોતો ઓળખતો. એણે તો રૂપ ને લાવણ્યના બે અંબાર જોયાં, અને એક વેપારી પોતાના માલને ઊંટ ઉપર લાદે તેમ આ ઊંટવાળાએ વેચવાની વસ્તુ તરીકે આ માતા તથા પુત્રીને સંભાળીને ઊંટ ઉપર ખડક્યા.

આફ્ત ભયંકર હોય છે, પણ જેમને જીવનમાં નાની સરખી અગવડનો, સામે ચાલીને સામનો કરવાનો પ્રસંગ જ નથી મળ્યો તેમને ખુદ આફ્ત કરતાં પણ આફ્તની આશંકા વધુ બેચેન બનાવી દે છે. માતા અને પુત્રી–ધારિણી અને વસુમતી માટે અહીં એકધારો ભય સામો ઊભો હતો. માતા ભયથી વિહ્વલ બની માર્ગમાં જ મૃત્યુ પામી. વસુમતી અનેરી માટીથી ઘડાયેલી હતી. ભયની સામે પણ પૂરા બળથી ઝઝૂમવું અને જે પરિણામ આવે તેને ભેટી લેવું એવો તેણીએ નિરધાર કરી રાખ્યો હતો. ઊંટવાળાના ઔદ્ધત્યે અને માતાના નજર સામે નીપજેલા મૃત્યુએ વસુમતીને વિહ્વળ ન બનાવી. અલબત્ત, વસુમતી રાજમહેલમાં ઉછરી હતી–એકને બોલાવે ત્યાં સો જણ સલામ ભરતા ઊભા રહે એવી સુખી સ્થિતિમાં જીવન વીતાવ્યું હતું. પણ તે સાથે એણે સંયમ, સહિષ્ણુતા અને નિર્ભયતાનું ભાતું પણ ભરી લીધું હતું. સંભવ છે કે ભ૦ મહાવીરના ઉગ્ર તપ, આકરા વિહાર અને હૃદયને કંપાવી દે એવા ઉપસર્ગોની

ઘણી ઘણી વાતો વસુમતીએ રાજમહેલમાં સાંભળી હશે. ચંડકૌશિક જેવા વિષધરને બોધ આપી રાંક અને નમ્ર બનાવી દેનાર એ સંયમધારીની કરામત અને શક્તિની વાત હજારો સ્ત્રી–પુરુષોની જીભ ઉપર ચડી ચૂકી હશે. વસુમતીને એમાંથી ઓછી પ્રેરણા નહિ મળી હોય.

આવતી કાલની આફતની લેશમાત્ર ચિંતા કર્યા વિના વસુમતી જાણે કે પ્રભુના ખોળામાં જ બેઠી હોય તેમ ઊંટ ઉપર બેસી રહી. માતાનું મૃત્યુ એના સુકુમાર અંતરને ખંજરના ઘા જેવું લાગ્યું હશે. પણ અત્યારે તે નિરુપાય હતી. આંસુ પાડવા જેટલો કે આક્રંદ કરવા જેટલો પણ અવસર નહોતો.

ઊંટવાળો ધારિણી દેવીના મૃત્યુથી હેબતાઈ ગયો. આબરૂ અથવા શીલની ખાતર જે આટલી સહેલાઈથી પ્રાણ કાઢી આપી શકે તે નારીને બંદિવાન બનાવવામાં પોતે મોટી ભૂલ કરી હતી એમ તેને લાગ્યું. પશ્ચાત્તાપ કરવા લાગે તો પણ અત્યારે એ બધું નકામું હતું. આ પુત્રીનું શું કરવું એ એને મન મોટો પ્રશ્ન થઈ પડ્યો. કૌશાંબીની બજારમાં પહોંચતાં જ એને વિચાર આવ્યો :

"આ શીલનો તણખો ઘરમાં રાખવા જતાં પોતે જ બળીને રાખ થઈ જશે. એ કરતાં આ બજારમાં જ એને વેચી દઉં અને જે કંઈ મળે તે લઈને છૂટો થઈ જઉં એ ઠીક છે."

આવો વિચાર કરીને ઊંટવાળાએ કૌશાંબીની બજારમાં વસુમતીના દેહની હરરાજી બોલાવી.

કૌશાંબીના ધનાવહ શેઠ અચાનક એ રસ્તે નીકળ્યા. એમણે આ વસુમતીને જોઈ અને એમના અંતરમાં વાત્સલ્યનું

અમી છલકાયું. શેઠ પોતે ઘણી ઘણી રીતે સુખી હતા, પણ એમને એકકે સંતાન ન હતું. વસુમતીને જોતાં જ જાણે કે પૂર્વભવની પુત્રી, જીવનની શૂન્યતા ટાળવા આ ભવે અનાયાસે પોતાને ત્યાં આવી ચડી હોય એવો કંઈક અનેરો આહ્લાદ એમણે અનુભવ્યો.

ઊંટવાળાને રાજી કરી ધનાવહ શેઠ વસુમતીને પોતાને ઘેર લઈ ગયા. મૂળા શેઠાણીએ પણ એને વહાલથી સત્કારી. જે ઊંટવાળાને વસુમતી આગના તણખા જેવી લાગતી હતી તે જ વસુમતી વાત્સલ્યભાવભર્યા આ શેઠ દંપતીને ચંદન જેવી શીતળ અને મનોરમ લાગી. આ ઘરમાં આવ્યા પછી એ ચંદના નામથી ઓળખાવા લાગી. એની સુવાસ, સુકુમારતા કોઈથી છૂપી ન રહી.

વસુમતીના યૌવનની એ વસંતઋતુ હતી. એનાં વિનયશીલ વચનો અને વ્યવહારોમાં જેટલી આકર્ષકતા હતી તેટલી જ સંયમ અને આત્મશ્રદ્ધાની રંગત ભભકતી. પોતે રાજકુંવરી છે અને આપત્તિના ઝંઝાવાતે જ અહીં લાવી મૂકી છે એ વાત લગભગ તે ભૂલી ગઇ હતી. ગત સુખ કે ગત વૈભવ સંભારી વિષાદ કરવાથી શું વળવાનું હતું ? શેઠ–શેઠાણીને માતાપિતા સમજી, ચંદના એમની દરેક પ્રકારની સેવા ઉઠાવવા લાગી.

આટઆટલી સંભાળ ને સાવચેતી રાખવા છતાં મૂળા શેઠાણીનો સ્વાભાવિક ઈર્ષાગ્નિ એક દિવસ સળગી ઊઠયો. બન્યું એવું કે ઉનાળાની ગરમીને લીધે અકળાયેલા શેઠ લગભગ બપોરે દુકાનેથી ઘેર આવ્યા. એમના પગ ધોવરાવનાર નોકર તે વખતે બીજે કયાંઇક ગયો હતો. એટલે ચંદના પોતે ઊઠી, પાણીનું ઠામ લઇ પિતા સમા શેઠ તરફ દોડી ગઇ. સહેજ

નીચા નમી પાણી પગ ઉપર રેડવા જતાં ચંદનાનો શિથિલ કેશપાશ છૂટી ગયો. વાળ સમારવાની ચંદના બહુ ખેવના નહોતી રાખતી. ધૂળ–કીચડમાં પડેલા ઝીણા રેશમના તંતુ જેવો કેશગુચ્છ મલિન બનશે એમ ધારી શેઠે પોતાની લાકડીના એક છેડાથી એને અદ્ધર ઝીલી રાખ્યો. પુત્રીના કેશગુચ્છની પિતા એટલી સંભાળ લે એમાં કંઈ અશિષ્ટતા કે અનુચિતતા નહોતી. અને કદાચ, મૂળા શેઠાણીએ દૂરથી, ઝરૂખામાં બેઠા બેઠા આ બનાવ ન જોયો હોત તો સાંઝે તો એ ઘટના વિસ્મૃતિના મહાસાગરમાં મળી ગઇ હોત.

પણ અતિ નાના પ્રસંગો, ઇતિહાસની મહાન ઘટનાઓ ઘણી વાર રચે છે. ધનાવહ શેઠે લાકડીવતી કરેલો ચંદનાના ચોટલાનો સ્પર્શ મૂળા શેઠાણીને ભયંકર અનર્થની આગાહી જેવો લાગ્યો. જેનો એક વાળ મેલો ન થાય તે માટે શેઠ આટલી કાળજી રાખે છે. તેનું ખીલતું યૌવન અને સૌંદર્ય જતે દિવસે એ શેઠને મોહપાશથી કેમ ન બાંધે એવો એને વહેમ ઊપજ્યો. ઇષ્યા–કૂતરી કે જે પ્રત્યેક સ્ત્રી–પુરુષના અંતરદ્વાર આગળ બેસી–સતત જાગૃત રહી, ચોકીદારી કરતી હોય છે તે ઘણીવાર સ્વજન–આત્મીયને પણ ચોર–ડાકુ સમજી ભસવા મંડી જાય છે. મૂળા શેઠાણીએ ઈર્ષાના આવેશમાં ચંદનાને પોતાની શોકય જેવી જ કલ્પી એ કાંટો વહેલી તકે ઉખેડી નાખવાનો નિર્ણય કરી લીધો.

શેઠ થોડીવાર રહીને દુકાને ગયા. મૂળા શેઠાણીને હવે સુયોગ સાંપડયો. શેઠની ગેરહાજરીનો લાભ લઇ શેઠાણીએ એક હજામને બોલાવી ચંદનાનું માથું મુંડાવી નાખ્યું. ચંદના આવી ઘાતકી શિક્ષાને કેમ વશ થઈ હશે ? નારીસૌંદર્યના

સુવર્ણકલશ જેવો કેશકલાપ ઉતારી આપતાં ચંદનાને કંઇ ક્ષોભ નહિ થયો હોય? કંઇ જ આનાકાની નહિ કરી હોય?

ભ૦ મહાવીરના શ્રમણસંઘનો જે ઉજ્જવળ ઇતિહાસ તે સમયે રચાઇ રહ્યો હતો અને એમાં સાધ્વી ચંદનાના સુકુમાર હાથથી જે સ્વર્ગીય રંગ પુરાવાના હતા તે જોતાં ચંદનબાળાની મૌન ગંભીર શરણાગતિમાં બુદ્ધિને પણ અગમ્ય એવો કોઈ ગહન સંકેત હોવો જોઇએ. બીજી વાત એ પણ છે કે જેણે દેહ વિષેની મોહ–મમતા છેક જતી કરી છે–બાહ્ય શોભા કે સૌંદર્યની જેને લેશ માત્ર ચિંતા નથી, જેના રૂંવે રૂંવે ઊંડી આત્મતૃપ્તિ અને વિરાગની દીપ્તિ ચમકી રહી છે તેને તુચ્છ વાળનો ત્યાગ શા હિસાબમાં હોય? સર્પ ને કાંચળીનો થોડો જ મોહ હોય?

ચંદના વીર પ્રભુના સાધ્વીસંઘની મુખ્ય પ્રવર્ત્તિની બનવાની હતી. એ અહોભાગ્ય એને અકસ્માત્ થોડું જ લાધવાનું હતું? ભગવાનના કૃપાપ્રસાદને પાત્ર બનતાં પહેલાં કેટલી પૂર્વ તૈયારી કરવાની હોય છે તે આ ચંદનબાળાના જીવનમાં દેખાય છે.

કેશ તો મુંડાવ્યા. પણ મુંડાવનાર મૂળાનો આત્મા અકળાઈ ઊઠયો. ચંદનબાળાને તો એ વાળની કંઈ કીમત નહોતી. પણ મૂળા શેઠાણીના ઈર્ષાળુ મનને એ અન્યાય–એ અત્યાચાર કેમ જંપવા દે? એક પાપ છુપાવવા બીજા પાપનો આશ્રય લેવો જ પડે–પછી તો પાપની પરંપરા વહી નીકળે. મૂળા શેઠાણીને ખાત્રી હતી કે ધનાવહ શેઠ ચંદનાનું આ કેશરહિત મુખ જોઈને ક્રુદ્ધ થયા વિના નહિ રહે. એ પૂછશે તો શું જવાબ દઈશ?

જવાબદારીમાંથી છૂટવા, પહેલા કરતાં પણ અધિક ક્રૂર

ઈલાજ મૂળાએ અજમાવ્યો. લુહારને બોલાવી લોખંડની બેડીઓ ચંદનાના પગમાં પહેરાવી, આગ્નેના એક અવાવરુ ઓરડામાં ધકેલી દીધી. ભૂખી–તરસી ચંદના પોતાની મેળે પ્રાણ છોડી દેશે–પોતાના પાપની કોઈને કંઈ જાણ સરખી પણ નહિ થાય એમ માની મૂળા પોતાના પિયર ચાલી ગઈ. પાપ છાપરે ચડીને પોકારે છે એ કહેવત મૂળા ભૂલી ગઈ.

બે–ત્રણ દિવસ એ પ્રમાણે નીકળી ગયા. શેઠના ચાકર વર્ગને મૂળાએ એવી સખ્ત ધમકી આપી રાખી હતી કે જો કોઈ ચંદનાની બાતમી શેઠને આપશે તો તેની બૂરી વલે થયા વિના નહિ રહે. અને મૂળા જો કોપાઈ તો વાઘણ કરતાં પણ વધુ વિકરાળ બને એ વિષે કોઈને શંકા નહોતી. એટલે શેઠને પોતાના ઘરમાંથી સાચી બાતમી મળે એવો સંભવ નહોતો.

પહેલે દિવસે ચંદના વિષે કંઈ સંતોષકારક જવાબ ન મળ્યો. એટલે પોતાની બહેનપણીને ત્યાં રમવા કે વખત ગાળવા ગઈ હશે એમ માની શેઠે નિરાંત વાળી. બીજે દિવસે પણ ચંદના ન દેખાઈ. ચંદના ક્યાં ગઈ હશે ? ઘરમાં સૌના હોઠ સિવાઈ ગયેલાં દેખાયાં. શેઠ સમજ્યા કે પોતાને અજાણ રાખવા સારુ કંઈક પ્રપંચજાળ પથરાઈ છે, પણ એ જાળનો તાંતણો કેમ પકડવો એ એક મોટી સમસ્યા થઈ પડી. સેવકો અને સગાઓ જ જ્યાં ફરી બેઠા હોય ત્યાં ધનાવહ જેવા બુદ્ધિશાળી પણ બીજું શું કરી શકે ?

ત્રીજે દિવસે એમનો પુણ્યપ્રકોપ એકાએક જાગી ઊઠ્યો. એમણે હવે જરા સખતાઈથી તપાસ ચલાવવા માંડી. જેને પૂછે તેની આંખમાં ભય તરવરતો તેમણે નિહાળ્યો. એક ડોશીમાએ થોડી હીંમત દાખવી. એને મૂળા શેઠાણીની બીક જ નહોતી

એમ નહિ પણ મડદા ઉપર વીજળી પડી તો યે શું કરવાની હતી, એમ માની એણે શેઠની પાસે ખરી હકીકત નિવેદન કરી. ડોશીમાએ હવે જીવવાની આશા મૂકી દીધી હતી. મૂળા શેઠાણી બહુ ખિજાશે તો બે દિવસ વહેલી મરીશ એથી દુનિયા કંઈ રસાતળ નહિ પહોંચે, બાકી એક નિર્દોષ અબળાને તો ગમે તે ભોગે પણ છોડાવવી એવું માનીને જ ડોશીમાએ ચંદનબાળા પ્રકરણ ઉપર જે આછો પડદો પડયો હતો તે ચીરી નાખ્યો.

જે ઓરડામાં ચંદના એકાંતવાસ, ઉપવાસ અને પગબેડીની વિના દોષે સજા ભોગવતી પડી હતી તે તરફ શેઠે દોટ મૂકી અને ચંદનાને દીન-મલિન વેષમાં બહાર કાઢી. બે દિવસ પહેલાંની ચંદના અને આજની ચંદના વચ્ચે જાણે કે ઉત્તર-દક્ષિણ જેટલો ફેર પડી ગયો હોય એમ શેઠને લાગ્યું. પણ અત્યારે શબ્દોનો વ્યય કરવાનો અવસર નહોતો. પગમાંની જંજીરોથી જકડાયેલી ચંદનાને બહાર કાઢી, ત્રણ દિવસની ભૂખી-તરસી ચંદના માટે તાત્કાલિક બીજું કંઈ ખાનપાન તૈયાર નહિ હોવાથી, થોડા અડદના બાકળા એક સૂપડામાં ધરી, લોહની બેડીઓ તોડાવવા લુહારને બોલાવી લાવવા શેઠ લુહારની કોડ તરફ ગયા.

× × ×

કૌશાંબીમાં ભગવાનનાં પગલાં થયાં તેને આજે ચાર મહિના થઈ ગયા છે. આ ચાર મહિના દરમિયાન દીર્ઘતપસ્વી ભગવાન, કૌશાંબીની શેરીઓ, મહોલ્લાઓ અને ચૌટાઓમાં એક મૂઠી ધાન માટે ફરી રહ્યા છે; પરંતુ ચાર-ચાર મહિના થયાં એમને કોઈના હાથની ભિક્ષા સ્વીકારને યોગ્ય નથી લાગી. આખું ગામ ચિંતામાં ડૂબી ગયું છે. રાજા રાણી પોતે અને એમના અતિ વ્યવહારકુશળ ગણાતા અમાત્યો પણ ભગવાનને

ભિક્ષા વગર પાછા વળતા જોઈને હેરાન થઈ રહ્યા છે. એ તપસ્વીને શું જોઈએ છે? કોની પાસેથી કેટલું કેવા પ્રકારનું અન્ન–પાન જોઈએ છે? તે કોઈથી કળી શકાતું નથી. ચાર–ચાર મહિનાથી લોકો એ પ્રશ્ન ચર્ચે છે, પણ દીર્ઘ-તપસ્વી મહાવીરને શું ખપે છે તે સમજાતું નથી. કૌશાંબી જેવી સમૃદ્ધિશાલી નગરીમાંથી આવો લોકમાન્ય, રાજમાન્ય, દેવપૂજ્ય તપસ્વી મૂઠી ધાન લીધા વગર, ભૂખ્યો ને ભૂખ્યો જ પાછો વળે તે જોઈને નગરવાસીઓને ઊંઘ ને આહાર પણ અકારાં થઇ પડયાં છે.

શેરીએ શેરીએ કુળવધૂઓ ભાતભાતના, ભગવાનને ખપે તેવા આહાર લઈને, હાથ જોડીને ઊભી રહે છે. ભિક્ષા માટે ફરતા ભગવાન તે તરફ માત્ર આછો દૃષ્ટિપાત કરી ત્યાંથી ચાલી નીકળે છે. એ મૌનધારી તપસ્વી એક અક્ષરે ય બોલતા નથી. પોતે કેવા પ્રકારની ધારણા રાખી રહ્યા છે તે કોઈને કહેવાય નહી. જ્યાંસુધી અભિગ્રહ પૂરો ન થાય ત્યાંસુધી એ તપસ્વી ઉપવાસ ઉપર ઉપવાસ ખેંચ્યે જાય છે. ચાર–ચાર મહિનાના ભૂખ્યા અનાહારી તપસ્વીને જોઈને હજારો સ્ત્રી–પુરુષોની આંખો ભીની બને છે. કોણ જાણે એને શું જોઇતું હશે?

બૌદ્ધ સાહિત્યમાં પણ આવી જ એક ઘટનાનો ઉલ્લેખ છે. ભિક્ષુ રોજ શેરીઓમાં ભિક્ષા માટે ફરે છે. હજારો માણસો કીમતીમાં કીમતી વસ્તુઓ પાત્રમાં ભરીને સામે દોડી આવે છે. ભક્ષુને જે ખપે તે સ્વીકારી પોતાને કૃતાર્થ કરવા વિનવે છે, પણ ભિક્ષુ તેની સામે ઉદાસભાવે જોઈ પાછો વળી જાય છે. સમજાતું જ નથી કે એને શું જોઇએ છે. આખરે એક ગરીબ મજૂરણ, વૃક્ષના થડની ઓથે ઊભી રહી, આથમતી રજનીનો આછો અંધકાર અંગે લપેટી લઈ પોતાનું એકનું એક અંગે

વીંટવાનું વસ્ત્ર ઉતારીને ભિક્ષુ પાસે ધરે છે. ભિક્ષુનો મનોરથ તે દિવસે ફળે છે. જૂના જીર્ણ વસ્ત્રને સાથે ચડાવીને, આનંદ-પ્રફુલ્લ વદને તે પોતાના સ્થાને પાછો ફરે છે. એનો અભિગ્રહ એ રીતે પાર પડે છે.

આ ભિક્ષુઓ, શ્રમણો અને તપસ્વી મુનિઓ એ રીતે વૈભવ વિલાસમાં ગરકાવ થએલા સંસારીઓને ત્યાગ અને દાનની સમ્યગ્દૃષ્ટિ આપવા મથતા હતા. ઐશ્વર્ય જેમ પુષ્કળ હતું તેમ દાન-દક્ષિણાની પણ એ સમયે ન્યૂનતા નહોતી. ઉભરાતી સમૃદ્ધિમાંથી એકાદ ખોબો દાનપુણ્યમાં ખરચાય તો સહેજે તરી જવાય, પરલોકનું ખાતું બંધાય એમ તેઓ માનતા. પેટ ભરીને જમી લીધા પછી કોઈ ભૂખ્યા તરસ્યાને થોડાં વધેલાં આહાર-પાણી આપ્યાં હોય તો ઉભયનું કલ્યાણ થઈ જાય પરોપકાર તો થાય જ, એમ માની ઘણાખરા પોતાનાં ઘરનાં બારણાં સાધુ-મુનિ કે અતિથિ માટે ઉઘાડાં જ રાખતા પણ વિશ્વગુરુ જેવા આ તપસ્વીઓને એટલેથી જ સંતોષ નહોતો. તેઓ તો ક્રમે ક્રમે સર્વસ્વના ત્યાગી, પ્રિયમાં પ્રિય વસ્તુના દાનની લોકો પાસેથી અપેક્ષા રાખતા. ત્યાગ તેમજ દાનની યથાર્થ દૃષ્ટિ તેમને આપવા માગતા. અશક્ત અથવા અસાધ્ય જેવા લાગતા આ અભિગ્રહોમાં આત્મવિકાસ તેમજ લોકશિક્ષણનો આવો જ કંઈક ઊંડો હેતુ હોવો જોઈએ.

તે દિવસે કૌશાંબીના રાજાના માનીતા મંત્રી સુગુપ્તની માનિની નંદા, ભગવંત મહાવીરને પોતાના ઘર તરફ આવતા જોઈને કેટલા ઉલ્લાસથી એમની સામે ગઈ હતી? અને પોતાના સૌભાગ્ય ઉપર આફરીન બનતી તે નંદા એક શ્રાવિકાને શોભે તેવી ઢબે, પ્રભુને કલ્પે તેવા કેટકેટલા ભોજ્ય પદાર્થ પ્રભુ પાસે ધરીને બે હાથ જોડીને દીનભાવે ઊભી રહી હતી? પ્રભુ

એમાંનું કંઇ જ લીધા વિના, આવ્યા હતા તેવાજ પાછા વળી ગયા. તેથી નંદાને પોતાના ભાગ્ય ઉપર કેટલો ધિક્કાર છૂટયો હતો ?

મૃગાવતીએ રાજા શતાનિકને કેટલો મીઠો છતાં હૃદય વીંધી નાખે તેવો ઠપકો આપ્યો હતો ? "આટઆટલા ગુપ્તચરો છે, આટઆટલા શાસ્ત્રવિશારદો છે, વીરપ્રભુના મનની ધારણા સમજવા જેટલી તેવડ પણ તમારામાં નથી ? નકામી જ બડાઇઓ હાંકો છો ને ?" રાજાએ મંત્રીઓ સાથે ચર્ચા કરી, ધર્મશાસ્ત્રીઓની સલાહ લઈ કંઇક પણ રસ્તો શોધી કાઢવાનો ઘણો યે પ્રયત્ન કર્યો પરંતુ તેમાં સફળતા ન મળી. આખરે રાજાએ ઢંઢેરો પીટાવીને જાહેર કર્યું કે ભ૦ મહાવીર ભિક્ષા માટે પધારે ત્યારે લોકોએ વિવિધ પ્રકારની વાનીઓ તેમની સન્મુખ ધરવી. આજ્ઞાથી અને શ્રદ્ધાથી પ્રેરાયેલ કૌશાંબીના નાગરિકોએ એ ઈલાજ પણ અજમાવી જોયો; પરંતુ ગૂંચ ન ઉકેલાઈ. ભ૦ મહાવીરનો અભિગ્રહ જાણવાની કોઈનામાં શક્તિ નહોતી અને કદાચ જાણવા મળે તો પણ તે પ્રમાણે યોજના થવી પ્રાયઃ અશકય હતી.

× × ×

ધનાવહ શેઠના ઘરના ઉંબરામાં બેઠેલી—ત્રણ ત્રણ દિવસની ઉપવાસી ચંદના, વૃક્ષના આધારે પલ્લવિત બનેલી લતાને મૂળમાંથી ઉખેડીને કોઈ ફેંકી દે અને જોતજોતામાં તે કરમાઈ જાય તેમ રંક ઓશિયાળા વદનવાળી ચંદના પોતાની સ્થિતિનો વિચાર કરતી ઊભી હતી.

" કયાં ચંપાનો રાજમહેલ અને કયાં ધનાવહ શેઠની આ અંધારી ઓરડી ! કયાં ભાતભાતનાં ભોજન અને કયાં આ

બાફેલા બાકળા ! આ સંસારનાટકનાં દશ્યો કેટલી ત્વરાથી, કેટલી કુશળતાથી પલટાઈ રહ્યાં હોય છે ? બાકળા તો બાકળા, પણ અત્યારે કોઈ મુનિ કે અતિથિ આવી ચડે તો કેવું સારું ? એમને વહોરાવ્યા પછી જ મોંમાં કોળિયો મૂકવા જેટલું શું મારું સૌભાગ્ય પહોંચતું હશે ?" ચંદના આવી ભાવનાશ્રેણી ઉપર ચડતી હતી એટલામાં ભિક્ષા માટે પાંચ ઉપરાંત મહિનાથી ફરતાં ભ૦ મહાવીર આવતા દેખાયા.

ચંદના ભક્તિભાવથી એકદમ આગળ આવવા ગઈ. પરંતુ ત્રણ–ત્રણ દિવસના ઉપવાસની અશક્તિ અને વધુમાં પગમાં પડેલી લોખંડી બેડીઓના ભારથી તે માત્ર એક ડગલું ભરીને ત્યાં ને ત્યાં જ થંભી ગઈ. હાથમાં રહેલા સૂપડામાંના બાકળા પ્રભુને વહોરાવવાની એની હિમ્મત નહોતી ચાલતી પરંતુ પોતાની અત્યારની દુર્દશા જોતાં આ બાકળા વહોરાવવા સિવાય એનાથી બીજું બની પણ શું શકે ? ભગવંતને ઉદ્દેશીને તે કહી રહી.

"પ્રભો ! આ ભોજન જો કે આપને યોગ્ય નથી, છતાં અનુગ્રહની ખાતર પણ સ્વીકારશો !" પ્રભુ ચંદનાના હાથના બાકળા વહોરવા પાસે ગયા, પરંતુ બીજી એક કથા એવી પણ મળે છે કે તરત જ પ્રભુ ત્યાંથી પાછા વળી ગયા. પ્રભુને ભિક્ષા વિના પાછા ફરતા જોઈ ને ચંદનાની આંખોમાં આંસુ આવી ગયા. એને થયું કે "કેટલી દુર્ભાગી હું ? વિશ્વવંદ્ય પ્રભુ, આટલી નજીક આવ્યા પછી, આહાર લીધા વિના પાછા ફરી ગયા !" આ પ્રમાણે આક્રંદ કરતી ચંદનબાળાનો રોવાનો અવાજ પ્રભુએ સાંભળ્યો અને તેમણે ચંદનબાળા તરફ ફરી એક વાર પાછા ફરીને દષ્ટિપાત કર્યો અને પોતાનો આખો અભિગ્રહ ફળ્યો હોય તેમ લાગવાથી ચંદનબાળાના હાથના બાકળા પ્રભુએ વહોર્યા.

એ જ વખતે અંતરીક્ષમાં દેવદુંદુભી ગડગડયા. શોકમાં ડૂબેલી કૌશાંબી, કોઈ જાદુગરના મંત્રબળે અનાચક જડ દેહ જાગી ઉઠે તેમ કલ્લોલ કરવા મંડી ગઇ. ભ૦ મહાવીરના ચાર ચાર મહિનાના ઉપવાસનો અંત આવ્યો જાણી ઘેર ઘેર ઉત્સવની શરણાઇઓ વાગી રહી.

ચંદનબાળા કૌશાંબીમાં આ પ્રકારની દુર્દશામાં ન સપડાઈ હોત તો ભગવાને લીધેલા અભિગ્રહનું શું થાત? એમનો અભિગ્રહ આવા પ્રકારનો હતો: "કોઇ સતી અને સુંદર રાજકુમારી હોય, દાસીપણાને પામેલી હોય, પગમાં લોહની બેડીઓ પડેલી હોય, માથું મુંડેલું હોય, એક પગ ઉંબરા બહાર અને એક પગ ઉંબરાની અંદર હોય, ભૂખી હોય, રોતી હોય, એવી સ્ત્રી સૂપડાના ખૂણામાં પડેલા અડદના બાકળા વહોરાવે તો વહોરવા."

અકસ્માતો અને અત્યાચારોની કડીઓ પરસ્પરમાં ગુંથાઈ જઈને ઇતિહાસની આખી સાંકળ કેવી ખૂબીથી તૈયાર કરે છે? ચંદનબાળાનો અસાધારણ સંયમ, ઊંટવાળાની વિવેકશૂન્યતા, ધનાવહ શેઠનું વાત્સલ્ય, મૂળા શેઠાણીની ઈર્ષા અને ભ૦ મહાવીરનો ઉગ્ર અને એ કોટીનો પહેલો તથા છેલ્લો અભિગ્રહ એમ પંચ ધાતુના મિશ્રણે ચંદનબાળાની આ ચિરસ્મરણીય ઇતિહાસ પ્રતિમા રચી છે. કઈ ધાતુનું કેટલું મૂલ્ય આંકવું એ વિવાદમાં ઉતરવાની જરૂર નથી. ચંદનબાળાના સંયમધૈર્યના પ્રતાપે જગતના એ તારણહારને છ મહિનામાં પાંચ દિવસ ઓછા એવા ઉપવાસને અંતે અડદના બાકળા જેવું અન્ન આહાર માટે મળ્યું એ ઓછા આનંદની વાત નથી.

કૌશાંબીમાં આનંદના ઓઘ ઉછળી રહ્યા. રાણીએ અને

રાજાએ પણ ચંદનબાળાને ઓળખી. ફરી એ પોતાની માસી પાસે રાજાના મહેલમાં આવીને રહી.

તે પછી વિહાર કરતાં કરતાં કેટલાક સમયે તપ વગેરેથી સકળ કર્મમળ ક્ષય કરી ભગવાન કેવળજ્ઞાન પામ્યા અને તેમણે ગૌતમ આદિ અગિયાર વેદાનુયાયી પંડિતોને પ્રબોધી, દીક્ષા આપી ગણધરપદે સ્થાપ્યા તે વખતે કૌશાંબીથી નીકળી ચંદનબાળા વંદન કરવા પ્રભુ પાસે ગઇ અને દીક્ષા આપવા વિનતિ કરી. પ્રભુને મન તો સ્ત્રી અને પુરુષ એવા ભેદ હતા જ નહીં. સ્ત્રી પણ પુરુષના જેટલી જ મોક્ષની અધિકારિણી છે તેમ તેઓ માનતા. એટલે ચંદનબાળાની આ વિનતિ તેમણે સ્વીકારી અને ચંદનબાળાને દીક્ષા આપી. અને પછી જ્યારે ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ત્યારે સાધ્વી સંઘની પ્રવર્તિની તરીકેનો ભાર ભગવાને ચંદનબાળાને શિરે મૂકયો. સાધ્વીસંઘની સફળતાનો ઘણોખરો યશ પ્રથમ પ્રવર્તિની ચંદનબાળાના જ ભાગમાં જાય છે એમ કહીએ તો ચાલે.

આ પછી કેટલાક સમયે સંસારીપણામાં પોતાના માશી પણ સાધ્વીપણામાં પોતાની શિષ્યા મૃગાવતીજીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં તેને મિચ્છા મિ દુક્કડં આપતાં પોતાને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

સમય જતાં ચંદનબાળા પ્રવર્તિનીએ અનેક જીવોને પોતાના વચનામૃત વડે જન્મ, જરા, મરણથી બચાવી ઉત્તમોત્તમ અક્ષય સુખકારી ગતિએ પહોંચતાં કર્યા અને પોતે પણ આયુષ્યના અંતે સર્વ બાધાથી મુક્ત થઇ મોક્ષગતિને પ્રાપ્ત કરી.

卐

# ૨. સુલસા

સોળ સતીઓમાં પહેલું જ નામ સુલસાનું શા માટે? સુલસા કોઈ મોટા રાજવંશમાં જન્મેલી રાજકુંવરી નહોતી, તેમ એનો સ્વામી પણ મોટો વિજેતા કે વિદ્વાન નહોતો. સુલસાનો પતિ માત્ર એક સારથી હતો. સુલસા ભારે તપસ્વિની કે વિદુષી પણ નહોતી. સોળ સતીઓના રાસમાં સુલસાનું નામ પહેલું શા સારુ? બીજી સતીઓએ જે કષ્ટો વેઠ્યાં છે, જે આકરી કસોટીઓ અનુભવી છે તેવું પણ સુલસાના ચારિત્રમાં કંઈ નથી બન્યું. નથી એણે સંસારનો ત્યાગ કર્યો, નથી ભારે તપ કર્યો અને છતાં સતીઓમાં જો કોઇનું પ્રથમ નામ ઉચ્ચારાતું હોય તો સુલસાનું. કવિનો આમાં કંઇ પક્ષપાત હશે કે સજ્ઝાયની રચનાનો એક અકસ્માત માત્ર હશે?

ધારો કે એ અકસ્માત હોય, પણ ભગવાન મહાવીર જેવા વિરાગી પુરુષ, ચંપાપુરીમાંથી રાજગૃહી તરફ જતા અંબડ જેવા પરિવ્રાજકને એમ કહે: "રાજગૃહી જતા હો તો ત્યાં સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો!" એમાં સર્વ પ્રાણી પ્રત્યે સમતા અને મમતા ધરાવનારનો ખુલ્લો પક્ષપાત નથી દેખાતો? ભગવાને બીજા કોઇને નહિ—રાજગૃહીમાં શ્રાવક અને શ્રાવિકાઓ તો પારવગરનાં હતાં—ખુદ શ્રેણિક કે અભયકુમાર, ચેલણા કે ભદ્રા—એ કોઇને પણ નહિ, એકલી સુલસાને જ સંભારીને ધર્મલાભ જેવો મહામૂલો આશીર્વાદ કેમ પાઠવ્યો?

ભ. મહાવીર જો શાસનના સૂર્ય સમાન હોય તો એમની આસપાસ અનેક રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો, પંડિતો, વિરાગીઓની એક મોટી ગ્રહ–નક્ષત્રમાળા અહોનિશ ઘૂમતી. એમાં સુલસા સતીને શોધવા જઇએ તો એનો પત્તો ન મળે. પણ એ એટલી ભાગ્યશાલિની હતી કે એને બીજે ક્યાંય નહિ પણ ભગવાનના હૃદયમાં સ્થાન મળ્યું હતું. ભગવાન મહાવીરને નજીકના કે દૂરના, પોતાના કે પરાયા, મિત્ર કે વેરી જેવા મુદ્દલ ભેદ નહોતા. છતાં સુલસા માત્ર શ્રદ્ધા અને ભદ્રિકતાના બળે મહાવીર પ્રભુના સાવ નિર્વિકાર, પદ્મની પાંદડી જેવા સ્વચ્છ અને સુકોમળ હૃદયમાં આસન જમાવી શકી હતી. સુલસાને પોતાને એની ખબર હશે, પણ અભિમાન નહોતું.

ચંપાપુરીમાં ભગવાન મહાવીર જ્યારે સમોસર્યા હતા અને ધર્મોપદેશ સંભળાવ્યા પછી જ્યારે અંબડ પરિવ્રાજક સાથે વાર્તાલાપ કરતા હતા ત્યારે અંબડ રાજગૃહી તરફ યાત્રા કરવા જવાનો છે એમ જાણ્યા પછી પ્રભુને સુલસા શ્રાવિકાનું સહજ સ્મરણ થઈ આવ્યું. એમણે પરિવ્રાજકને એટલું જ કહ્યું : “ત્યાં સુલસા શ્રાવિકા રહે છે એને મારા ધર્મલાભ પહોંચાડજો.”

મહાવીર જેવા, ચક્રવર્તીને પણ વંદનીય પુરુષના મુખથી ધર્મલાભ પામવા એ સુભાગ્યની પરાકાષ્ઠા જ ગણાય. તેમાંય વળી ભગવાન પોતે સંભારીને એવા આશીર્વાદ મોકલે ત્યારે તો એ આશીર્વાદ પામનાર નર કે નારી સંસારથી લગભગ તરી ગયા જેટલો જ અલૌકિક આનંદ અનુભવે. ભ૦ મહાવીરે આ રીતે પોતે સંભારીને સુલસા સિવાય બીજા કોઇને આશીર્વાદ નથી મોકલ્યા. સુલસાના સૌભાગ્યની, સાચે જ, કોઇને પણ ઈર્ષા આવ્યા વિના ન રહે.

જે મહાવીર પ્રભુના એક નાના કૃપાકટાક્ષ માટે રાજાધિરાજો અને તપસ્વીઓ તલસતા હતા, જેમના મુખેથી એક વાર પણ ધર્મલાભ જેવા આશીષ આપવા પોતાનું જીવન સમર્પી દેવા તૈયાર હતા તે મહાવીર એક સારથીની પત્ની–સુલસા શ્રાવિકાને, રાજગૃહી જેટલે દૂર ધર્મલાભ મોકલે, ત્રિદંડી જેવા પરિવ્રાજકની સાથે આશીર્વચન મોકલે એ જૈન સંઘના ઇતિહાસની નાનીસૂની ઘટના નથી.

પરિવ્રાજક અંબડ પણ ઘડીભર તો થીજી ગયો. રાજગૃહીના કોઈ ધનશ્રેષ્ઠી કે રાજમાતાને ભગવાને આ પ્રકારનો સંદેશો પાઠવ્યો હોત તો એને આશ્ચર્ય ન લાગત. એને વિચાર થયો: "આવી મોટી વૈભવવંતી રાજગૃહી–એમાં ભગવાનને એકલી સુલસા જ યાદ આવી? બીજા કોઈને નહિ, સુલસાને જ શા માટે? સુલસાએ એવાં કયાં મહાન પુણ્ય કર્યાં હતાં?"

પરિવ્રાજક અંબડની એ શંકા બરાબર હતી. સુલસા એક સામાન્ય ગૃહિણી હતી. દાન દેવામાં તે અલબત્ત ઉદાર હતી, પણ એકલા દાનની જ વાત કરીએ તો સુલસા કરતાં સવાઈ સન્નારીઓનો એ વખતે તૂટો નહોતો. એને ત્યાં કુબેરનો ભંડાર નહોતો. સુલસા ઉદાર હોય તો પણ એની સંપત્તિ મર્યાદિત હતી. માત્ર દાનૈશ્વર્યથી એ અમરતા મેળવી જાય એ અસંભવિત હતું.

સુલસા શક્તિશાલિની હતી. એ જ એની વિશિષ્ટતા છે. વિવેકશક્તિ અને શ્રદ્ધા સુલસામાં સંગમ પામી હતી, જાણે કે બે મહાનદીઓનાં શાંત–ગંભીર નીર સુલસાના સાગર સમા અંતરમાં જઇને સમાઈ જતાં હતાં. એક તો નિર્ગ્રંથવચનને

વિષે અચળ શ્રદ્ધા સેવવી એ કઠિન હતું અને શ્રદ્ધાને અંધ-શ્રદ્ધાના ખાડામાં પડતી અટકાવવા સદા જાગૃત અને વિવેકશીલ રહેવું એ તો અત્યંત કઠિન કાર્ય હતું. સુલસાનો શ્રદ્ધાનો દોર જેવો અતૂટ હતો તેવી જ એની વિવેક–વિચારની શક્તિ પણ શાશ્વતી જ્યોતિ શિખાની જેમ જ્વલંત હતી. આ શ્રદ્ધા અને વિવેકની શક્તિથી જ ભ૦ મહાવીરના અંતરનો એક ઉજળો ખૂણો મેળવવા સુલસા સદ્‌ભાગી બની હતી.

રાજગૃહીએ પહોંચ્યા પછી અંબડને વિચાર થયો: "ધર્મ-લાભ તો પહોંચાડવા છે, પણ સીધા સુલસાને ત્યાં જઇને સમાચાર સંભળાવી દેવાથી પૂરો રંગ નહિ જામે. એને ત્યાં જઈશ અને ભ૦ મહાવીરનો સંદેશો લઇને આવ્યો છું એમ જાણ્યા પછી તે મારૂં સ્વાગત કરશે અને ભગવાને પોતાના મુખેથી ધર્મલાભ પાઠવ્યા છે એમ જાણીને એનાં રોમે રોમ પ્રફુલ્લિત બની જશે એની કલ્પના થઈ શકે છે. પરંતુ એ રીતે તો એનું અંતર અણપરખાયું રહી જશે. સુલસા, કઈ તાકાતના બળે ભ૦ મહાવીરની આટલી નિકટ આવી તે નહિ સમજાય."

કૌતુકથી પ્રેરાયેલો અંબડ પહેલાં શ્રાવક હતો, તે જૈન મુનિના વેશ અને વાણીથી થોડોઘણો પરિચિત હતો. તેણે રાજગૃહી પહોંચી, જૂનો–કસાએલો જૈન મુનિ હોય એવો સ્વાંગ સજ્યો અને સુલસા શ્રાવિકાના આંગણામાં જઇને ઊભો રહ્યો. સુલસાએ શાંતિથી એને સત્કાર્યો, પણ જ્યારે જૈન મુનિના વેષમાં રહેલા એ પરિવ્રાજકે એક એવી વસ્તુ માગી કે જે કોઈ જૈન મુનિ આચાર–વિચારની દૃષ્ટિએ માગી શકે જ નહિ, ત્યારે સુલસા કંઇ બોલ્યા વિના, જેમ આવી હતી તેમજ

પાછી વળી ગઈ. અંબડને ખાત્રી થઇ કે સુલસા માત્ર શ્રદ્ધાનો ઢગલો નથી: માત્ર વેશની પૂજક નથી. મુનિનું અંતઃસત્ત્વ પળવારમાં પારખી શકે છે.

સુલસામાં વિવેક–વારિ તો છે. પણ કદાચ એ બહુ છીછરું હશે. આવો વિચાર કરીને અંબડે બે–ત્રણ ચમત્કાર કરી બતાવવાની પેરવી કરી. ભલભલા પુરુષો ચમત્કારમાં મોહાઈ જાય તો સુલસા જેવી એક સામાન્ય નારીનું શું ગજું ? અંબડે સુલસાને ભોળવવાની તરકીબ રચી.

અંબડે પ્રથમ સાક્ષાત્ બ્રહ્માનું સ્વરૂપ ધરી, રાજગૃહીના પૂર્વ તરફના દરવાજે પોતાનું આસન જમાવ્યું. બ્રહ્મા પોતે પૃથ્વી ઉપર ઊતરી આવ્યા છે એમ જાણ્યા પછી ગામ ગાંડું બને એમાં પૂછવાપણું જ ક્યાં છે ? હજારો ભોળા સ્ત્રી–પુરુષો એ બ્રહ્માના વેશધારી પાસે પહોંચી ભક્તિથી પોતાનાં મસ્તક ઝૂકાવવા મંડી ગયાં. અંબડ ઉઘાડી આંખે સૌનાં મોં નીહાળતો હતો. તેણે આટલા મોટા સમુદાયમાં સુલસાને ન ભાળી–જેને ખેંચવા માટે આ બધી માયા રચી હતી તે નિરર્થક બનતી જોઈ નિરાશ થવાને બદલે બીજો એક નવો દાવ ખેલવાનો નિરધાર કર્યો.

સુલસા શ્રાવિકા બ્રહ્માના દર્શને ન ગઈ. બ્રહ્મા પ્રત્યે કે બીજા દેવ પ્રત્યે એને તિરસ્કાર હતો એવું કંઈ જ નહોતું. બ્રહ્મા ભલે વિશ્વનો વિધાતા હોય પણ સુલસા તો કર્મ–ફળમાં જ માનતી. બ્રહ્મા જેવા દેવો રીઝે કે કોપે તેની તેને શી પરવા હોય ? સુલસા ગાડરિયા પ્રવાહમાં નહોતી માનતી. સૌ કોઇ ચાલી નીકળે એટલે એમની પાછળ સુલસા પણ ચાલી નીકળે એવી દુર્બળ નહોતી. ભ૦ મહાવીર અને એમનું

શાસન એ જ પ્રાણી માત્રનો ઉદ્ધાર કરવાને સમર્થ છે એવી તેની પાકી શ્રદ્ધા હતી. રાગ–દ્વેષ ધરાવતા દેવીઓ પાછળ ઘેલા બનવાનું એને કેમ પોષાય ?

બીજી તરફ અંબડે પણ મનમાં પાકી ગાંઠ વાળી લીધી કે સુલસાને હરકોઈ બહાને ચળાવવી–શ્રદ્ધાથી ડગાવવી. એણે હવે સાક્ષાત્ કૃષ્ણ–કનૈયાની લીલા ભજવવી શરૂ કરી. જે લોકો કૃષ્ણના નામ માત્રથી ગાંડાતુર બને તેઓ કૃષ્ણની પ્રત્યક્ષ મૂર્ત્તિ નીહાળ્યા પછી એનો કૃપાપ્રસાદ લૂંટવામાં શા સારુ કંજૂસાઇ રાખે ? રાજગૃહી આખું હિલોળે ચડ્યું. સુલસાના સગા–સંબંધી કે હિતૈષીઓએ કોઇએ શું સુલસાને આગ્રહ નહિ કર્યો હોય ? સુલસા શું આખા શહેરના નર–નારીઓ કરતાં પોતાને વધુ બુદ્ધિમતી માનતી હશે ? ગમે તેમ પણ સુલસા શ્રાવિકાની તીર્થંકર દેવાધિદેવ પ્રત્યેની શ્રદ્ધા તલમાત્ર પણ ન ડગી. અંબડ એ બાજીમાં પણ હારી ગયો.

ત્રીજી વાર અંબડ પરિવ્રાજકે વિશ્વના સર્જનહારનો અભિનય ભજવ્યો. એ અભિનય જોવા અને એમાં ભાગ લેવા રાજગૃહીનાં ટોળેટોળાં ઊમટ્યાં. માત્ર સુલસા ન આવી.

આખરે જ્યારે અંબડને ખાત્રી થઇ કે સુલસા બ્રહ્મા, કૃષ્ણ, શિવ જેવા દેવ–દેવીઓના દર્શને તો નહિ જ આવે એટલે એણે તીર્થંકરનો વેશ ભજવી લેવાનો નિશ્ચય કર્યો. ચોથે દિવસે એણે રાજગૃહીની ઉત્તર દિશામાં, તીર્થંકર ભગવાનને છાજે તેવું આબાદ સમવસરણ રચ્યું અને પોતે પણ પચીસમો તીર્થંકર છે એવી ઘોષણા વહેતી મૂકી. તીર્થંકર પ્રભુના દર્શન કરવા તો સાચા–ખોટા શ્રાવક–શ્રાવિકાનાં વૃંદો, ઘરનાં તમામ કામકાજને પડતાં મૂકી ચાલી જ નીકળશે એમ

અંબડે માન્યું. પણ સુલસાના કાને એ વાત પહોંચી ત્યારે એને વિચાર થયો કે આ તીર્થંકર હોવાનો દાવો કરનાર કોઈ ઠગ જ હોવો જોઈએ. પચીસમા તીર્થંકર જૈન શાસનમાં સંભવતા જ નથી. તીર્થંકરના નામે સુલસાની બુદ્ધિનો કે વિવેકનો દીપક ઓલવી ન નાખ્યો. ભ૦ મહાવીર છેલ્લા અને ચોવીસમા તીર્થંકર છે એ પ્રકારની એની મેરુ સમાન અચળ શ્રદ્ધાને અંબડ ડગાવી શકયો નહિ.

અંબડ બીજું કંઈ અધિક સમજ્યો કે નહિ તો કોણ જાણે પણ એ એટલું બરાબર જોઈ શકયો કે સુલસા શ્રાવિકા સામાન્ય સ્ત્રી હોવા છતાં એનામાં એક એવી અસામાન્યતા હતી કે જે બીજી હજારો ને લાખો સ્ત્રીઓમાંથી પણ ભાગ્યે જ કોઈ એકમાં હોય. સુલસા લોકવાયકા, લોકપરંપરા કે કુતૂહળથી પ્રેરાઈને પોતાની શ્રદ્ધાનો દોર તોડી નાખે– પ્રવાહમાં તણાતા જતા તરખલાની જેમ દોડવા કે નાચવા મંડે એવી દુર્બળ, છીછરી શ્રદ્ધાવાળી સ્ત્રી નહોતી. ભગવાન મહાવીરના અંતરમાં એણે જે શ્રાવિકાનું સ્થાન મેળવ્યું હતું તે તેના અધિકારની જ વસ્તુ હતી.

બધા દાવમાં હારેલો ખેપાની અંબડ હવે શ્રાવકના વેશમાં સુલસાને ત્યાં ગયો. પોતાનો કોઈ એક ધર્મબન્ધુ આવે છે એમ જોતાંની સાથે જ સુલસા શ્રાવિકા તેને સત્કારવા સામે ગઈ. અંબડની નજીક પહોંચી બે હાથ જોડી નમસ્કાર કર્યા. જાણે કે ઘણે દિવસે પોતાના ધર્મભાઈને મળતી હોય તેમ પૂરા વિનય અને ઉલ્લાસ સાથે કુશલ સમાચાર પૂછ્યા.

હવે જ અંબડે, અત્યાર સુધી સંતાડી રાખેલી હકીકત સુલસા પાસે રજૂ કરી.

"તીર્થયાત્રા કરતો કરતો હું ચંપાપુરીમાં જઈ ચડ્યો હતો. ત્યાં ભ૦ મહાવીરનો ધર્મોપદેશ સાંભળ્યો. હું અહીં આવવાનો છું એમ જાણ્યા પછી પ્રભુએ કહ્યું કે રાજગૃહી જાઓ તો સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો. એટલે એ સંદેશો પહોંચાડવા તમારી પાસે આવ્યો છું."

ભગવાન મહાવીરનું નામ સાંભળતાં જ સુલસાના અંગે-અંગમાં આનંદની ઝણઝણાટી વ્યાપી ગઈ. મનમાં ને મનમાં જ એ ભગવાનનાં શક્તિ–સામર્થ્ય અને લોકોપકારની સ્તુતિ કરવા લાગી. સુલસા ગૃહિણી હતી. ઘરનાં અને વ્યવહારનાં ઘણાં કામ એને સંભાળવાં પડતાં. પણ પાણી ભરીને જતી, સરખે–સરખી વયની સખીઓ આનંદ–કલ્લોલ કરતી હોય, છતાં એમનાં ચિત્ત તો બેડાં સાથેજ ચોંટેલાં હોય તેમ સુલસા શ્રાવિકા ભગવાન મહાવીરના ચરિત્રનું અહોનિશ ચિંતન કરતી. એ મહાવીરમાંજ જીવતી. એના ચિંતન અને મનનનો જો કોઈ નીચોડ કાઢવા બેસે તો એમાંથી ભગવાન મહાવીર સિવાય બીજું કંઈ ન નીકળે.

ભ. મહાવીરના ધર્મલાભ લઈ આવનાર અંબડનું પોતાના સગા ભાઈ કરતાં પણ અધિકું આતિથ્ય કર્યું. અતિથિને પણ થયું કે ભગવાન પ્રત્યે જે આટલી નિષ્ઠા અને શ્રદ્ધા ધરાવે છે તેને ભગવાન જો પોતાના અંતરમાં સ્થાન ન આપે તો એ ભગવાનના વિશેષણને યોગ્ય જ ન ગણાય.

× × ×

સુલસાનો પતિ નાગ રથિક, સુલસા પ્રત્યે અનન્ય સ્નેહ ધરાવતો. એ જેવો રણકળામાં કુશળ હતો તેવોજ ઉદાર હતો.

બહુ પત્નીઓ પરણવાનો જે કાળે સામાન્ય રિવાજ હતો તે વખતે પણ નાગ રથિક એક પત્નીવ્રત પાળતો. શરૂઆતમાં સુલસા જ્યારે પરણીને પતિગૃહે આવી અને થોડા વખત સુધી પોતાને કંઇ પુત્ર–સંતતિ થાય એમ ન લાગ્યું ત્યારે તેણેજ પતિને બીજી યોગ્ય સ્ત્રી સાથે લગ્ન કરવાનો આગ્રહ કર્યો. નાગ રથિકને બહુ બહુ રીતે બીજીવાર પરણવા, સુલસાએ સમજાવ્યો, પણ તે પોતાના વ્રતમાં અડગ રહ્યો.

રથિકને પુત્રની વાંછા જ નહોતી એમ નહિ, પણ સુલસા જેવી ભલી–ભોળી નારીને એ દુભવવા નહોતો માંગતો. પુત્ર પ્રાપ્તિની એની કાંક્ષા ઓછી તીવ્ર નહોતી. તે જ્યારે પોતાના સ્નેહી કે પાડોશીના આંગણામાં નાનાં બાળકોને કલ્લોલતાં જોતો ત્યારે એનું મન પુત્રપુત્રીના અભાવે ઉદાસ થઈ જતું. સુલસા એ ઉદ્વેગ બરાબર વાંચી શકતી. પતિના દુઃખમાં એ સહભાગી બનવા પ્રયત્ન કરતી. રથિક અને સુલસા ઊંડે ઊંડે એવી મર્મવેદના અનુભવતા કે જે કોઈને કહેવાય નહિ તેમ સહેવાય પણ નહિ.

નાગ રથિક, રાજગૃહીના મહારાજા બિંબિસારનો માનીતો હતો. વિપત્તિનાં વાદળ ફરી વળ્યાં હોય, રસ્તો સૂઝતો ન હોય એવે વખતે પોતાના રથની લગામ બિંબિસાર નાગ સારથીના હાથમાં સોંપતા. અને નાગ સારથી, સાક્ષાત્ મૃત્યુની સામે ઝઝૂમીને પણ મહારાજને ક્ષેમકુશળ ઘેર પહોંચાડતો. મંત્રી અને અમાત્યો કરતાં પણ આવા સારથી ને મહારથી રાજ-દરબારમાં વધુ પ્રતિષ્ઠાપાત્ર મનાતા.

આવો બહાદૂર, રાજમાન્ય, રૂપશીલ પતિ જ્યારે બહારથી ઘેર આવતો ત્યારે દિલમાં ક્યાંઈક પણ ઊંડી વ્યથા હોય એમ ગમગીન બની જતો. સુલસા એને સમજાવતી.

"સંતતિ હોવી કે ન હોવી ભાગ્યાધીન છે. એ વિષે હર્ષ શોક કરવો એ નરી નબળાઈ છે. પુત્ર કે પુત્રી થોડાં જ સ્વર્ગે પહોંચાડવાનાં હતાં? અને પુત્ર–પુત્રી હોય તો જ કુળ કે વંશની આબરૂ જળવાય એવો કંઈ નિયમ નથી."

લગ્ન, પુત્ર, શ્રાદ્ધ, તર્પણ એ શબ્દોને લોકપ્રવાહે પવિત્રતાના રંગથી એ વખતે રંગી નાખ્યા હતા. "અપુત્રકની સદ્ગતિ કેમ સંભવે? એનું શ્રાદ્ધ કોણ કરે? પુત્ર ન હોય તો પૂર્વજોની પરંપરાનું શું થાય?" લોકજીભે ઉચ્ચારાતાં આ વાકયોએ જાણે કે લોકોને વિચારશૂન્ય બનાવી દીધા હતા. નાગ રથિકના મન ઉપર એની છાયા પડી હતી.

સુલસા પોતાની કોમળ વાણીથી કહેતી: "બ્રહ્મદત્ત ચક્રવર્ત્તી જેવાને, આ ભવમાં જ, અંધાપામાંથી એમનો પુત્રપરિવાર બચાવી શકયો નથી તો બીજા લોકમાં પુત્રો માતાપિતાને બચાવે એ શું સંભવિત છે? પુત્રો જ અંદર અંદર એવા લડ્યા કે ધૃતરાષ્ટ્રના કુળનું નખ્ખોદ નીકળી ગયું અને રાવણ જેવા પુત્રને લીધે એનો આખો વંશ કલંકિત બન્યો એ બધું શું આપણે નથી જાણતા?" રથિક એવી વાતો શાંતિથી સાંભળી લેતો. સુલસાને એ કંઈ ખાસ જવાબ આપી શકતો નહિ. બહુ બહુ તો તે એટલું કહેતો કે "ધર્મની ઊંડી વાતો હું ન સમજું. ઘરમાં આવ્યા પછી મારું મન ઉદાસ બની જાય છે." એ જ વાત બીજા શબ્દોમાં મૂકીએ તો નાગ સારથીનું હૈયું હેતભર્યું હતું–એ હેત ઠલવવાને એને પુત્ર–પરિવાર જેવા પાત્રની જરૂર હતી. ઉભરાતો વાત્સલ્યભાવ એ કયાં જઈને ઠલવે?

એવામાં બે સાધુ પુરુષો ગોચરી ફરતા સુલસાના

આંગણામાં આવીને ઊભા. સુલસા અતિથિ સંવિભાગમાં માનતી. રોજ એ અતિથિની આકાંક્ષા રાખતી. પોતાના ઘરને માટે તૈયાર થતાં કે થયેલાં ભોજન–ખાનપાનમાં અતિથિનો પ્રથમ હક્ક છે એમ એ માનતી. સુયોગ્ય મુનિઓને વહોરાવ્યા પછી, બાકી જે રહે તે જ પોતાના માટે ઉચિત આહાર છે એવી તેની પાકી સમજણ હતી.

મુનિઓને ઊભેલા જોઈને સુલસા સહર્ષ એમની સામે જઈ બે હાથ જોડીને ઊભી રહી,

"ભગવન ! આપના ચરણે મારું ઘરઆંગણું પાવન થયું છે. આપને જે વસ્તુનો ખપ હોય તે કહો."

"સાંભળ્યું છે કે તમારે ત્યાં લક્ષપાક તેલ છે. અમારામાંના એક સાધુને ઔષધીની ખાતર એની જરૂર પડી છે." લક્ષપાક તેલ, એમ કહેવાય છે કે, ઘણી લાંબી, ખરચાળ અને બુદ્ધિયુક્ત પ્રક્રિયા માગે છે. એ તેલ ઘણાં દર્દો ઉપર અકસીર ઉપાય તરિકે યોજાતું. સારા શ્રીમંતો કે રાજકુટુંબો સિવાય ભાગ્યે જ એવું તેલ મળતું.

આવી કીમતી વસ્તુ આપવાનો પોતાને પ્રસંગ સાંપડ્યો છે તે જાણીને સુલસા હર્ષઘેલી બની ગઈ. પોતાની કોઈ પણ વસ્તુ બીજાને કામ આવે તે જોવા સુલસા હંમેશાં આતુર રહેતી. એમાંયે વળી આ તો મુનિરાજ હતા–બીમાર મુનિ માટે લક્ષપાક જોઇતું હતું.

ઉત્સાહભેર સુલસા લક્ષપાક તેલ લેવા ઘરમાં દોડી ગઈ. હોંશમાં તેલનો ઘડો લાવતાં કંઈક એવો અકસ્માત બન્યો કે ઘડો ધરતી ઉપર પછડાયો અને મહામૂલું તેલ ધૂળભેગું મળી ગયું.

પ્રાણની જેમ જાળવેલા ઘડાની આવી દુર્દશા થતી જોયા પછી કોઈ પણ સ્ત્રી કે પુરુષને ઊંડો આઘાત થયા વિના ન રહે. સુલસાનું મોં પડી ગયું, પરંતુ અત્યારે અફસોસ કરવાનો કે રોદડાં રોવાનો વખત નહોતો. તે ફરીવાર અંદર જઈને બીજો ઘડો એટલા જ ઉલ્લાસથી લઈ આવી.

એક વાર નહિ, બે વાર નહિ, ત્રણ ચાર વાર એ તેલના ઘડા ઢોળાઈ ગયા, છતાં સુલસાના મોં ઉપર ચિંતા કે ગ્લાનિની એક પણ સ્પષ્ટ રેખા ન ઉપસી. હકીકત એવી છે કે દેવોએ જ સુલસાના ધૈર્યની કસોટી કરવા આ કારસ્તાન રચ્યું હતું. મુનિના વેશમાં આવેલા દેવોએ પોતે જ આખરે ખુલાસો કર્યો: “એ ઘડા અમે જ ઢોળ્યા છે. અમે તમારી કસોટી કરવા આ વેષ લઈને આવ્યા હતા.”

સુલસાના ઔદાર્ય, ધૈર્ય અને સમર્પણથી પ્રસન્ન થયેલા દેવોએ જતાં જતાં સુલસાને બત્રીસ ગોળીઓ આપી. એક એક ગોળી ખાવાથી એકંદરે બત્રીસ પુત્રો અનુક્રમે થશે એમ એ દેવો કહેતા ગયા. તે ઉપરાંત સ્મરણ કરવા માત્રથી પોતે સુલસાને સહાય આપવા આવી પહોંચશે એવું વચન પણ આપતા ગયા.

સાધુઓ અથવા તો દેવો ગયા પછી સુલસા વિચાર કરવા લાગી: “બત્રીસ ગોળી અને બત્રીસ પુત્રો! પણ આટલાં બધાં સંતાનોને હું શું કરું? એના કરતાં જો બત્રીસે ગોળીઓ એકી સાથે ગળી જઉં અને બત્રીશને બદલે એક પણ બત્રીશલક્ષણો પુત્ર થાય તો કેવું સારું?”

કોઈની સલાહ લીધા વિના સુલસા ઉતાવળી બનીને એકી સાથે બત્રીસે ગોળીઓ ગળી ગઈ. અનુભવ વગરની એ

વિદુષી, ભદ્રિક નારીને એ સાહસની આકરી સજા સહન કરવી પડી. દિવસો જતાં બત્રીસ ગોળીઓના બત્રીશ ગર્ભ બંધાયા. ઉદરમાં એનો સમાવેશ નહિ થઈ શકવાથી સુલસા અકથ્ય વેદના ભોગવવા લાગી. સુલસાને અને મૃત્યુને માત્ર બે તસુનું જ છેટું રહી ગયું. અસહ્ય ઉદરવ્યથાથી રીબાતી સુલસા, રોજની જેમ આ વખતે પણ કાયોત્સર્ગ કરી, અરિહંત ભગવાનનું ધ્યાન ધરવા લાગી. એ વખતે પેલા દેવોનું પણ સ્મરણ થઈ આવ્યું.

દેવ–જેણે આ બત્રીશ ગોળીઓ આપી હતી. તેણે આવીને પહેલાં સુલસાને, એના અવિચાર માટે થોડો ઠપકો આપ્યોઃ કેટલું મોટું ભયંકર જોખમ ખેડયું હતું તેનો ખ્યાલ આપ્યો. સુલસા એ બધું શાંતિથી સાંભળી રહી. એને પોતાની ભૂલ સમજાઈ, પણ હવે એ સુધરી શકે એમ તો હતું જ નહિ.

દેવે, ગમે તેમ કરીને, એ ઉદરવ્યથા અટકાવી દીધી. પરિણામ એ આવ્યું કે સુલસા એકી સાથે બત્રીશ પુત્રોની માતા બની. નાગ રથિકનું પુત્રશૂન્ય ઘર બત્રીસ બત્રીસ લાડીલા પુત્રોના કલરવથી ગુંજી ઊઠયું.

સુલસા અને નાગ સારથી સંસારસુખની લગભગ છેલ્લી ટોચે પહોંચ્યાં હતાં. એટલામાં એક નવું તોફાન ઊઠયું કે જેણે આ ખીલેલા ઉદ્યાનને સાવ વેરાન બનાવી મૂકયું. પુત્રો ઉમરલાયક થયા અને તેમને પરણાવ્યા એટલામાં ભાગ્યચક્રે સુલસાનાં બધાં સુખ–સ્વપ્ન ઉડાડી મૂકયાં.

× × ×

“મોટી બહેન! મને તમારી વિના નહિ ગમે. હું તમારી સાથે જ આવીશ.”

"હમણાં થોડા દિવસ ખમી જા! પાછળથી હું તને બોલાવી લઇશ. તું જો વધારે દુરાગ્રહ કરશે તો આપણી બન્નેની બાજી બગડી જશે."

લગભગ સરખે સરખી વયની સમાન રૂપ અને સમાન શીલવાળી બન્ને યુવતી કુમારિકાઓ વચ્ચે, ચેટકરાજાના અંતઃપુરમાં આવો છૂપો ગજગ્રાહ ચાલી રહ્યો હતો. એક કહે "હું આવું" બીજી કહે કે "આજે નહિ."

સામાન્ય દિવસોમાં બન્ને બહેનો, પડછાયાની જેમ એક–બીજાની સાથે ને સાથે જ રહેતી ને હરતી ફરતી. બન્ને વચ્ચે અકૃત્રિમ સ્નેહ હતો. રુચિની એકતાને લઇને હોય કે પૂર્વભવના ઋણાનુબંધને લઇને હોય કે ગમે તેમ હોય, પણ સુજ્યેષ્ઠા અને ચેલણા એક જ આત્માના બે દેહ હોય તેમ તોડી ન શકાય એવા સ્નેહતંતુથી સંકળાયેલી હતી. ચેટક મહારાજાને બીજી પણ પુત્રીઓ હતી. પરંતુ સુજ્યેષ્ઠા અને ચેલણા વચ્ચે પ્રાયઃ તાદાત્મ્યતા હતી એમ કહીએ તો ચાલે.

સુજ્યેષ્ઠા, રાજગૃહીના બિંબિસાર મહારાજા પ્રત્યે મોહ-પાશથી આકર્ષાઈ હતી. તે પોતાના પિતાના ઘરમાંથી છાનીમાની નાસી છૂટી, વૈશાલીની બહાર જઈ, બિંબિસાર સાથે ગાંધર્વલગ્ન કરવા માગતી હતી. રાજગૃહીના યુવરાજ અભયકુમારની સહાયથી નાસવાની બધી વ્યવસ્થા થઇ ચૂકી હતી. બુદ્ધિના ભંડારરૂપ અભયકુમાર પોતે જ જ્યાં આગેવાન હોય ત્યાં વ્યવસ્થામાં કંઈ ખોડ–ખામી ન હોય. ચેટક રાજા વૈશાલીનો આગેવાન ક્ષત્રિય–રાજા હતો. એનો પડ્યો વેણ ઝીલવા વૈશાલીના ક્ષત્રિય કુમારો તૈયાર રહેતા. તે પોતાની પુત્રી રાજગૃહીના મહારાજાને પરણાવવા અનિચ્છુક હતો. એટલે

જ અભયકુમારે વૈશાલીમાં છૂપે વેશે રહી, સુજ્યેષ્ઠાને છાની રીતે નસાડવાની તડામાર તૈયારીઓ કરી રાખી હતી. વૈશાલી-માંથી જમીનની નીચે ભોંયરું ખોદાવી, રાજગૃહીના સીમાડા સુધી પહોંચાડેલું. સુજ્યેષ્ઠાએ આ ભોંયરામાંથી ભાગી છૂટવું એવી બધી ગોઠવણ થઈ ચૂકી હતી. સુજ્યેષ્ઠા જાય તો પછી ચેલણા જીવી જ કેમ શકે? એટલે ચેલણાએ હઠ પકડી કે "હું તારી સાથે જ આવીશ." સુજ્યેષ્ઠાએ બહુ બહુ પ્રકારે એને સમજાવી, પણ તે એકની બે ન થઈ. ન છૂટકે એકને બદલે બન્ને બેનોએ ભોંયરાના માર્ગે ભાગી જવું એવો નિર્ણય કર્યો. ચૈત્ર શુદિ બારશનો દિવસ મુકરર કરવામાં આવ્યો.

મહારાજા શ્રેણિક–બિંબિસાર પોતે સુજ્યેષ્ઠાને તેડવા ભોંયરાના પ્રવેશદ્વાર પાસે આવ્યા હતા. વૈશાલી અને રાજગૃહી વચ્ચે હંમેશા વૈમનસ્ય જેવું રહેતું. વૈશાલીનું ગણતંત્ર, બિંબિસાર જેવા એકચક્રી રાજવીઓ રખેને પચાવી જાય એવી વૈશાલીવાસીઓને ચિંતા રહેતી અને બિંબિસાર પણ તક મળે તો ચંપાની જેમ જ વૈશાલી ઉપર પોતાનો ઝંડો રોપવાના અભિલાષ ધરાવતો. આવી સ્થિતિમાં જો ચેટકને કે લિચ્છવી-ઓના બીજા કોઈ આગેવાનને આ ષડયંત્રની ગંધ સરખી પણ આવે તો ભયંકર સંગ્રામ થયા વિના ન રહે. કદાચ મહારાજા બિંબિસારને કેદી બનવાનો પણ વખત આવે. છતાં સુજ્યેષ્ઠાના મોહે બિંબિસાર એટલું જોખમ ખેડવા તૈયાર થયા હતા.

બિંબિસારના સારથી તરિકે આ વખતે નાગ રથિકની નિમણૂક થઈ હતી. જોખમો અને સાહસોથી તે ટેવાયેલો હતો. પોતાના પ્રાણના ભોગે પણ તે મહારાજા બિંબિસારનું રૂંવાડું

ખાંડું થવા ન દે એવો સૌ કોઇનો એની ઉપર વિશ્વાસ હતો.

સુજ્યેષ્ઠાનું વૈશાલીમાંથી હરણ કરવું એ તો સિંહને નાથવા જેવી વિકટ વાત હતી. છૂપા રસ્તે, છૂપી ગોઠવણથી જ એ હેતુ સધાય. શ્રેણિક અહીં અંગરક્ષકોની મોટી સંખ્યા લઈ જઈ શકે એમ નહોતું. માત્ર નાગ મહારથી અને તેના બત્રીસ પુત્રો આ કટોકટીને પહોંચી વળવા બસ હતા.

નિરધારી રાખેલી યોજના પ્રમાણે, સુજ્યેષ્ઠા અને ચેલણાએ ચેટકના મહેલની બહાર નીકળી ભોંયરામાં પ્રવેશ કર્યો અને તૈયાર ઊભેલા રથમાં બેઠી. મહારાજા બિંબિસાર સુજ્યેષ્ઠા કોણ અને ચેલણા કોણ તે કળી શકયા નહિ. રથનું પૈડું ફર્યું એટલામાં સુજ્યેષ્ઠાને પોતાનો ઘરેણાંનો ડાબલો યાદ આવ્યો– ઉતાવળને લીધે તે ઘરમાં જ રહી ગયો હતો. બે–ચાર પગોની અંદર જ પોતે પાછી આવશે એમ કહીને તે પાછી ડાબલો લેવા ઘર તરફ ગઈ.

થોડી વાર થઇ પણ સુજ્યેષ્ઠાનો પદરવ ન સંભળાયો. શ્રેણિકને થયું કે: "આમ ચોરી કરવા આવવું અને રાહ જોતા ઊભા રહેવું એ આપઘાતને આમંત્રણ આપવા જેવું છે. વળી સુજ્યેષ્ઠા તો રથમાં બેઠી છે, એની બહેનને સાથે ન લેવાય તો શું થયું ?" આવો વિચાર કરીને એમણે સારથીને રથ આગળ ચલાવવાની આજ્ઞા કરી.

રથ ઊપડયો અને સુજ્યેષ્ઠા આવી. પોતે રહી ગઈ છે એમ જાણતાં જ તે મોટેથી આક્રંદ કરવા મંડી ગઈ. વૈશાલી-વાસીઓ પણ કંઈક ભારે કાવતરું થયું છે એવા ભયથી એકદમ ચોંકી ઉઠ્યા. જોતજોતામાં વશાલીનું સૈન્ય પણ આવી પહોંચ્યું. રાજગૃહીના મહારાજા લિચ્છવીઓની હકૂમતમાં આવીને ચેટક

જેવા લોકતંત્ર–શાસનના એક ગણાધિપની કન્યાનું હરણ કરી જાય છે એવા સમાચાર ફેલાતાંની સાથે જ શ્રેણિક જાણે કે વૈશાલીનું નાક કાપી જતો હોય એવો વૈશાલીના પ્રજાજનોને આંચકો લાગ્યો. વૈશાલીનાં જુવાનો–સૈનિકો શ્રેણિકની પાછળ પડયા.

દાવાનળની વચ્ચેથી રથને બહાર લઈ જવાનો હોય તેમ નાગ સારથીએ અશ્વોને મારી મૂકયા. શ્રેણિકની પાછળ લિચ્છવી જુવાનોનો માર્ગ રોકીને સુલસાના બત્રીસ પુત્રો બચાવ કરતા ઊભા રહ્યા. સામી છાતીએ એમણે વૈશાલીના ઘા ઝીલ્યા. વૈશાલીની સંખ્યા મોટી હતી. એકે એકે કરીને બત્રીસ ભાઈ-ઓએ રણશય્યા લીધી. પણ જ્યાં સુધી છેલ્લો ભાઇ ઘવાઇને ઢળ્યો નહિ ત્યાં સુધી શ્રેણિકના રથની આડે એમણે કીલ્લેબંધી કરી વાળી. શ્રેણિક જો કે રાજગૃહીમાં પહોંચ્યા. નગરીમાં ઉત્સવનાં તોરણ બંધાયાં, પણ આખી રાજગૃહી જ્યારે આનંદની લહેરોમાં મહાલતી હતી ત્યારે સુલસા પોતાના સૂના સંસાર-ની સ્થિતિ વિચારતી એકાંતમાં ખિન્ન હૈયે બેઠી હતી.

સુલસાનું હૃદય, ગમે તેમ પણ માતાનું હૃદય હતું. બત્રીશ–બત્રીશ પુત્રોનાં મરણ જીરવવાની તાકાત એ તુરતમાં તો શી રીતે બતાવી શકે ? દુઃખના પ્રથમ આઘાતે એના અંતરમાં કેવી કારમી વ્યથા ઊપડી હશે તે કોઇએ નથી કહ્યું. એની અંતર્મુખ બનેલી વૃત્તિનાં જ વર્ણન આપણે સાંભળીએ છીએ.

સુલસા એક દિવસે પુત્રરહિત હતીઃ દેવની કૃપાથી બત્રીશ –બત્રીશ પુત્રોની અહોભાગિની માતા બનવા ભાગ્યશાળી થઇ. પણ જો આ અણધારી આફત સુલસા ઉપર ઊતરી ન હોત,

તો કદાચ એના અંતરમાં આટલો વિરાગ કે ઉપશમ ન પરિણમત. ધીમે ધીમે બત્રીશ પુત્રોના વિરહતાપને એ ઘોળીને પી ગઈ. સંસારના સુખ, વૈભવ, પુત્રપરિવાર એ બધું જાણે કે કોઇ ઇંદ્રજાળ હોય–મૃગજળ હોય તેમ માનીને–પુત્રોને સંભારીને એક ઉષ્ણ નિશ્વાસ સરખો પણ સુલસાએ, તે પછી નથી નાખ્યો.

ધરતી જેટલી જ ધૈર્યવતી આ શ્રાવિકા હવે પૂરા વેગથી આત્મશુદ્ધિ તરફ વળી. વીર જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરતી, સવાર–સાંઝ દોષનું નિવારણ કરવા પ્રતિક્રમણ આચરતી, છઠ્ઠ–અઠ્ઠમ જેવી તપશ્ચર્યાને જીવનસાથી બનાવતી અને તીર્થપર્યટનમાં લગની ધરાવતી સુલસા શ્રાવિકા, મહાવીર પ્રભુની એક અગ્રગણ્ય ઉપાસિકા તરિકેની નામના શ્રમણસંઘના ઇતિહાસમાં મૂકી ગઇ. ભાવી ચોવીશીમાં સુલસા સતીનો જીવ પંદરમા તીર્થંકર નિમર્મ થશે. આવું તીર્થંકરપદ પ્રાપ્ત કરીને તે પોતાનું આ જીવન ધન્ય કરી ગઈ.

# ૩. મૃગાવતી

કવિની લેખિની કે કળાકારની પીંછી, તીર અથવા તલવાર કરતાં પણ વધુ તાકાતવાળી હોય છે. એ લેખિની કે પીંછી ઉપર શુદ્ધ કળાભક્તિ, નીતિ, સુરુચિ અથવા સંયમની પ્રભુતા જ્યાં સુધી વસે છે ત્યાં સુધી જ તેમાંથી લોકહિતની અમૃતધારા અવિચ્છિન્ન વહે છે. પણ જે ઘડીએ કવિ કે કળાકારના સ્વચ્છંદ, વેર કે બીજી કોઈ મલિનવૃત્તિનો મેલ તેમાં ભળે છે, તે ઘડીએ રોગના જંતુથી ભરેલા વાયુની જેમ વિઘાતક અને ભયંકર તે બની જાય છે.

કૌશાંબીનો યુવાન ચિત્રકાર, સાકેતપુરમાં જઇને ચિત્રકળાની ઉપાસના કરવા રહ્યો ત્યારે કેટલો ઉદાર, વિનયી અને ભાવનાશાળી હતો? જે વૃદ્ધ ડોશીમાને ત્યાં એ ઊતર્યો હતો તે ડોશીમાનો પુત્ર પણ રેખા ને રંગનો ઉપાસક હતો. એક દિવસે સુરપ્રિય નામના યક્ષના દેવાલયમાં જઈને યક્ષનું ચિત્ર આંકવાનો એનો વારો આવ્યો. વારાની ના પાડી શકાય એમ નહોતું. ગામના લોકોએ પોતે જ, રાજાને વચ્ચે રાખીને, આ નિયમ બાંધ્યો હતો. અને ડોશીમાનો વહાલો–ખોટનો દીકરો જો યક્ષના મંદિરમાં જાય–રૂઢિ પ્રમાણે ત્યાં જઇને ચિત્ર આંકવા બેસે તો એનો ભોગ લેવાય એ નિશ્ચિત વાત હતી. યક્ષના મંદિરમાં, યક્ષનું ચિત્ર આંકવા જવું એ યમના મુખમાં પ્રવેશ કરવા જેવું હતું. વૃદ્ધ મા પોતાના પુત્રનો યક્ષ ભોગ લેશે એમ જાણીને કરુણ આક્રંદ કરવા લાગી. એ જ ઘડીએ પેલા કૌશાંબીના યુવાન ચિત્રકારે આવીને વૃદ્ધ માજીને

હિમ્મતપૂર્વક કહ્યું: "મા ! ચિંતા ન કરો. યક્ષના મંદિરમાં તમારા પુત્રને બદલે હું જઈશ !"

માતાને જરા ટાઢક તો વળી પણ કૌશાંબીનો આ યુવાન એને પુત્ર જેટલો જ વહાલો હતો. આવા આશાભર્યા યુવાનની મા અને બહેન બિચારાં રાહ જોતાં ઘેર બેઠાં હશે. એનો પણ ભોગ કેમ દેવાય ?

"બેટા ! તું પણ મારો જ પુત્ર છે. તું જાય કે મારો પુત્ર જાય, મારે મન બધું સરખું જ છે." માતાની દુર્બળ આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસતો જ રહ્યો.

"યક્ષને હું જોઈ લઈશ. પણ હું બેઠો હોઉં અને યક્ષ તમારા પુત્રને ભરખી જાય એવું તો કોઈ કાળે પણ ન બનવા દઉં." કૌશાંબીના યુવાનની આંખોમાં નિર્ભયતા અને આત્મભાનનું તેજ ચમકી ઊઠ્યું.

તે કાળ ને તે સમયમાં યક્ષોની સત્તા ઇશ્વરી પ્રભાવને પણ વટાવી ગઈ હતી. યક્ષો જ મોટે ભાગે પૂજાતા અને યક્ષના ભયથી લોકો થરથરતા. યક્ષને નામે જે આજ્ઞા પ્રચલિત થઇ હોય તેની સામે કોઈથી ઊંચી આંગળી પણ ન થાય. યક્ષના મંદિરમાં રાતવાસો પણ કોઈથી ન રહેવાય. દેવના પણ દેવ જો કોઈ હોય તો તે યક્ષો. યક્ષ રાક્ષસની જેમ માણસને ચૂસીને શેરડીના છોતરાની માફક ફેંકી દઇ શકે, યક્ષ મહામારી ફેલાવીને ગામનાં ગામ ઉજ્જડ–વેરાન બનાવી શકે. યક્ષ કે યક્ષિણીનું નામ સાંભળતાં લોકોનાં હાજાં ગગડી જતાં. એમને ખુશ રાખવા, એમને બલિ ધરવાં, એમના ઉત્સવ ઊજવવા એ જ જાણે કે જીવનની ક્ષેમ–કુશળતા હોય એવી માન્યતા ઊંડા મૂળ ઘાલીને બેઠી હતી.

આ યક્ષના ભય–સામ્રાજ્ય સામે પહેલો શંખ ભ૦ મહાવીરે ફૂંક્યો. દીક્ષા પછી થોડા જ સમયમાં ભ૦ મહાવીર અસ્થિક ગામમાં આવેલા ત્યારે ગામલોકોએ કહેલું : "આપજી ! આ યક્ષનાં મંદિરમાં રાત રહેવા જેવું નથી. અહીં શૂલપાણિ યક્ષ કોઈને જીવતો જવા દેતો નથી. એનો પૂજારી પણ સાંઝ પડે એટલે ઘરભેગો થઈ જાય છે. આવા તો કેટલાય માનવીને એણે ચૂસીને કેરીના છાલ–ગોટલાની જેમ ફેંકી દીધા છે."

પણ જો પ્રભુ મહાવીર બીજાની જેમ યક્ષથી ડરીને ચાલ્યા જાય તો એમનામાં ને સામાન્ય માનવીમાં શું ફરક ગણાય ? ભગવાન લોકોને નિર્ભયતા અને કષ્ટસહિષ્ણુતાનો, પુરુષાર્થ અને આત્મનિર્ભરતાનો પાઠ શીખવવા માગતા હતા. એમણે ત્યાં જ રાત્રિવાસ કર્યો અને એ ભય–સામ્રાજ્યના સમ્રાટને પોતાના શરણે આણ્યો. આવા બીજા પણ ઘણા પ્રસંગો ભ૦ મહાવીરના જીવનમાં છે.

આવા એક યક્ષની છાયામાં જવું એ રમત વાત છે ? ત્યાં એકલા રાત કાઢવી અને યક્ષનાં જે વિકરાળ સ્વરૂપો લોકવાણીમાં મૂર્ત્તિમંત બન્યાં હતાં તેનો સામનો કરવો એ કાચાપોચા યુવાનનું કામ નહોતું. છતાં કૌશાંબીનો યુવાન ચિત્રકાર એ કાળભૈરવને ભેટવા તૈયાર થયો. એક તો આ ડોશીમાના પુત્રને બચાવવો અને પોતાનું બલિદાન દઈને પણ સાકેતપુરમાં ત્રાસ વર્તાવતી મહામારી અટકાવવી એવા બે હેતુ સંકળાયેલા હતા. સાકેતપુરના આ સુરપ્રિય યક્ષની પ્રતિમા જો કોઈ ચિત્રકાર ન આંકે તો રોગચાળો ફાટી નીકળે એવી લોકોને સતત બીક રહેતી. એક ચિત્રકારનો દર વર્ષે એ રીતે ભોગ અપાતો અને એ ભોગ ઉપર લોકો મહોત્સવ પણ કરતા.

સુરપ્રિયના દેવાલયમાં જે રાત રહે તે બીજે દિવસે જીવતો ન નીકળે એ ચોક્કસ હતું. કૌશાંબીનો યુવાન પૂરી તૈયારી કરીને યક્ષને ભેટવા ચાલ્યો. પહેલાં તો તેણે બે દિવસના ઉપવાસ કરી અંતઃશુદ્ધિ કરી લીધી. શરીરે સ્નાન કરીને ચંદનનું વિલેપન કર્યું. અંતરની અને બહારની શુદ્ધિ કરીને, પવિત્ર ભાવનાથી, મોં આડું આઠપડું વસ્ત્ર બાંધીને (મલિન શ્વાસોચ્છવાસ સરખો પણ દેવની આકૃતિને ન સ્પર્શવો જોઈએ એ આશયથી) તેણે તદ્દન નવીન પીંછીઓ અને સુંદર રંગથી મૂર્ત્તિ આલેખવા માંડી.

આવી ઉદાર, શુદ્ધ, પવિત્ર ભાવનાનો પ્રેર્યો જે યુવાન દેવઉપાસના અર્થે ગયો હોય તેને મલિન વૃત્તિવાળો દેવ પણ શું કરી શકે? ભયથી કંપતા હોય, ચિંતાથી ગભરાતા હોય, અનેકવિધ મેલી વાસનાથી ખરડાયેલા હોય તેની ઉપર મેલા દેવની કરામત કામ કરી જતી હશે, પણ અહીં તો સરળતા અને શુદ્ધિની મૂર્તિ જેવો, પ્રામાણિકતા અને બંધુતાના પ્રતીક સમો યુવાન પૂરા ભક્તિભાવથી, ચિત્રાંકનમાં તલ્લીન બનીને બેઠો હતો.

યક્ષ આવ્યો અને યુવાનની ભક્તિ જોઈ પ્રસન્ન થયો અને તેણે વર માગવાનો આગ્રહ કર્યો. ત્યારે પણ યુવાને પોતાના માટે કંઈ જ ન માગ્યું. એ પોતાને એક રીતે ભૂલી જ ગયો હતો એમ કહીએ તો ચાલે.

"યક્ષ દેવ! આપ સાચે જ પ્રસન્ન થયા હો તો હવે પછી કોઈ પણ ચિત્રકારનો ભોગ લેવાનું માંડી વાળો!" યુવાનની આ પહેલી માગણી હતી અને યક્ષને પણ તે સ્વીકારવી પડી. યક્ષને એટલેથી સંતોષ ન થયો.

"તું તારા માટે કંઈક પણ માગ!" ફરીફરીને યક્ષે યુવાનને દુન્યવી સ્વાર્થ-સંપત્તિ યાચવા આગ્રહ કર્યો. પણ એ તો પોતાની ધીરોદાત્તતામાં અડગ જ રહ્યો.

"આ નગરને મહામારી જેવા ઉપદ્રવથી ખેદાનમેદાન કદી ન કરશો." યુવાને બીજી માગણી નમ્રપણે રજૂ કરી.

આખરે યક્ષે પોતે જ યુવાનની ચિત્રકળા ઉપર આશિષ વર્ષાવી: "બીજાના ભલા માટે તેં ઘણું માગ્યું. પણ હવે હું મારી મેળે કળાને અભિનંદવા એટલું કહું છું કે તું મનુષ્ય, પશુ કે પંખીના કોઈ એક અંશને નીરખ્યા પછી તેનું આખું યથાસ્થિત ચિત્ર આંકી શકશે."

વિદ્યા કે કળાની સાધના એકલો અભ્યાસ નથી માગતી. હૃદયની વિશુદ્ધિ, સ્વાર્પણતા અને ઉદારતા એ સાધના ઉપર દેવતાઓના આશિષપુષ્પ વરસાવે છે. કૌશાંબીના યુવાન ચિત્રકારની પીંછીમાંથી હવે એક બીજાને ભુલાવે એવી સુરેખ ચિત્રાવલી પ્રકટવા લાગી. યક્ષના મંદિરમાંથી એ જીવતો બહાર આવ્યો એટલું જ નહિ પણ જોતજોતામાં જેટલો લોકમાન્ય તેટલો જ રાજમાન્ય બન્યો.

શતાનિક રાજાની ચિત્રસભામાં, એક દિવસે, એને પણ આમંત્રણ મળ્યું. અહીં અકસ્માત્ એક દુર્ઘટના બની ગઈ. એ દુર્ઘટનાએ કૌશાંબીના આ યુવાનનું માથું ફેરવી નાખ્યું. એની સાધનાનું જે પીઠબળ હતું તે જ તોડી નાંખ્યું. ઘટના તો બહુ સામાન્ય હતી, પરંતુ સામાન્ય ઘટના જોતજોતામાં કેવું અણચિંતવ્યું, અણકલ્પ્યું અને ભયંકર સ્વરૂપ ધારણ કરે છે અને એની અનિષ્ટ અસર કેટલે દૂર દૂર પહોંચી વળે છે તે અહીં દેખાય છે.

મહારાજા શતાનિકે તે વિશ્વવિખ્યાત ચિત્રકારને ચિત્ર-શાળામાં વિવિધ પ્રકારનાં જાનવરો અને વિવિધ વિચિત્ર દેખાવો ચિતરવા આજ્ઞા કરી. એથી તે ચિત્રકારે પોતાની પ્રશંસનીય કલમથી જાનવરો એવી ખૂબીદાર રીતે ચિતર્યાં કે તેઓ નિર્જીવ છતાં જાણે હમણાંજ બોલશે, ત્રાપ મારશે કે ખાઇ જશે એમ લાગે. એક વખત તેણે મહારાણી મૃગાવતીનું ચિત્ર ચિત્રશાળાની ભીંત ઉપર આલેખવા માંડ્યું. એણે મૃગાવતીને સ્વપ્નમાં યે નહોતી ભાળી. અંતઃપુરની ચાર દિવાલો વચ્ચે રહેનારી એ રૂપરાણીનાં દર્શન ભાગ્યે જ કોઇને થતાં. પણ એકવાર ચિત્રશાળામાં બેઠાબેઠા તેણે ઝરૂખામાં ઊભેલી મૃગાવતીના પગની પાની દીઠેલી. એ ઉપરથી એની ચિત્રસાધનાએ તેને મહારાણીનું સર્વાંગ સંપૂર્ણ ચિત્ર દોરવા પ્રેર્યો. યક્ષના વરદાનના પ્રતાપે તેણે મૃગાવતીના એકમાત્ર પગની પાનીના દર્શનથી આખા દેહની આબેહૂબ રૂપરેખા દિવાલ ઉપર ચીતરી. હવે એવું બન્યું કે ચિતરતી વખતે તે ચિત્રમાં જાંઘ ઉપર એક કાળા તલના જેવું ચિહ્ન પીંછીમાંથી ટપકું પડીને ઊઠી આવ્યું. આ જોઇ ચિત્રકારે તે ચિહ્ન કાઢી નાંખ્યું પણ ફરીને ત્યાં જ કાળું ટપકું પડ્યું એટલે ફરીને તે કાઢતાં વળી ત્યાંજ ત્રીજીવાર ટપકું પડ્યું. આથી ચિત્રકારે વિચાર્યું કે "મહારાણીને તે જગ્યાએ તલ હશે એટલે વરદાનના પ્રભાવે તે કાઢવા છતાં પડ્યા કરે છે તો હવે તેને રાખવું અને આ રેખા ચિત્રને વસ્ત્રધારણનો રંગ આપતી વખતે તે આપોઆપ ઢંકાઇ જશે." વસ્ત્રધારણનો રંગ આપવાનું બીજા દિવસ ઉપર મુલતવી રાખ્યું.

બીજે દિવસે એવું બન્યું કે મહારાજા શતાનિક પોતે જ ચિત્રશાળામાં આવી ચડ્યા. અનેક પ્રકારનાં ચિત્રોની અજબ ખૂબી જોઇ બહુ જ પ્રસન્ન થયા. પણ જ્યારે ચિત્રો જોતાં મહારાણી

મૃગાવતીનું રેખાચિત્ર જોયું ત્યારે પ્રથમ તો મૃગાવતીનો આવો રૂપરંગમય તાદૃશ ચિતાર જોઈ ખૂબ આશ્ચર્ય પામ્યા પણ ઝીણવટથી જોતાં જ્યારે તેણે મૃગાવતીની જાંઘ ઉપર તલનું ચિહ્ન અંકાયેલું જોયું ત્યારે તે શંકાશીલ બની એકદમ બેચેન બની ગયા. "મૃગાવતીની જાંઘ ઉપરનું તલનું આ ચિહ્ન કળાકાર કેવી રીતે જાણી શકયો ?" એ એક જ વિચારે તેની બુદ્ધિશક્તિને વમળમાં નાંખી દીધી.

રાજા શતાનિકને આ ચિત્રકાર અને મૃગાવતીના ચારિત્ર ઉપર વહેમ આવ્યો. બીજા કળાકારો અને મંત્રીઓએ "એણે યક્ષને સાધ્યો છે અને આવી કળા તે યક્ષના વરદાનનું ફળ છે" એમ હકીકત જણાવી રાજાના મનનું સાંત્વન કરવા તેને ઘણી રીતે સમજાવ્યો. પણ એનો ક્રોધાવેગ સંપૂર્ણપણે તો ન શમ્યો. એટલે તેને હળવામાં હળવી સજા તરીકે તેના જમણા હાથનો અંગૂઠો કાપી નાંખ્યો.

સદોષ તો નીચી મૂંડીએ સજાનો સ્વીકાર કરીને ચાલી નીકળે, પણ નિર્દોષ એવો અન્યાય કેમ સહન કરે ? કળાકાર સાવ નિરપરાધ હતો. એના કપાળે ખોટું કલંક ચોંટયું હતું. એટલું છતાં જો એ અન્યાયનો ઘૂંટ ગળા નીચે ઉતારી શકયો હોત તો એની કળા સાધના ઇતિહાસનું એક સોનેરી પ્રકરણ બની જાત. નિર્દોષો ઉપર ગુજરતા નાના મોટા અન્યાયો અને અત્યાચારોના ખાતરમાંથી જ સંસ્કૃતિના અંકુર ફૂટે છે. આ પ્રકારની ધીરોદાત્તતા ભલે કાયર કે કંગાળના દાંભિક બચાવ જેવી લાગે પણ ધર્મ અને સંસાર, સંસ્કાર તેમજ અધ્યાત્મના ક્રમવિકાસનાં બીજ એ અન્યાય સહન કરવાની શક્તિમાં જ છુપાયેલાં પડ્યાં હોય છે.

કૌશાંબીનો ચિત્રકાર, પોતાના રાજાના એ અન્યાયને પ્રસન્નચિત્તે પી ગયો હોત તો સંભવ છે કે શતાનિક સદેહે નવો અવતાર પામત, શુદ્ધ આધ્યાત્મિક નવજીવન મેળવી લેત. ઇતિહાસના વિધાયકને જ કદાચ એ વાત નહિ ગમી હોય, ગમે તેમ, પણ ચિત્રકારે હવે વેર વાળવાનો નિર્ણય કર્યો. એટલે જ સાત્ત્વિકતાના સીધા રાહ ઉપરથી તામસિકતાના સ્વાભાવિક છતાં નિકૃષ્ટ માર્ગે એ ઊતરી પડ્યો.

આ એ જ યુવાન હતો, જે એક વૃદ્ધ ડોશીમાના પુત્રને બચાવવા, યક્ષનું ખપ્પર પોતાના લોહીથી ભરી દેવા એક દિવસે તૈયાર થયો હતો. આ એ જ યુવાન હતો જેના સ્વાર્પણે લોહીતરસ્યા યક્ષના દિલમાં પલટો પેદા કર્યો હતો. આજે એ જ યુવાન શતાનિક ઉપરનું વેર વાળવા મૃગાવતીને સાધન બનાવવાનાં સ્વપ્ન સેવી રહ્યો હતો. યુવાન જીવનની ઉજ્જવળ ભાવનાઓ શું કમલપત્ર પરના ઝાકળ બિન્દુ જેવી હશે? સાંસારિકતાનો સહેજ હિલોળો લાગતાં એ ખરી પડતી હશે?

શતાનિકનો સમોવડિયો હોત તો તે બીજે જ દિવસે તેની સાથે સમરાંગણમાં ઉતરત. પણ એ તો બની શકે એવું નહોતું. બીજા રાજા–મહારાજાઓ, સામંતો કે સચિવો સાથે તેને સંપર્ક નહોતો. એટલે હવે તો પીંછીની સહાયથી જ શતાનિકનું સત્યાનાશ નોતરવાની એ યુવાને યોજના કરી. જે પીંછીમાં ભક્તિભાવ, રસોલ્લાસ જેવા અહોભાવો રેલાવવાની છૂપી તાકાત ભરી હતી, જે પીંછી યક્ષનો આશીર્વાદ મેળવી ચૂકી હતી તે જ પીંછી વેરતૃપ્તિ અને સર્વનાશનો દાવાનળ ફેલાવવા તૈયાર થઈ.

"શતાનિક મૃગાવતીની પ્રતિકૃતિ જોઈ વહેમાયો હતો.

તો હવે એ જ પીંછી અને એજ રંગથી મૃગાવતીનું એવું મોહક ચિત્ર આંકું, રંગ ને રેખામાં એવા ઊંડા–ઘેરા આતશ ભરું કે શતાનિકના પ્રતિસ્પર્ધીઓ મૃગાવતી ઉપર મોહિત બન્યા વિના ન રહે.” કળાની દિવ્ય શક્તિનો પૂરેપૂરો દુરુપયોગ કરવાનો એ યુવાને નિશ્ચય કર્યો. કળાને જ એણે હિંસક હથિયાર બનાવવાનો મનસૂબો કર્યો.

થોડા જ વખતમાં ભપકાદાર રંગોથી આંખોને આંજી નાખે એવું મૃગાવતીનું એક ચિત્ર તૈયાર કર્યું. ચિત્રની એકેએક રેખામાં, જોતાંની સાથે જ વાસનાની ભૂતાવળ જાગી પડે એવી ભભક ભરી દીધી. રંગ ને રેખાંકનમાં અતિશયોક્તિ કરવામાં કંઈ કચાશ ન રાખી.

એ વખતે રૂપની આગમાં પતંગિયાની જેમ કૂદી પડનારા રાજા–મહારાજાઓને શોધવા જવું પડે એમ નહોતું. ઉજ્જૈનીનો ચંડપ્રદ્યોત એ વિષયમાં નામચીન બની ચૂક્યો હતો. કોઈ પણ સ્થળે સારી સુંદર કન્યા કે સ્ત્રી હોય તો તે પોતાના અંતઃપુરને જ યોગ્ય છે એમ તે માનતો અને તેને મેળવવા કાવાદાવા કે ખાનાખરાબી કરવાં પડે તો તેને પણ સ્વાભાવિક જ સમજતો.

ચિત્રકારે આલેખેલું મૃગાવતીનું ભપકદાર ચિત્ર ઉજ્જૈનીની રાજસભામાં જઈને ચંડપ્રદ્યોત પાસે ધર્યું. ચિત્ર જોતાં જ પ્રદ્યોત બોલી ઊઠયો: “ખરેખર આવી નારી આ પૃથ્વી ઉપર વસે છે?”

ખરું જોતાં એ મૃગાવતીનું ચિત્ર જ નહોતું. આકાર ભલે મૃગાવતીનો હોય, પણ જે શીલ અને સૌહાર્દ એ નિર્દોષ નારીના અંગેઅંગમાંથી નિર્ઝરતાં હતાં તેને સ્થાને નરી

તાજગી અને અંગારા જેવી દાહકતા તો કળાકારે પોતે જ ઉમેરી હતી. મૃગાવતી પોતે કરુણા અને તાજી ખીલતી પુષ્પની પાંદડીઓથી જાણે ઘડાએલી હતી. મૃગાવતીની પાસે વસનાર જો કોઈ આ ચિત્ર નિહાળે તો તે એમ જ કહે કે "આ મૃગાવતીની મૂર્ત્તિ ન હોઈ શકે. મૃગાવતીના નામે કોઇએ આ માયાજાળ પાથરી લાગે છે." કળાનો એ અધઃપાત હતો. કળાકારની કિન્નાની વૃત્તિએ આજે મૃગાવતીના અંગમાં કુટિલતા જ સિંચી હતી.

ચંડપ્રદ્યોતને એ બધી વાતોનો વિચાર કરવા જેટલો અવકાશ નહોતો. એની આંખે કામુકતાના પડલ ન ચડયા હોત તો તે પહેલે જ ઝપાટે ચિત્રકારને કહી દેત: "આ મૃગાવતી ? ચેટક રાજાની પુત્રી ? શિવા દેવીની સગી બહેન ? એ મારી જ બહેન છે–મારી સ્ત્રીની બહેન એ મારી જ બહેન કહેવાય ! એના ચિત્ર સામે મારાથી મેલી દૃષ્ટિએ જોવાય જ નહિ ! લે તારું ચિત્ર ! આવી પવિત્ર અને સાત્ત્વિક નારીના નિર્મળ રૂપને વ્યાપાર કે વિક્રયની વસ્તુ બનાવતાં તારી પીંછી ભાંગી કેમ ન ગઈ ?"

પણ એ દિવસોમાં ચંડપ્રદ્યોતની, ભારતના મુખ્ય અને બળવાન રાજ્યોમાં જે રાડ બોલતી હતી, ઉશ્કેરાયેલા ચંડના વાયુવેગી આક્રમણની જે ધાક બેસી ગઇ હતી તે ઉપરથી એની પાસેથી એવી કોઇ આશા રાખવી એ વધારે પડતું ગણાય. મૃગાવતીના ચિત્રે ચંડપ્રદ્યોત ઉપર, ચિત્રકારે ઇચ્છી હતી તેવી જ ભૂરકી નાખી દીધી.

"આવું રૂપ તો મારી જિંદગીમાં હું પહેલી જ વાર

જોઉં છું." અનિમેષ નેત્રે ચિત્ર નિહાળતા ચંડપ્રદ્યોતથી બોલી જવાયું.

સળગેલી આગમાં વધુ કાષ્ઠ નાખવાનો સુયોગ મળ્યો હોય તેમ ચિત્રકાર કહેવા લાગ્યોઃ

"પૂર્ણમૃગાંક જેવા મુખવાળી અને મૃગાક્ષી સમાન એ મૃગાવતીનું આ ચિત્ર તો હજી ઘણી ઘણી વાતે અધૂરું છે. જે કદી વાણી કે પીંછીમાંથી ઊતરી શકે એમ જ નથી, તેની તો આપે માત્ર કલ્પના જ કરી લેવાની રહે છે."

"કૌશાંબીના શતાનિકની જ એ રાણી?" ચંડપ્રદ્યોત સ્વગત બોલતો હોય તેમ બડબડ્યોઃ "પણ તેથી શું થઈ ગયું? રાજા હોય, કે મોટો ચક્રવર્તી હોયઃ ગમે એ હોય, જે મારા યોગ્ય છે તે મને મળવી જ જોઈએ."

ચિત્રકાર પોતાનો પુરસ્કાર લઈને પાછો વળ્યો, પણ ચંડપ્રદ્યોતની ઊંઘ ઊડી ગઈ. મૃગાવતીને પોતાના અંતઃપુરમાં કેમ લાવવી એ વિચારે એને લગભગ બુદ્ધિશૂન્ય બનાવી દીધો. યુદ્ધમાં તે એક્કો હતો. નીતિ કે લોકલાજની પણ એ પરવા રાખે એવો નહોતો. મંત્રી અથવા અમાત્યની સલાહ, કોઈ પણ નવું સાહસ કરતાં પહેલાં લેવી જોઈએ એવા સૂત્રનું બંધન પણ એ નહોતો સ્વીકારતો.

એ વખતે અંગ, મગધ, કાશી, કોશળ, વત્સ, સિંધુ-સૌવીર તથા અવંતીનાં રાજ્યો મુખ્ય હતાં. અંગને મગધ વચ્ચે અથડામણ ચાલ્યા કરતી તેમ કાશી ને કોશળ વચ્ચે અણબનાવ રહેતો, વત્સ અને અવંતી વચ્ચે પણ એવું જ વેર ચાલતું. એક બીજા વચ્ચે અણધારી યુદ્ધની નોબતો વાગતી.

પણ એ બધામાં અવંતીનો ચંડપ્રદ્યોત નિર્લજ્જતા તેમજ નફટાઈમાં સૌથી જુદો પડી જતો. એને માટે એટલે સુધી વાત કહેવાય છે કે એક દિવસે તે માંદો પડ્યો. મગધના જીવક કૌમારભૃત્યે વૈદ્ય તરીકે દૂર દૂરના મોટા રાજ્યોમાં ખૂબ સારી નામના મેળવી હતી. એ જીવકને ચંડપ્રદ્યોત તરફથી આમંત્રવામાં આવ્યો. પ્રદ્યોતના આગ્રહથી વૈદ્યને જવું તો પડ્યું, અને ઔષધ આપવું પણ પડ્યું. ઔષધથી તેને ઝાડા થાય અને ઝાડાવાટે પેટનો રોગ નિર્મૂળ થતાં તે નિરોગી બની જાય તેમ હતું. પણ ઝાડા થતાં જ "આ તો મને મારી નાંખવાનું કાવતરૂં છે" એમ માની ક્રોધથી ભભૂકી ઊઠી વૈદ્યને દેહાંતદંડ આપી દે તેવો પણ સંભવ તેની ચંડ પ્રકૃતિ જોતાં પૂરેપૂરો હતો. એટલે જીવક વૈદ્યે બીજું ઔષધ બનાવવા માટે અમુક જાતનાં મૂળિયાં લેવાં જંગલમાં જવું પડશે એમ કહીને ઔષધ આપીને તરતજ હાથણી ઉપર સવાર થઈને ત્યાંથી નાશી છૂટ્યો. બીજાના પ્રાણ કે પ્રતિષ્ઠા, શીલ કે સંસ્કાર માટે ચંડપ્રદ્યોતને કંઈ જ માન કે સમભાવ જેવું નહોતું.

આ જ પ્રદ્યોત એક વાર સિંધુસૌવીરના મહારાજા ઉદાયનની કૂબડી દાસી ઉપર મોહ પામેલો. કથા તો એવી છે કે મૂળ કૂબડી દાસી કોઈ દૈવી દવાના પ્રભાવથી સુવર્ણ જેવી કાંતિ પામી હતી, અને ચંડપ્રદ્યોત પોતે આવીને એને અંતઃપુરમાંથી ઉપાડી ગયેલો. સિંધુસૌવીરના મહારાજાએ અવંતી ઉપર ચઢાઈ કરીને ચંડપ્રદ્યોતને કેદ કરેલો, પરંતુ પ્રદ્યોતના ભાગ્યે જોર કર્યું; સંવત્સરીને દિવસે પરસ્પરને ખમાવવા જોઈએ—જૂનાં વેરવિરોધ શમાવવાં જોઈએ એવી નિર્મળ ભાવનાથી ચંડપ્રદ્યોતને સિંધુસૌવીરના મહારાજાએ પર્યુષણના પર્વમાં છૂટો મૂકી દીધેલો. ચંડપ્રદ્યોત ભગવાન મહાવીરનો ભક્ત હતો,

પોતાનો સ્વધર્મીબંધુ છે એમ માનીને મહારાજા ઉદાયને એને મુક્તિ આપેલી. બુદ્ધિનિધાન અભયકુમાર અને ચંડપ્રદ્યોત વચ્ચે પણ આવી પટ્ટાબાજી ખેલાયેલી. એ આખા રાજપ્રકરણી નાટકમાં ચંડપ્રદ્યોતે શઠ પાત્રની જેમ જ પોતાનો ભાગ ભજવેલો.

એ ચંડપ્રદ્યોત, ચિત્રકારે પેટાવેલી રૂપશિખાનો ભોગ બને એમાં નવાઈ નથી. મૃગાવતીને પોતાની કેમ બનાવવી તે વિષે એને વધુ વિચાર કરવાની જરૂર ન લાગી. પોતે પોતાને એટલો પ્રતાપી માનતો અને એવું ઘમંડ ધરાવતો કે શતાનિક પાસે પોતાનો દૂત પહોંચશે અને મૃગાવતીની માગણી કરશે એટલે કૌશાંબીનો રાજા મૃગાવતીને રવાના જ કરી દેશે! અને સાચે જ–ભલે હાસ્યાસ્પદ તેમજ ઘૃણાસ્પદ લાગે તો પણ યથાર્થ હકીકત તો એવી જ મળે છે કે ચંડપ્રદ્યોતે કૌશાંબીના રાજવી–મૃગાવતીના પતિ પાસે દૂત મોકલ્યો અને મૃગાવતી પોતાને ગમે છે માટે શતાનિકે મૃગાવતી ઉપરનો પોતાનો દાવો જતો કરવો–એમાં જ એની અને કૌશાંબીની સહીસલામતી છે એમ કહેવરાવ્યું. શતાનિકે દૂતને તો કંઈ સજા ન થાય એ પ્રકારની રાજનીતિને માન આપી જીવતો જવા દીધો, પણ "જ્યાં સુધી પોતે હયાત છે અને બાવડામાં બળ છે ત્યાં સુધી તે મૃગાવતીનું અને કૌશાંબીનું રક્ષણ કરશે. ચંડપ્રદ્યોત ઓછો ન ઊતરે" એવી મતલબનો જવાબ પાઠવ્યો.

ચંડપ્રદ્યોત પણ લડવા માટે તૈયાર જ હતો. અને બીજી તરફ શતાનિક પણ પોતાના પ્રાણની પરવા કર્યા વિના છેલ્લે સુધી લડી લેવાની પૂરી તાકાત ધરાવતો હતો. ઘણા નાના–મોટા સંગ્રામમાં એ શતાનિક વિજય–કલગી પહેરી ચૂકયો હતો.

એને માત્ર એક જ ચિંતા હતી. કૌશાંબી ગઢ વિનાનું ઉઘાડું શહેર હતું અને લડવાની તૈયારી કરવા જેટલો સમય નહોતો. ચંડપ્રદ્યોત તો હમેશાં પોતાના પ્રતિસ્પર્ધી સાથે ખાંડાના ખેલ ખેલવા તૈયાર જ રહેતો. વળી મૃગાવતીનો બાળ-કુંવર હજી પારણામાં જ ઝૂલતો હતો. એમને બન્નેને સહી-સલામત સ્થાને કયાં મોકલવાં તે એક મોટી મૂંઝવણ હતી. આ ચિંતામાં ને ચિંતામાં જ શતાનિકને એટલો આઘાત લાગ્યો કે ચંડપ્રદ્યોત સસૈન્ય કૌશાંબી પહોંચે તે પહેલાં જ અતિસારને લીધે મૃત્યુ પામ્યો.

અનાથ-આધાર રહિત બનેલી મૃગાવતીએ હવે શું કરવું ? ચંડપ્રદ્યોત જેવા ઉદ્ધત અને વાસનાવશ શત્રુની શરણાગતિ સ્વીકારવી કે યુદ્ધની આગમાં ઝંપાપાત કરવો ? એકેય પાડોશી રાજ્ય મદદે આવે એવી તો આશા જ નહોતી. કૌશાંબીનું મડદું ચૂંથવું હોય-લૂંટ ચલાવવી હોય તો એ મહારાજ્યોના અધીશ્વરો તૈયાર રહેતા. અને કૌશાંબીએ પણ અંગની રાજધાની લૂંટવામાં કયાં બાકી રાખ્યું હતું ? આજે કૌશાંબી ભીડમાં આવી પડયું હોય તો પણ એને કોણ સહાય કરે ? મૃગાવતી પોતાનું શીલ સાચવવાને સમર્થ હતી. પણ પોતાના બાળકુંવર અને નિર્દોષ પ્રજાની કતલની તેમજ ખુવારીની કલ્પના કરતાં તે ધ્રૂજી ઊઠતી. બીજી તરફ ચંડ-પ્રદ્યોત, સૈન્યની પદધૂલિથી દિશાઓને ઢાંકી દેતો, કૌશાંબીની વધુ ને વધુ નજીક આવતો હતો.

મૃગાવતીએ રાજ્યના મંત્રી, સેનાપતિ, નગરશેઠ જેવા રાજતંત્રના ધુરંધરોની સલાહ માંગી. પણ પ્રદ્યોતની સાથે લડી લેવા સિવાય બીજો રસ્તો જ નહોતો; કારણ કે સંધિ

અથવા સમાધાની કરવાનો નિર્ણય થાય તો પણ પહેલી માગણી—મૃગાવતીના દેહની જ થવાની અને એ શરત તો કોઈ રીતે પણ માન્ય થઈ શકે એવી નહોતી. પ્રજાના જાનમાલની ખુવારી અને સૈનિકો ઉપરાંત વૃદ્ધો, અબળાઓ, શ્રમણો, શ્રમણોપાસકો વગેરેને અસહ્ય યાતનાભઠ્ઠીમાં બળવું પડે તે તો જુદું.

સીધો રસ્તો ન સૂઝવાથી હવે મૃગાવતીએ 'આડે લાકડે આડો વેહ'ની નીતિનો પ્રયોગ કરી જોવાનો વિચાર કર્યો. ત્રાજવાનાં બે પલ્લાં તોળતી હોય તેમ એ પોતાના અંતરને તપાસવા લાગી:

"એક તરફ અસંખ્ય માણસોના રક્તપાતની સંભાવના છે, બીજી તરફ નાની શી છેતરપિંડી છે; એક તરફ પ્રદ્યોતનો પાશવિક હુંકાર છે તો બીજી તરફ શુદ્ધ શીલરક્ષા છે. અર્ધસત્યનો આશ્રય લઉં તો એમાં શું ખોટું છે? વ્યવહારમાં મિથ્યા કે ધૂર્ત્તતા ન ચલાવી લેવાય—માણસ માણસ વચ્ચેના વહેવારો નિર્મળ નીતિ અને ધર્મના પાયા ઉપર જ ઊભા રહી શકે. પરંતુ પ્રદ્યોત આજે માણસ મટી ગયો છે. એની સાથે માયામૃષાનો થોડો ઉપયોગ કર્યો હોય તો શું ખોટું? મારા નિમિત્તે પારવિનાની હિંસા—આગ ફાટી નીકળે તે કરતાં હું પોતે જ થોડો અસત્યનો પાપભાર કાં ન વહોરી લઉં? અને કૌશાંબીને પણ કાં ન બચાવી લઉં?"

(૨)

એક રાતમાં ને રાતમાં જ કોણ જાણે કેવોક ચમત્કાર થઈ ગયો! આગલી સાંજે તો ચંડપ્રદ્યોત અને તેનું સૈન્ય શિકારી જેમ શિકાર ઉપર ત્રાટકે તેમ કૌશાંબી ઉપર ત્રાટકવાની

ઘડીઓ જ ગણતું હતું. કૌશાંબીના સુંદર અને વિશાળ દેહ ઉપર સ્મશાનની સૂનકારતા છવાઈ ગઈ હતી. અરાજકતા, અંધાધૂંધી અને કાપાકાપીની એક અણધારી આંધી ઠેઠ શાહેરના સીમાડા સુધી ફરી વળી હતી. એટલામાં જ–એક રાતની અંદર, કોણ જાણે એ આંધી કઈ દિશા તરફ વળી ગઈ? પ્રદ્યોતના એક સૈનિકે પણ શહેરમાં પ્રવેશ ન કર્યો. પ્રદ્યોત પોતે પણ જાણે કે આમંત્રિત મહેમાનની જેમ આવ્યો હોય તેમ સજ્જન–સદ્‌ગૃહસ્થની પેઠે પોતાની છાવણીમાં જ પડી રહ્યો. ઉત્પાતનાં બધાં ચિહ્નો ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગયાં.

લોકો પોતપોતાની બુદ્ધિ અને વૃત્તિ પ્રમાણે અટકળો બાંધવા લાગ્યા. કોઇ કહે કે "પ્રદ્યોત અને મૃગાવતી અંદરથી મળી ગયા લાગે છે: નહિતર કાળમુખો પ્રદ્યોત આમ શાંતિથી બેસી થોડો જ રહે?" કોઈ કહે: "ભાઈ, સ્ત્રીચરિત્રનો કોઇ પાર પામ્યું નથી. મૃગાવતીએ કોણ જાણે કેવું યે કામણ કર્યું હશે? બિચારા પ્રદ્યોતને છતી આંખે આંધળો ભીંત કરી દીધો લાગે છે." કોઈ કહે: "દિવસનો કયાં દુકાળ છે? પ્રદ્યોત બે દિવસ સહીને એવી ઝપટ મારશે કે કૌશાંબી હતી–નહતી બની જશે. તીડના ટોળાની જેમ એ કૌશાંબીનું સત્યાનાશ કરીને જ પાછો વળવાનો. એની પાસેથી બીજી કઈ સારી આશા રખાય?"

કલ્પનાઓ અને જલ્પનાઓ સ્થિર નહોતી થઈ એટલામાં તો કૌશાંબી ફરતા ગઢના પાયા પણ ખોદાવા લાગ્યા. આગ ટાણે કૂવો ખોદવા જેવી જ એ મૂર્ખતા હતી. દુશ્મન પાદરમાં પડાવ નાખીને પડ્યો છે, અને એની નજર સામે કૌશાંબીના ગઢના પાયા ખોદાય છે. લોકો તો સ્તબ્ધ બનીને આ દૃશ્ય જોઈ જ રહ્યા. ચંડપ્રદ્યોત જેવો વેરી પોતાની સામે કૌશાંબીનો

ગઢ ચણાવા દે એટલો ભદ્રિક તો ન જ હોય. ત્યારે શું તે યુદ્ધ કરવા નહિ તો લગ્નના માંડવે આવ્યો હશે ? પણ લોકોના આશ્ચર્યનો પારો તો ચડતો જ રહ્યો. પ્રદ્યોત પોતે ગઢના પાયા ખોદાવવામાં અને પથ્થર–ચૂના–કડિયા–કારીગર વગેરેની તપાસ રાખવામાં મોખરે આવીને ઊભો રહે છે. જાણે કૌશાંબી પોતાની જ રાજધાની હોય એમ માનીને તે ગઢ ચણાવવાની તડામાર તૈયારીઓ કરી રહ્યો છે. અને ચંડપ્રદ્યોત જેવો રાજાધિરાજ જ્યારે પોતે ગઢના પાયા નખાવતો હોય, પથ્થરોથી પુરાવતો હોય અને કોઇ કારીગર કે મજૂર નવરો બેસી ન રહે તેની તપાસ રાખતો હોય ત્યારે કોની મગદૂર છે કે એક પળ પણ નકામી કાઢે ? ચૌદ–ચૌદ જેટલા મંડલેશ્વરો, જેઓ પ્રદ્યોતની સાથે કૌશાંબીને લૂંટવા આવ્યા હતા તેઓ પણ આજે તો ચોખ્ખા મજૂરની જેમ જ ઇંટ–પાણા વહેવરાવી રહ્યા છે. ખૂટતી અને તત્કાલ ઉપયોગમાં આવી શકે એવી બધી વસ્તુઓ ઉજ્જૈનીથી અહીં ઠલવાવા લાગી છે. હજારો માણસો કૌશાંબીનો કિલ્લો ચણાવવા મંડી ગયા છે. પ્રદ્યોત એક પળ પણ નકામી ન જાય તે માટે ઊંઘ અને આહારનો પણ ભોગ દઈ રહ્યો છે. કોઈ દુશ્મન રાજા બીજા વિરોધી રાજાની રાજધાની માટે આટલી કાળજી રાખે ખરો ?

ત્યારે શું ચંડપ્રદ્યોતનો હૃદયપલટો થઇ ગયો હશે ? લોકો ગમે તેમ બોલે, પણ ખરી વાત તો એ હતી કે પ્રદ્યોતની નાગચૂડમાંથી છટકવા મૃગાવતીએ જ આ પ્રપંચવ્યૂહ ગોઠવ્યો હતો. ચંડપ્રદ્યોત, મૃગાવતી અને સંદેશો લઈ જનાર દૂત એ ત્રણ સિવાય આ વાતની ગંધ સરખી પણ કોઇને નહોતી આવી. મૃગાવતીએ જ પ્રદ્યોતને કહેવરાવેલું કે:

"મારા પતિ શતાનિક ગુજરી જતાં, મને તમારા સિવાય

હવે બીજો એકેય આધાર નથી. મારો પુત્ર હજી ઘોડિયામાં છે. એનું પણ હિત તેમજ ક્ષેમકુશળ તમારે જ જોવાનાં છે. પાડોશી રાજ્યનો સ્વભાવ તથા વહેવાર તમે કયાં નથી જાણતા? હું જો એને એકલો મૂકીને તમારી સાથે ચાલી નીકળું તો બીજે જ દિવસે તેઓ મારા કુંવરને અને કૌશાંબીને પણ ભરખી જાય. આમ આસપાસના સંયોગોનો વિચાર કરતાં એક વાર જો કૌશાંબી ફરતો કિલ્લો થઈ જાય–કૌશાંબીના રાજભંડારો ધાન્ય–ઇંધન આદિથી પૂરા ભરાઈ જાય તો પછી મને મારા કુંવર કે કૌશાંબીની કંઈ ચિંતા ન રહે. નિશ્ચિંત બન્યા પછી આપની આજ્ઞાને જ અનુસરીશ."

મૃગાવતી તરફનો આ સંદેશો સાંભળીને ચંડપ્રદ્યોત ગર્વથી ફુલાઈ ગયો: સ્વર્ગનું રાજ્ય હથેલીમાં આવ્યું હોય એટલો તેને આનંદ થયો. ગર્વની વાણીમાં જ તે બોલી ઊઠયો:

"અરે, કોઇની દેન છે કે, મારા બેઠા, મૃગાવતીના પુત્રનો વાંકો વાળ પણ કરે?"

દૂતે પણ સમયસૂચકતા વાપરી જવાબ આપ્યો: "મહારાણી મૃગાવતી પણ એ જ વાત કહેતાં હતાં. ચંડપ્રદ્યોત જેવા મહારાજાનો આશરો મળે તો મારા પુત્રની સામે કોઈ નજર પણ કેમ કરે? પણ ચંડપ્રદ્યોત ગમે તેવા પ્રબળ ને પ્રતાપી હોય તો યે આઘે રહ્યા શું કરી શકે? 'પથારીમાં સાપ અને ઔષધિ તો હિમાલયના શિખર ઉપર' એ કહેવતના જેવી દશા ન થાય તે સારુ, પહેલાં કિલ્લો થઈ જવો જોઇએ."

"જરૂર, જરૂર. એમાં કઈ મોટી વાત છે? કાલે ને કાલે જ અવંતીથી ઇંટ–ચૂનો વગેરે મંગાવું છું. કહેજો મૃગાવતીને કે કુંવર તેમજ કિલ્લા બાબત જરાયે ચિંતા ન કરે. માથે

ઊભા રહીને કિલ્લો કેમ ચણાવવો અને ઝડપથી કેમ પૂરો કરાવવો એ મને આવડે છે.”

કિલ્લાએ ચંડપ્રદ્યોતના તન–મનનો બરાબર કબજો કરી લીધો. જેને નવા નવા કજિયા–કંકાસ ઊભા કરવા સિવાય, નવી અને નખરાળી રૂપની ભૂતાવળ પાછળ આંખો મીંચીને દોડવા સિવાય બીજો ધંધો નહોતો તે ચંડપ્રદ્યોત કૌશાંબીના ગઢ પાછળ ગાંડો બન્યો હતો એમ કહીએ તો ચાલે. સ્વપ્નમાં પણ એ કિલ્લાના પથ્થરોને જ ગોઠવાતા નિહાળતો હતો. એ બધાની પાછળ મૃગાવતીનો મોહ તો ઊભો હતો, પણ કિલ્લાના બાંધકામની જંજાળ પાછળ, અનાજની પોઠો રાજભંડારમાં ઠલવવા પાછળ તે એટલો બધો રોકાયેલો રહેતો હતો કે મૃગાવતીને એક રીતે ભૂલી જ ગયો હતો. કિલ્લો બંધાઈ જાય, ધાન્ય, અને ઇંધનના ગંજ ખડકાઇ જાય, થોડી શસ્ત્રાસ્ત્રની સામગ્રી સંઘરાઈ જાય, એટલે મૃગાવતી પોતાની જ હતી એ વિષે એના મનમાં લવલેશ શંકાને સ્થાન ન હતું. મૃગાવતીને ભેટવાનો રસ્તો લાંબો થઈ પડયો છે, પણ દરેક પગલે–દરેક દિવસે પોતે મૃગાવતીની વધુ નજીક આવે છે એવી પાકી શ્રદ્ધા બંધાઈ ચૂકી હતી. આશાતંતુના કાચા દોરથી એ ખેંચાઈ રહ્યો હતો. એ તંતુજ એને મૃગાવતી પાસે લઇ જશે એમ માની એ લગભગ નિશ્ચિંત બન્યો હતો. પ્રદ્યોતને પાગલ–પ્રેમી તો ન કહેવાય; કારણ કે પ્રેમી તો પવિત્ર સમર્પણતા માગે છે. અહીં એક મોહાંધ, ફૂદાની જેમ જ દીપકમાં કૂદી પડવા તૈયાર થઇને બેઠો હતો. ચિત્રાંકિત મૃગાવતીએ એનામાં હાડમાંસવાળી મૃગાવતીની મોહ લાલસા પેટાવી હતી. મૃગાવતી, હરકોઈ બહાને એ આગ ઓલવવા અને પ્રદ્યોતના પંજામાંથી છૂટવા માગતી હતી.

સામાન્ય મહેલ કે ઘર બાંધતાં જો બે ત્રણ વર્ષ નીકળી

જાય તો કૌશાંબી જેવી વિપુલ વસ્તીવાળી અને વિસ્તરેલી નગરીને પાકી કિલ્લેબંધી કરતાં સહેજે ચાર પાંચ વર્ષ નીકળી જાય. ચાર–પાંચ વર્ષ વીતવા છતાં પ્રદ્યોત થાકયો કે કંટાળ્યો નહોતો. કિલ્લેબંધીની અને નગરને સાધનસંપન્ન બનાવવાની યોજના પણ લગભગ પૂરી થવા આવી હતી.

( ૩ )

એટલામાં ભગવાન મહાવીર, રાજગૃહીનું ચાતુર્માસ પૂરું કરી આલભિયા નગરી પધાર્યા છે અને ત્યાંથી નીકળી કૌશાંબીમાં જ આવશે એવા સમાચાર વીજળીવેગે શહેરભરમાં ફેલાઈ ગયા. નગરી આખી નવા ઉલ્લાસથી ધબકવા લાગી. છેલ્લા થોડા વર્ષો દરમિયાન જે ચિંતા અને ઉદ્વેગે નગરીનું નૂર હણી લીધું હતું તેને સ્થાને નવા પ્રાણની લાલિમા લહેરાવા લાગી. ભ૦ મહાવીર એટલે આ કંગાલ સંસારનું કલ્પવૃક્ષ. ભ૦ મહાવીર એટલે ચંદ્રકિરણ કરતાં પણ શાંત ઉજ્જવલ અને સૂર્યપ્રકાશ કરતાં પણ અધિક પ્રેરણાદાયી તપઃતેજની પ્રતિમા. ભ૦ મહાવીરનાં પગલાં થાય એટલે એ પૃથ્વી પાવન બને– તીર્થરૂપે પરિણમે એટલું જ નહિ પણ ત્યાં દુઃખ, સંતાપ કે વેરવિરોધ જેવું જે કંઈ ગ્લાનિમય હોય તે છેલ્લી વિદાય લઈ લે. રોગીને વૈદ્ય જેટલો વહાલો લાગે તે કરતાં પણ ભવરોગના આ ચિકિત્સક–દુઃખમાત્રના મૂળને હસ્તામલકવત્ જોઈને નીંદી નાખનાર આ ભવવૈદ્યને નીરખતાં જ કોઈ પણ ભવી જીવનું હૈયું અધિકા ભક્તિભાવથી છલકાઈ ઊઠે.

કૌશાંબી ભગવાન મહાવીરનું સ્વાગત કરવા તલપાપડ થઈ રહી. શેરીઓઅને ચોક–ચૌટામાં સુગંધી પદાર્થો છંટાવા લાગ્યાં. મહાવીર ભગવાન હંમેશાં ઉદ્યાન કે ઉપવનમાં જ

શિષ્યસમુદાય સાથે સ્થિરતા કરતા અને પહેલાં જ્યારે કૌશાંબી પધારેલા ત્યારે ચંદ્રાવતરણ નામના ચૈત્યમાં જ રહ્યા હતા. પણ ભદ્રિક નગરવાસીઓ શહેરને શણગારીને, ભગવાનનું આગમન એ જાણે કે શહેરીજીવનનો અનેરો ઉત્સવ હોય, શહેરીજીવનનું એક ચિરસ્મરણીય પર્વ હોય તેમ ઊજવતા. મૃગાવતીએ પણ ભ૦ મહાવીરના આગમનના સમાચાર શાંતિથી સાંભળી લીધા. એની છાતી ઉપરથી એક આખા ડુંગરનો ભાર ખસી જતો હોય એમ લાગ્યું. નિરાશાની અંત રહિત અંધારી રાત્રિ ગળી પડતી હોય અને પ્રકાશમાં માર્ગ સ્પષ્ટપણે દેખાતો હોય એવી ઊંડી ઊંડી આત્મતૃપ્તિ એ અનુભવી રહી. અગાધ જલધિ વચ્ચે આમથી તેમ ધકેલાતું તુંબડું કાંઠે આવી ગયું હોય એમ એને લાગ્યું.

મોટા જનસમુદાય સાથે મૃગાવતી પણ ભગવાનની પર્ષદામાં આવીને બેસતી. ચંડપ્રદ્યોત પણ તેના અનુચરો અને સંગાથીઓ સાથે ભગવાનની દેશના સાંભળવા ત્યાં આવીને નમ્રભાવે બેસી જતો. બીજી રીતે અવિચારી, ઉદ્ધત અને વિકારવશ ગણાતો એ પ્રદ્યોત અહીં ગરીબ ગાય જેવો જ બની જતો. પ્રભુની પર્ષદામાં રાજા કે રંક, ઉચ્ચ કે નીચ જેવો મુદ્દલ ભેદ નહોતો. જન-પ્રાણી માત્ર પોતાના આસને આવીને શાંતિથી બેસી જતાં.

ભગવાને એક વખત મદારીની જેમ પ્રાણી માત્રને નચાવનારી આસક્તિના વિષયમાં લોકોને ઉપદેશ આપવા માંડ્યો. આસક્તિ કેવા જૂજવા વેષ ધરીને, ભલભલા બુદ્ધિશાળીઓને પણ આંધળા ભીંત બનાવી દે છે તે સચોટ શૈલીમાં એમણે વર્ણવ્યું.

દેશના પૂરી થતાં જ મૃગાવતી ઊઠીને ઊભી થઈ અને પોતે સંસારનો ત્યાગ કરી, દીક્ષા લેવા માગે છે એવી મતલબની પ્રભુને પ્રાર્થના કરી:

"ભગવાન! મને હવે આ સંસારનું કોઈ બંધન રોકી શકે તેમ નથી. માત્ર એક અવંતીપતિ ચંડપ્રદ્યોત સાથે વચનથી બંધાયેલી છું—જો તેઓ અનુમતિ આપતા હોય અને મારા બાળકુંવરની જવાબદારી ઉપાડી લેતા હોય તો મને આપના સાધ્વીસંઘમાં સ્થાન આપો."

સૌની નજર ચંડપ્રદ્યોત તરફ વળી. આસક્તિની ભગવાને વર્ણવેલી વ્યથાએ એના અંતર ઉપર છૂપા ઘણના પ્રહાર કર્યા હતા. હજી એની કળ ઊતરી નહોતી એટલામાં જ મૃગાવતીએ છોડેલું બાણ પોતાની છાતી સામે જ આવતું હોય તેમ એને લાગ્યું. લજ્જાથી એ નીચું જોઈ ગયો. એક શબ્દ સરખો બોલવાનું પણ હવે એનામાં બળ કે ધૈર્ય રહ્યું નહોતું. ભગવાને પ્રદ્યોતના મૌનને સમ્મતિસૂચક માની, મૃગાવતીને દીક્ષા આપી સાધ્વી ચંદનબાળાને સુપ્રત કર્યાં.

ધૂળ, કરા અને વરસાદના તોફાન પછી ધરતી જેમ શાંત, છતાં પ્રાણવાન અને સ્તબ્ધ છતાં વાત્સલ્યભરી લાગે, તેમ પ્રદ્યોતને પણ અંતરમાં તેમજ આસપાસની દુનિયામાં સંવેગ અને સાત્ત્વિકતાની લીલીછમ હરિયાળી લહેરાતી દેખાઈ. આસક્તિની ભૂતાવળે જ આ સ્નેહ અને વાત્સલ્યભરી દુનિયામાં ધગધગતા રણની જ્વાળા અને શુષ્કતા ઉપજાવી હતી અને પોતે નકામો જ તેમાં પળે પળે બળતો હતો એનું એને ભાન થયું. ભ૦ મહાવીરની દેશના, મેઘધારાની જેમ ચંડપ્રદ્યોતના અંતરના એકે એક ખૂણાને પલાળતી અને પખાળતી અનંતતામાં

ભળી ગઈ. પશ્ચાત્તાપના ભારથી ભારે બનેલાં એનાં પોપચાં જ્યારે હળવાં બન્યાં અને એક વાર મૃગાવતી સામે એણે જોયું ત્યારે પેલી ચિત્રાંકિત મૃગાવતી અને આજની તપસ્વિની મૃગાવતી વચ્ચે જાણે કે લાખો યોજનોનું અંતર હોય એમ લાગ્યું. ભગવાન મહાવીરનો વેષ તથા આશિષ યાચતી કૌશાંબીની રાજમાતા મૃગાવતી જાણે ત્રણ જગતની જગદંબા હોય, જેના રોમ રોમમાંથી મૃદુતા અને પવિત્રતાની કિરણાવલી ફૂટતી હોય એમ તે જોઇ શકયો. પ્રદ્યોતનું અંતર જો કોઈ અત્યારે વાંચે તો ત્યાં મૃગાવતી માટે ભક્તિ અને શ્રદ્ધા સિવાય બીજું કંઈ ન જડે. પુણ્યક્ષણમાં પ્રકટેલા આવા નિર્મળ–સુકુમાર ભાવો લાંબો સમય નથી નભતા. સ્મશાનવિરાગની જેમ એ અલ્પ આયુષ ભોગવીને અદૃશ્ય થઈ જાય છે. માનવીની આ એક મોટી કમનસીબી છે.

ચંડપ્રદ્યોત અને ચંડકૌશિકને આજે જ્યારે આપણે લગભગ અઢી હજાર વર્ષના કાળપડદામાંથી જોઇએ છીએ ત્યારે શ્રમણ ભગવાન મહાવીરના યુગને ઝીલનારા જાણે કે એ બે મહાદિગ્ગજ હોય એમ લાગે છે. જે ચંડકૌશિક કોઈનો બૂઝવ્યો નહોતો બુઝાતો, બૂઝવનારની સામે જે પોતાની વિષધારી ફણા ઉગામી, પ્રાણ લેવા ધસતો તે શ્રમણ ભગવાન મહાવીરની અપાર કરુણા જોઇને ગળી ગયો–પોતાનો ડંખ જડમૂળમાંથી ખેંચી કાઢયો. જેની પાસે એકલું વિષ જ હોય, જેને દૂધ ગમે તેટલું પાઇએ છતાં બદલામાં તો વિષ જ મળે એમ દુનિયા માનતી, તેને ભગવાને પોતાનાં તપ, સંયમ અને મૈત્રીના મંત્રબળે નિર્વિષ જેવો બનાવી દીધો. ચંડનું ચંડત્વ પીડવામાં નહિ પણ સહિષ્ણુતામાં પરિણમ્યું. વિશ્વના ઇતિહાસમાં એ કોટીની બીજી ઘટના વિરલ છે. ચંડકૌશિકની જેમ જ ચંડપ્રદ્યોત

પણ ભગવાન મહાવીરની છાયામાં સજ્જન અને સંયમી બનતો જણાય છે. મૃગાવતી જેવી પોતાની લાંબા વખતની કામનાની ઉપભોગની વસ્તુને તે પોતાના હાથમાંથી સરકી જતી મૌનભાવે જોઈ રહે છે. બીજી કોઈ સ્થિતિમાં જે માણસ લોહીની નીકો વહેવડાવવામાં પાછું વાળીને ન જોતો તે જ ચંડપ્રદ્યોત અહીં દીન અને આજ્ઞાધીન જેવો જણાય છે. અહિંસા જન્મવેરીઓનાં પણ વેરભાવ ભુલાવી દે છે એ સૂત્ર અહીં મૂર્ત્તિમંત બને છે.

( ૪ )

ચારેક વર્ષ પછીની આ વાત છે. ભ. મહાવીર વૈશાલી વાણિજ્યગ્રામ અને રાજગૃહીમાં અનુક્રમે ચાતુર્માસ ગાળી, વાણિજ્યગ્રામનું ૨૩ મું ચાતુર્માસ પૂરું કરી બ્રાહ્મણકુંડગ્રામ પધાર્યા અને ત્યાંના દ્યુતિપલાશ ચૈત્યમાં ઊતર્યા.

એક દિવસે એક આશ્ચર્યકારક ઘટના બની. બરાબર સૂર્યાસ્તના સમયે આકાશમાં એક જ્યોતિ ઝળહળી રહ્યો. રાત્રિનો અંધકાર આવતો હોવા છતાં જાણે હજી દિવસ છે તેવો ભાસ ઘરની અંદર બેઠેલાઓને થાય તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ.

ભગવાન મહાવીરના સાધ્વીસંઘની અગ્રેસરી ચંદનબાળા તો રાત્રિ પહેલાં જ, પોતાના સમુદાય સાથે, ઉપાશ્રયમાં પાછાં આવી ગયાં હતાં. નિયમ પ્રમાણે દિવસ અસ્ત થતાં પહેલાં પોતપોતાના સ્થાને દરેક સાધુ–સાધ્વીએ પહોંચી જવું જોઈએ. માત્ર મૃગાવતીના લક્ષમાં એ વાત ન આવી. એણે તો પ્રકાશનો ઝળહળાટ જોઈને હજી દિવસનો ભાગ છે એમ માની લીધું. જ્યારે જ્યોતિ વિલીન થઇ અને અંધકાર જગત ઉપર પથરાયો,

ત્યારે મૃગાવતીના દિલમાં એકદમ ધ્રાસકો પડ્યો. પોતે નિયમ ભંગ કર્યો હતો એ વાતનું સ્મરણ થતાં ગભરામણ પણ થઈ. ઉતાવળે ઉતાવળે એ ઉપાશ્રયમાં પહોંચી ગયાં.

સાધ્વી ચંદનબાળાને શિરે સાધ્વી–સંઘના નિયમનની મોટી જવાબદારી હતી. તેઓ મૃગાવતીનો નિયમભંગ જોઈને, ક્યારના ય અકળાતાં બેઠાં હતાં. આવતાંની સાથે જ ચંદનબાળાએ ટોણો માર્યો: "તમારા જેવી કુલીન સ્ત્રીએ આમ મોડી રાત સુધી બહાર રહેવું એ ઉચિત નથી."

ચંદનબાળા મૃગાવતી પાસે તો બાલિકા જ ગણાય, પણ દીક્ષાપર્યાયમાં અને બીજી રીતે ચંદનબાળા મોટાં હતાં. મૃગાવતી ચતુર અને પરિસ્થિતિ સમજીને વર્તનારી નારી હતી. પોતાનો દોષ હતો અને મુખ્ય સાધ્વી તરીકે ચંદનબાળા જે કંઈ કહે તે સાંભળી લેવું જોઈએ એમ સમજીને તે મૌન રહી.

જીભ મૌન જાળવે, પણ અંતરમાં ઉદ્ભવતા તોફાનને કોણ રોકી શકે? મૃગાવતીનું અંતર–નાવ તોફાને ચડ્યું:

"ચંદનબાળા કોણ? સૌના સાંભળતાં મને એવાં મર્મવેધક શબ્દો સંભળાવનાર એ ચંદનબાળા કોણ? મેં એવો તે કયો ભારે અપરાધ કરી વાળ્યો હતો? સૂર્ય–ચંદ્ર જેવી કોઈ જ્યોતિનાં વિમાન પોતે ઊતરી આવ્યાં અને પ્રકાશ પથરાઈ ગયો તેમાં હું શું કરું? રાત્રિને રાત્રિ જાણીને બહાર રહી હોઉં તો હજુ યે હું દોષને પાત્ર ગણાઉં. એમ થયું હોય અને મને ટોણો મારે તો ખમી લઉં. પણ દિવસ જેવો દિવસ હોય અને અજાણ્યે થોડું મોડું થઈ જાય એમાં ખાટું મોળું શું થઈ ગયું? અને હું બીજે ક્યાંઈ કુથલી કે નિંદા કરતી થોડી જ બેઠી હતી? હતી તો ભગવાન મહાવીરની પાસે જ ને?"

વહાણના વિંઝાતા શઢને સંકેલી લેતી હોય—તોફાની પવનને શઢની અંદરથી કાઢી નાખતી હોય તેમ વળી તે વિચારવા લાગી: "રાણીપદનું એક વખતનું અભિમાન આ બધું છાનુંમાનું બોલી જતું લાગે છે. હું કોણ? કૌશાંબીની એક વખતની મહારાણી! ખોટી વાત. મહારાણીપદને અને હુંપદ—મોહ—અભિનિવેશ માત્રને વિશ્વવંદ્ય વીરપ્રભુની સાક્ષીએ વોસરાવનાર—ત્યાગ કરનાર હું કેવા અવળા ચીલે ચડી ગઇ? ભિક્ષુણીને વળી માન—સન્માન શું અને અપમાન—અવગણના શું? લૌકિક તેમજ આસુરી વિટંબના માત્રનું સ્વાગત કરવા તૈયાર થયેલી મૃગાવતી આવાં મેણાં—ટોણાં ગણીને ગાંઠે બાંધે તો પછી એની દીક્ષા, સંયમ, તપની બડાઈ આત્મછલના સિવાય બીજું શું ગણાય? ચંદનબાળાએ મારા હિતાર્થે જ મને બે વેણ કહ્યાં હતાં. એવા તો બીજા કેટલાય દોષો અંતરના તળિયે બેઠા હશે. એનું સંશોધન કરવાને બદલે હું કેવા દુર્ધ્યાનમાં સરકી પડી?"

આખી કૌશાંબી ઉપર નિદ્રાનું ધારણ ફરી વળ્યું હતું. સંસારની બુરાઇઓ ધોઇ નાખવા, ઘર—સંસાર તજીને ત્યાગી તપસ્વી બનેલા મહારથીઓ પણ અત્યારે ન-છૂટકે નિદ્રાના ખોળે પડયા હતા. માત્ર મૃગાવતીની આંખમાં ઊંઘ નહોતી. ચંદનબાળા અને બીજી સાધ્વીઓના સંથારા વચ્ચે મૌનભાવે બેસીને અંતરમાં ઊઠેલા ઝંઝાવાતને શમાવવા એકલે પંડે ઝૂઝતી હતી.

એટલું એક સદ્‌ભાગ્ય હતું કે મૃગાવતી હજી ધ્યેય અને સુકાન નહોતી ભૂલી. લોકકલ્યાણ અને આત્મકલ્યાણના સાધક સાધિકાઓના રાહ, ફૂલથી છવાયેલા નથી હોતા. ત્યાં તો અણધારી

શૂળો પગમાં ભોંકાય છે, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગોનું આખું કંટકવન વીંધી જવાનું નિર્માયું હોય છે એ બધું એના લક્ષબહાર નહોતું. પગલે પગલે જ્યાં અન્યાય ને અપમાનનો પ્રસન્ન મને સત્કાર કરવાનો હોય ત્યાં એક મેણું, એક ઉપાલંભ કયા હિસાબમાં છે? જો આવો જ હિસાબ રાખવાનો હોય તો પછી ભગવાનની સમક્ષ આત્માને વોસરાવવાનો, રાજીખુશીથી સર્વસ્વનું બલિદાન ધરવાની પ્રતિજ્ઞાનો અર્થ જ શું છે?

ચમરની પટરાણી કાલીનો કિસ્સો પણ મૃગાવતી જેવો જ હતો. સુકાન એના હાથમાંથી સરકી ગયું, ધ્યેય આડા ગાઢ અંધકારના પડદા પડી ગયા અને કાલી સંયમનો ધોરી માર્ગ ભૂલી ગઈ. એ પણ હતી તો ભગવાન મહાવીરની જ શિષ્યા: પુષ્પચૂલા આર્યાને સુપ્રત થયેલી. પરંતુ કાલીની વધુ પડતી ટાપટીપ અને સ્નાનશોખ માટે, એક દિવસે, પુષ્પચૂલાને જરા બોલવું પડ્યું. કાલીનું અભિમાન ઘવાયું. એને થયું કે: "હું જ્યારે શ્રાવિકા હતી ત્યારે તો આ લોકો મને પ્રિય લાગે એવી વાણી જ બોલતા. દીક્ષા લીધા પછી હું શું એમની એટલી બધી ઓશિયાળી બની ગઈ કે એમનો ઠપકો મૂંગે મોઢે સાંભળી લઉં?" બીજે જ દિવસે તે જુદી પડી ગઈ, સ્વચ્છંદના માર્ગે ચાલી નીકળી. મૃગાવતી કોમળ છતાં કઠણ હૈયાની હતી. આત્મસંશોધનમાં તે ક્રમે ક્રમે એટલે ઊંડે ઊતરી ગઈ કે જો એ વખતે એક વિષધર સાપ ત્યાં થઈને ન નીકળ્યો હોત અને ચંદનબાળાના હાથની છેક નજીક ન પહોંચ્યો હોત તો તો કોણ જાણે તે ક્યાં સુધી એમ ને એમ ધ્યાનલીન બનીને બેસી રહેત. સાપને નજીક આવતો જોઈને, મૃગાવતીએ ચંદનબાળાનો હાથ સહેજ ઊંચકીને જાળવીને બીજે સ્થાને મૂક્યો. એટલામાં

તો ચંદનબાળા પણ જાગી ગયાં. મૃગાવતીને સ્થિર આસને બેઠેલી જોઇને પૂછ્યું:

"અત્યારે મારા હાથને તમે કેમ અડયા ?"

"અહીં હમણા જ એક સાપ મેં જતો જોયો. તમારા હાથની છેક નજીક હતો એટલે મેં તમારો હાથ ઊંચકીને બીજે મૂકયો."

"પણ અહીં ઘોર અંધારામાં તમે સાપ શી રીતે ભાળ્યો ?"

ચંદનબાળાને નવાઇ લાગી. પણ મૃગાવતીનું તોફાને ચઢેલું નાવ કેવળજ્ઞાનના કિનારે પહોંચી ચૂકયું હતું. જ્યાં સતત એકધારો અવિચ્છિન્ન–અવિરત જ્ઞાનપ્રકાશ રેલાઈ રહ્યો છે, જ્યાં ચક્ષુરિન્દ્રિય જેવી બાહ્ય ઇન્દ્રિયોની સહાયની જરૂર નથી, જ્યાં સ્વયંજ્યોતિઃસ્વરૂપ આત્માનો સ્વાભાવિક પ્રકાશ કદી અવરાતો કે આથમતો નથી તે કેવળજ્ઞાનના સર્વોચ્ચ સ્થાને એક જ રાતમાં મૃગાવતી ચઢી ચૂકી હતી. ચંદનબાળા પરિસ્થિતિ તરત જ સમજી ગયાં. તેમણે ઊઠીને કેવળીની અવજ્ઞા સંબંધી મિચ્છા મિ દુક્કડં કર્યું અને તે સાથે જ તેમને પણ કેવળજ્ઞાન થયું.

શ્રી ભ. મહાવીરના તીર્થમાં જેમ પહેલી સાધ્વી થયાનું માન ચંદનબાળાને ઘટે છે તેમ સાધ્વીઓમાં પહેલું કેવળજ્ઞાન થયાનું માન મૃગાવતીને ઘટે છે.

# ૪ ચેલણા

ક્રમબદ્ધ–તાલબદ્ધ વહેતા વિશ્વવ્યાપારમાં જ્યારે કંઈક અણચિંતવ્યું અથવા અણગમતું બની જાય છે ત્યારે તેને આપણે અકસ્માત કહીએ છીએ. આ અકસ્માતો જ, ખરૂં કહીએ તો, વિશ્વના સૂત્રધાર છે. આ અકસ્માતો છે એટલે જ વિશ્વ-વ્યાપાર ગૂઢ, રહસ્યમય અને ચમત્કારિક લાગે છે. અકસ્માતોને લીધે જ અવારનવાર હર્ષ ને વિષાદના કલ્લોલ ને રૂદન પરસ્પરમાં ગૂંથાઇ જતા લાગે છે. અકસ્માત જેવું કંઇ ન હોત, વશિષ્ટ ગુરૂ જેવા મુનિએ મુહૂર્ત્ત જોઇ આપ્યા પછી રામનો રીતસર રાજ્યાભિષેક થયો હોત અથવા તો પદ્મ સરોવરમાં કમળની કળીઓ વચ્ચે કારાવાસ ભોગવતો ભ્રમર નિત્યના નિયમ પ્રમાણે સવાર થતાં જ છૂટીને ઊડી જતો હોત તો કવિની કલ્પના કેટલી કુંઠિત બની જાત? સૌંદર્ય અને વૈચિત્ર્ય તલસતી રસવૃત્તિ, ઝાંઝવાના નીર તરફ દોડતા મૃગની જેમ દોડી દોડીને ક્યારનીય નિ:શેષ ન બની ગઇ હોત? રામના બરાબર રાજ્યાભિષેક વખતે જ કૈકેયીનો ને મંથરાના દુરાગ્રહનો અકસ્માત બને છે અને તેમાંથી ઇતિહાસ તેમ જ કાવ્યના રંગીન પટ વણાય છે અને કમલવનમાં પણ એ જ પ્રમાણે અકસ્માત્ મદોન્મત્ત હાથી આવી ચડે છે અને પદદલિત બનેલા ભ્રમરના મનોરથ ત્યાં ને ત્યાં જ માટી ભેગા મળી જાય છે. અકસ્માત ન હોત એટલે કે એક ને એક બે જ થાય એ ક્રમે કલ્પના, ધારણા, યોજના પ્રમાણે જ બધું પાર પડતું હોત તો સંસાર કોઈ

કુશળ ગણિતશાસ્ત્રીએ ગણવા માંડેલા હિસાબના અંત રહિત દાખલા જેવો જ સાવ શુષ્ક ન બની જાત ?

સુજ્યેષ્ઠાના મનોરથો અકસ્માતનો એક જ આંચકો લાગતાં માટીમાં રગદોળાઇ ગયા : ચેલણાના ભાગ્યમાં એ જ અકસ્માતે જાણે કે નવા લેખ લખી નાંખ્યા. શ્રેણિક આવ્યો હતો સુજ્યેષ્ઠાનું હરણ કરવા, પણ આભૂષણોની પેટી લેવા ગયેલી સુજ્યેષ્ઠા હાથ ઘસતી રહી અને જે ચેલણા હજી પૂર્વરાગથી રંગાઈ પણ નહોતી તે અકસ્માત્ રાગરંગના ઊછળતા કલ્લોલો વચ્ચે આવી ચઢી. શ્રેણિકની જગ્યાએ બીજો કોઈ હોત તો કદાચ વિચારમાં પડત કે જેની છબી જોઇ હતી, જેના રૂપ-લાવણ્યની ઘણી યશગાથાઓ સાંભળી હતી તે જ આ સુજ્યેષ્ઠા ? અને એ સુજ્યેષ્ઠા ન હોય તો ચેલણા ભલે, એની સગી બહેન રહી, પણ એનું હરણ કરવામાં અને ગાંધર્વ વિધિથી લગ્ન કરી નાખવામાં પોતે કંઇ પાતક તો નથી કરતો ને ? વળી કોઇ એક દિવસે સુજ્યેષ્ઠાનું સંસ્મરણ થઈ આવે અને પ્રાણ અંદરથી પોકારી ઊઠે તો તે દિવસે કોઇ પણ સાચા પ્રેમીને અકથ્ય વ્યથા થયા વિના ન રહે.

શ્રેણિકને એવી કોઈ ચિંતા ન નડી. એણે જ્યારે ચેલણાની જીભેથી જ સાંભળ્યું કે: "સુજ્યેષ્ઠા, મારી બહેન, પાછળ રહી ગઈ, એને બદલે હું ઝડપાઈ ગઈ!" ત્યારે પણ શ્રેણિકે તો એટલું જ કહ્યું કે : "મારે મન તો તું જ સુજ્યેષ્ઠા !"

ચેલણાને મેળવીને શ્રેણિક પરમ સંતોષ પામ્યો અને જેને માટે કોઈ સ્થાન હજુ નિર્દેશાયું કે નિર્માયું નહોતું તે રાજગૃહીની પટરાણીનું સ્થાન મેળવી ચેલણા પોતાને અહોભાગી માનવા લાગી. બહેન સુજ્યેષ્ઠાના વિયોગનું દુઃખ તો હતું જ.

ઘણા સમય સુધી એ વ્યથા ચેલણા ભૂલી શકી નહોતી, પરંતુ રોગ શોકને શમાવવામાં કુશળ એવા કાળે એ વિયોગનું દુઃખ વિસરાવી દીધું.

શ્રમણયુગ આલેખનારી–ઇતિહાસવિધાતાની લેખિની પણ હવે ધમધમાટ કરતી દોડતી દેખાય છે. અત્યાર સુધી જે હાથ થોથરાતો હતો તે હવે ચેલણાના આગમને એકધારો ગતિમાન બનતો જણાય છે. ચેલણા અને શ્રેણિકની લગ્નગ્રંથિમાં ઇતિહાસરચનાનો કોઈ ગૂઢ સંકેત હોવો જોઇએ.

શ્રેણિક ઉપર ગૌતમ બુદ્ધદેવના ત્યાગ અને તપની ઊંડી અસર હતી. જે વખતે એનું હૃદય કોરા કાગળ જેવું હતું તે વખતે પ્રથમ અક્ષરો બુદ્ધદેવના ત્યાગ–વિરાગે જ ઊજળી શાહીથી લખેલા. એમ કહેવાય છે કે ગૌતમ બુદ્ધ માતાપિતાનો સુંવાળો ખોળો તજી દઇ કઠોર સાધનાના માર્ગે વળ્યા ત્યારે ભિક્ષા માટે રાજગૃહમાં રઝળતા અને વાસી રોટલાનો ટુકડો મોંમાં પરાણે ધકેલતા એમને મહારાજા શ્રેણિકે પ્રથમ જોયા અને તેમની આકૃતિ તથા બીજાં લક્ષણો ઉપરથી આ નવીન સાધક કોઇ અદ્વિતીય પુરુષ હોય એમ લાગ્યું. તાજા ત્યાગીના વદન ઉપર ઝળકતી આત્મનિર્ભરતા અને અચળ શ્રદ્ધા જોઇને શ્રેણિક એમનો અંતરથી ભક્ત બની ગયો.

બીજી વાર પણ આવો જ એક પ્રસંગ બન્યો : શ્રેણિકે રાજકુમાર જેવા એક શ્રેષ્ઠીના સુકુમાર યુવાનને અતિ દીન અનાથ દશામાં એકલો જોયો. શ્રેણિકના પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં જ એ યુવાને પોતાને અનાથ તરીકે ઓળખાવ્યો. શ્રેણિકનું સ્નેહાળ હૃદય કંપી ઊઠ્યું. જે યુવાન રાજમહેલના વૈભવને યોગ્ય હતો તે આજે ધરતીની ધૂળમાં આળોટે છે તે જોઇને

તેને ભારે દુઃખ થયું. અને તેણે કહ્યું:–"ચાલ મારી સાથે, હું તને અનાથ નહિ રહેવા દઉં. તને જે જોઇએ તે હું આપીશ."

પછી એ બંનેનો સંવાદ આગળ વધે છે અને યુવાન તપસ્વી પોતે કેવા સંયોગોમાં ઘરબહાર નીકળી પડયો હતો અને પોતાને સનાથ માનનારા વસ્તુતઃ કેટલા અનાથ છે તે વિસ્તારથી સંભળાવ્યું ત્યારે શ્રેણિકના અંતરના દરવાજા એકદમ ઊઘડી પડયા. આપણા જૈન સાહિત્યમાં જે અનાથી મુનિના નામથી પ્રસિદ્ધ છે તેમનો શ્રેણિકને એ રીતે ભેટો થયેલો અને તે દિવસથી જૈન સાધુસંઘમાં આવા અદ્‌ભુત તપસ્વીઓ તથા વિરાગીઓ છે એમ જાણીને શ્રેણિક જૈન ધર્મ તરફ આકર્ષાયેલો.

ચેલણાએ હવે એ પાયા ઉપર શ્રેણિકની ધર્મશ્રદ્ધાનું ચણતરકાર્ય આરંભ્યું. ભ૦ મહાવીર પણ એક દિવસે અપાપા-નગરીમાં ગૌતમ ઇન્દ્રભૂતિ જેવા એ જમાનાના દિગ્ગજ સમા અગિયાર બ્રાહ્મણ પંડિતોના મદજ્વર ઉતારી–પોતાના શિષ્ય બનાવી રાજગૃહીમાં પધાર્યા. ચોમાસુ પણ અહીં જ નિર્ગમ્યું.

શ્રેણિક મહારાજા વખતોવખત ભ૦ મહાવીરના દર્શને જતા અને ભ૦ મહાવીર પણ એમને પરમ ભદ્રિક, સજ્જન અને શ્રદ્ધાળુ જાણી ઘણા ઘણા પ્રશ્નોના ઉત્તર આપતા–શંકાઓનું સમાધાન કરતા. જ્યાં શ્રેણિક મહારાજ હોય ત્યાં ચેલણા પણ હોય. ચેલણા તો પોતાના માવતરના ઘેરથી જૈન સંસ્કાર પામી હતી. શ્રેણિકને જૈન શાસનના રંગથી રંગાયેલો જોઇને ચેલણા ભારે સંતોષ અનુભવતી.

છતાં કોઈ કોઇ વાર શ્રેણિકની શ્રદ્ધા જ્યારે હલી ઊઠતી ત્યારે ચેલણાને જ એનું સમારકામ કરવું પડતું. તે કાળ ને તે સમયમાં ભ૦ મહાવીર જેવા જ્ઞાનદિવાકરો અને ગૌતમ

ગણધર જેવા પ્રકાશમાન જ્યોતિર્ધરો હતા, તેમ લોકોની ભદ્રિકતા અને સરલતાને વટાવી ખાનાર દંભીઓ અને પાખંડીઓ પણ હતા. પાખંડીઓની સંખ્યા સેંકડોના હિસાબે ગણી શકાય એટલી મોટી હતી. લોકોને આકર્ષવાના એમના જાદુ પણ વિવિધ અને વિચિત્ર હતા. જાદુથી, મંત્રતંત્રથી, જ્યોતિષથી, સામુદ્રિકથી, વૈદ્યકથી તો કોઇ કોઈ કેવળ કષ્ટક્રિયા અને વાચાળતાથી બુદ્ધિભેદ અને શ્રદ્ધાભેદની જાળ બિછાવતા.

ચેલણા પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને ભગવાન મહાવીરના શાસન પ્રત્યેની અચળ શ્રદ્ધાના બળે પાખંડીની જાળો કેવી ખૂબીથી ભેદી નાખતી અને શ્રેણિકને સીધા રાજમાર્ગે દોરી જતી તેનો થોડો આભાસ નીચેની એક બે કહાણીઓ ઉપરથી મળી શકશે.

શ્રેણિક દરેક ધર્મના સાધુ સંતોને સન્માનતો. એક દિવસે ચાર પાંચ ઢોંગીઓ શ્રેણિકના મહેલમાં આવ્યા. તેઓ પોતાને સર્વજ્ઞ કહેવરાવતા. સર્વજ્ઞનું નામ સાંભળતાં જ શ્રેણિક તેમની સામે ગયો : કંઇક નવો પ્રકાશ આપશે એવી આશાથી એમને પોતાના અંતઃપુરમાં લઈ આવ્યો.

"ચેલણા! આજે આપણા અહોભાગ્ય કે ચાર–પાંચ સર્વજ્ઞ પુરુષો આપણા આંગણે આવી ચડયા છે." શ્રેણિકનો હર્ષ જાણે કે સમાતો નહોતો. ચેલણાએ જરાય ઔત્સુકય ન દાખવ્યું. એ સમજતી હતી કે આજે તો જાદુ કપટના ખેલ કરનારા પણ પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવી ભોળી જનતાને છેતરી શકે છે. ભ. મહાવીર સિવાય આજે બીજો સાચો સર્વજ્ઞ દુર્લભ છે.

"તો ભલે આજે આપણા મહેલમાં જ રહે અને આહાર પાન પણ અહીં જ કરે એવી વિનંતિ કરો. હું પોતે એમના

સારુ રસોઈ કરું છું.” ચેલણાએ જવાબ આપ્યો. શ્રેણિક સમજ્યો કે પોતાની શ્રદ્ધા–ભક્તિનો પડઘો ચેલણાના ચિત્તમાં પણ પડયો છે : નહિતર પોતે રસોઈ કરવા બેસે છે એમ ન કહે.

શ્રેણિકની વિનંતિને માન આપી સર્વજ્ઞો રાજમહેલમાં જ રહ્યા અને બીજી તરફ ચેલણાએ એમને જમાડવા ભાતભાતની વાનીઓ તૈયાર કરવા માંડી.

સર્વજ્ઞો વખતસર જમવા બેઠા, ચેલણાએ પોતે આગ્રહ કરીને એમને ખૂબ જમાડયા. સર્વજ્ઞો પણ લાડુભક્તની જેમ અકરાંતિયાની પેઠે જમ્યા. ચેલણા એમની ખાવા પીવાની, બોલવા ચાલવાની રીતભાત ઉપરથી આ કોઈ ઢોંગીઓ છે એમ બરાબર કળી ગઈ હતી. જમી રહ્યા પછી એમને પાન સોપારી પણ ચેલણાએ જ ધર્યાં.

પાછા વળતાં સર્વજ્ઞોએ પોતાનાં પગરખાં શોધવા માંડયાં, પણ હાથ ન આવ્યાં. થોડો વખત એમ નીકળી ગયો એટલે એક દાસી દોડતી આવીને કહેવા લાગી કે : “આ તપસ્વીઓનાં પગરખાં કોઈક ઉપાડી ગયું.”

ચેલણાએ ટાઢકથી જવાબ આપ્યો : “સર્વજ્ઞો પોતાનાં પગરખાં ક્યાં છે તે ન જાણે એવું બને જ નહિ. સાધારણ માણસ પણ એટલું તો જાણતો હોય છે જ.”

એટલામાં તો શ્રેણિક મહારાજ પોતે સર્વજ્ઞોને મદદ કરવા એ દિશામાં ચાલ્યા. ચેલણા પણ એમની પાછળ પાછળ ગઈ.

સર્વજ્ઞોનાં મોં લેવાઈ ગયાં હતાં. એક તો ઠાંસી ઠાંસીને ભર્યું હતું, આશ્રમે પહોંચવાની ઉતાવળ હતી અને બીજી તરફ કોઈએ મશ્કરી કરવા એમના ઉપાન સંતાડી દીધાં હતાં.

સર્વજ્ઞો રોષે તો ભરાયા જ હતા. પણ નિષ્ફળ ક્રોધ કરવો શું કામનો એમ ધારીને મનમાં ને મનમાં જ સમસમીને ઊભા હતા.

એટલામાં ચેલણા રાણીનો સ્વર સંભળાયો: "પગરખાં તો તમારી પાસે જ છે. સર્વજ્ઞ થઈને એટલું યે નથી જાણતા ?"

વળી પેલા ધૂર્તોએ ફરી આસપાસ જોયું. ક્યાંઈ પગરખાં ન દેખાવાથી શ્રેણિકે ચેલણાને સહેજ રોષથી કહેવા માંડ્યું: "ક્યાં છે ? તમને ખબર હોય તો કહી દો. આવા સંતોને નાહકના શા સારુ પજવો છો ?"

"પણ મેં એક વાર તો કહ્યું ને કે 'પગરખાં એમની પાસે જ છે !' છેક પાસે રહેલી ચીજ પણ ન દેખાતી હોય તો પછી એમની સર્વજ્ઞતા શું કામની ? જાણીબૂજીને ભોળા લોકોને છેતરવાનો ધંધો શા સારુ લઈ બેઠા હશે ?" ચેલણા પણ હવે ચિડાવાનો ડોળ કરવા લાગી.

ક્રોધથી ઊકળેલા એક સર્વજ્ઞ તો ત્યાં ને ત્યાં જ બેસી ગયા. એનો જીવ ચૂંથાવા લાગ્યો—ખાધેલું બધું બહાર આવશે એમ લાગ્યું અને સાચે જ થોડી વારે એક પછી એક સર્વજ્ઞોએ ઊલટી કરવા માંડી. કહેવાની જરૂર નથી કે ચેલણાએ જ દાસી મારફત એ સર્વજ્ઞ હોવાનો દાવો કરનારા દંભીઓના પગરખાં મંગાવી, એનું ઝીણું ચૂર્ણ કરી ખાટા—ખારા—તીખા—મધુર રસ સાથે મેળવી એમના પોતાના જ પેટમાં પધરાવી દીધાં હતાં. એટલે તો એ પહેલેથી કહ્યા કરતી કે તમારાં પગરખાં તમારી પાસે છે છતાં બહાર કાં શોધો છો ? દંભીઓ શરમાયા અને તે દિવસથી સર્વજ્ઞ કહેવરાવીને ભોળી દુનિયાને છેતરવાનો ધંધો એમણે મૂકી દીધો.

બીજી વાર પોતાને પરમ ધ્યાની કહેવરાવનારા દંભીઓની પણ ચેલણાએ એવી જ દુર્દશા કરી હતી. કહે છે કે શ્રેણિકની પાસે આવી કેટલાક તાપસો એમ કહેવા લાગ્યા કે "અમે ધ્યાનમાં એટલા બધા તલ્લીન બની જઈએ છીએ કે અમને અમારા દેહ કે દુનિયાનું પણ કંઈ જ ભાન નથી રહેતું. ધ્યાનાવસ્થામાં અમારા જીવ ઠેઠ બ્રહ્મલોક સુધી પહોંચી જાય છે." શ્રેણિકે તો 'કદાચ હશે' એમ માની લીધું. પણ ચેલણાએ એમની ફજેતી કરવામાં બાકી ન રાખી.

ધ્યાનપ્રવીણ કહેવાતા એ ઠગોને ચેલણાએ એક તંબૂમાં બેસારી ધ્યાનનો પ્રયોગ બતાવવાનો આગ્રહ કર્યો. ભલી–ભોળી રાજમહેલની નારીને છેતરવી એ તો એમને મન રમતવાત હતી. તાપસોએ તે કબૂલ્યું અને ધ્યાનમાં બેસી ગયા–એમના કહેવા પ્રમાણે એમણે બ્રહ્મલોકની–દેવલોકની સફર શરૂ કરી દીધી. હવે ચેલણાએ તંબૂના એક છેડે આગ સળગાવી. ધ્યાનનું નાટક કરનાર એ તાપસોએ આગને નજીક આવતી જોઈ, જીવને તરત જ પાછો બોલાવી લીધો અને મૂઠી વાળીને ત્યાંથી નાસી છૂટયા.

શ્રેણિકે જ્યારે ચેલણાને ઠપકો આપવા માંડયો ત્યારે ચેલણાએ સહેજ હસતા જવાબ આપ્યો :

"મેં તો એમના ભલા માટે આગ લગાડી હતી. જીવ અને દેહનો સંબંધ જ અનર્થના મૂળરૂપ છે. બ્રહ્મલોકમાં ગયેલા જીવને પાછો ખોળિયામાં દાખલ થવા જ ન દીધો હોય તો એ બિચારા સંસારમાંથી છૂટી જાય–તરી જાય. જો સાચા હોત તો ત્યાં ને ત્યાં કાં ન બેસી રહેત ? પ્રાણવિનાના ખોળિયાને બળતું જોઈને તો તેઓ રાજી થાત. પણ આ તો ધૂર્ત્તો હતા એટલે નાસી ગયા."

શ્રેણિક શું જવાબ આપે? ચેલણા ઘણી વાર આવા તોફાનો કરતી અને શ્રેણિકને એ રીતે નવા નવા બોધપાઠ આપી વીતરાગના શાસનમાં દૃઢ કરતી. શ્રેણિક એ બધું સમજતો અને મૌન રહેતો.

આવી બુદ્ધિમતી ચેલણા પણ એક દિવસે આફતમાં ઘેરાઈ ગઈ. શ્રેણિક અને ચેલણા અભિન્નહૃદય હોવા છતાં–ચેલણાને પરમ પવિત્ર અને પતિવ્રતા માનવા છતાં શ્રેણિકને ચેલણાના ચારિત્ર વિષે સંદેહ ઊપજ્યો. હકીકત એવી બનેલી કે તે દિવસે શ્રેણિક અને ચેલણા ઉપવનમાં સાથે ફરવા ગયેલાં. પોષ મહિનાની ઠંડી એટલી બધી હતી કે ઊનનાં વસ્ત્રોથી દેહને ઢાંકવા છતાં દાંત કચકચી ઊઠતાં. પંખી પણ ખરે બપોરે માળામાંથી ઊડીને બહાર જવાની હિમ્મત ન કરે. તે દિવસે પુષ્કળ હિમ પડ્યું હતું. વીંછીના ડંખમાં અને આ હિમના સ્પર્શમાં ઝાઝો ભેદ નહોતો.

રાત્રિ પહેલાં મહેલમાં પહોંચી જવા શ્રેણિક અને ચેલણા ઉતાવળે પગલે રથ તરફ જતાં હતાં એટલામાં એમણે એક નિર્ગ્રંથ મુનિવરને તળાવની પાસે ખુલ્લા મેદાનમાં કાઉસગ્ગધ્યાનમાં બેઠેલા જોયા. શ્રેણિકે અને ચેલણાએ દૂરથી જ એ ઉઘાડા શરીરવાળા તપસ્વીને બે હાથ જોડીને વાંદ્યાં. વધુ ખોટી થવાય એમ નહોતું, એટલે તેઓ એકદમ મહેલમાં પહોંચી ગયાં.

મધ્યરાત્રિનો સૂનકાર જામ્યો હતો. હાડપિંજરને પણ ખખડાવી દે એવું હિમ વરસતું હતું. જગત આખું થીજી ગયું હોય એમ લાગતું હતું. ચેલણા ઊંઘતી હતી, પણ ટાઢના સુસવાટા એને વારેઘડીએ ઝબકાવી દેતા. શ્રેણિક પાસે જ સૂતો હતો, પણ એની આંખમાં ઊંઘ ન હતી. ચિંતાને લીધે હોય

યા તો અસહ્ય ઠંડીને લીધે હોય, પણ તે ઊંઘવાના પ્રયત્નમાં સફળ ન થયો. ચેલણાની જામતી ઊંઘ અને નિશ્ચિંતતા ઉપર એને થોડી અદેખાઈ પણ આવી હશે.

એટલામાં ચેલણાએ પડખું ફેરવ્યું. અચાનક જ એના અવશ ઓષ્ટમાંથી તૂટક–છૂટક શબ્દો સર્યા : "અરેરે! ટાઢથી એમને કેટલી વ્યથા થતી હશે?"

"એમને એટલે કોને?" શ્રેણિકના શંકાશીલ હૈયા ઉપર જાણે કે કોઈએ ખંજર ભોંકી દીધું! "ઊંઘમાં પણ આ ચેલણા કોઈ પરપુરુષને સંભારે છે, ઊંઘના આવેશમાં પોતાના કોઈ પ્રિયતમને જાણે કે સંબોધે છે. પોતાના પતિ સિવાય બીજાનું ચિંતન કરનાર આ ચેલણા ખરેખર કુલટા જ હોવી જોઈએ. મારી ઉપરનો એનો પ્રેમ દંભાચાર છે. હું જ એવો મૂર્ખ કે એના કપટી સ્નેહને મેં સાચો દાંપત્ય સ્નેહ માની લીધો."

શ્રેણિકને આખી રાત ઊંઘ ન આવી. એ પોતે અનેક સ્ત્રીઓનો સ્વામી હતો. દરેકની પાસેથી એકનિષ્ઠ સ્નેહની આશા રાખતો. તેમાંયે જે સ્ત્રી પોતાની અધિકાધિક સ્નેહપાત્રી અને માનનીય હોય તેની પાસેથી તો તે વધુમાં વધુ વફાદારી અને શુદ્ધ કંચન જેવા પાતિવ્રત્યની અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. પણ જેનો સ્નેહ હંમેશા વહેંચાતો જ રહ્યો છે, પલટાતો જ રહ્યો છે અને જેનું ચંચળ ચિત્ત ક્યાંય ઠરીને ઠામ બેસવાની હંમેશા ના સંભળાવે છે તે અતિ ઊંડા ગહન સ્નેહશાસ્ત્રના રહસ્યો સમજવાનો દાવો કઈ રીતે કરી શકે? ચંચળ મનમાં શંકાઓ અને કુતર્કોનો ફાલ ન ઊતરે તો બીજું શું ઊતરે? શ્રેણિક પોતે ભલે એ યુગના લોકાચારને આધીન હોય, પણ જો અંતરથી એકનિષ્ઠ પ્રેમી ન બની શક્યો હોય તો તેને

એવો એકનિષ્ઠ પ્રેમ બદલામાં માગવાનો શું અધિકાર હોઈ શકે? ચેલણા જેવી પવિત્ર સન્નારી વિષે પણ એના હૃદયમાં કુશંકા પ્રકટે અને એ રીતે પોતે જ પોતાની ચંચળતાની છૂપી અછૂપી વેદના કિંવા સજા વેઠે એમાં કોઈ શું કરે?

વળી થોડી વારે ચેલણાએ પાસું ફેરવ્યું અને છાતી ઉપર હાથ પડતાં બાળક ભયભીત બનીને ચીસ પાડે તેમ ચેલણા આક્રંદ કરતી હોય તેમ બોલી ઊઠી: "અરે રે! કોમળ દેહ ઉપર વ્યથાનો આ કેવો અસહ્ય ભાર છે?"

શબ્દો અને તેનો અર્થ પૂરો સમજાયો હશે કે નહિ તે તો કોણ જાણે, પરંતુ પવિત્રતા અને એકનિષ્ઠતાનો પહેરેગીર શ્રેણિક રાજા એટલું તો એ પ્રકંપ અને ગભરાટ ઉપરથી જોઈ શક્યો કે ચેલણાનું મન અત્યારે પતિમાં નથી–બીજે ક્યાંક ભટકે છે: આ વિહ્વળતા–આ ભય એને જ લીધે છે. ચેલણા પવિત્ર નથી–પતિવ્રતા તો નથી જ.

પટરાણીના આસનેથી ચેલણા ભ્રષ્ટ થવી જ જોઈએ એવા નિર્ણય ઉપર આવતાં શ્રેણિકને વાર ન લાગી. એને પૂછવાની કે હકીકત સાંભળવાની પણ જરૂર ન જણાઈ. સ્ત્રીને સંપત્તિ માનવાનો યુગ પ્રાયઃ પૂરો થયો હતો. સ્ત્રીઓમાં પણ વ્યક્તિત્વ છે, સ્ત્રીઓ પણ અનંત શક્તિની અધિકારિણી છે એમ ભ૦ મહાવીર ભાર મૂકીને કહેતા. ચાર મહાવ્રતને બદલે પાંચ મહાવ્રતની યોજના કરવામાં એમનો એ જ ઉદ્દેશ હતો. એટલે કે પહેલાં પરિગ્રહના ત્યાગમાં અર્ધાંગનાનો જે ત્યાગ સમાઈ જતો હતો તેને બદલે ધન–દોલત અને માલમિલકતની કોટીમાંથી સ્ત્રીને છૂટી પાડી ભગવાને પોતે જ સ્વતંત્ર વ્યક્તિત્વ આપ્યું હતું. લોકસમુદાયમાં એ વાત પ્રચાર પામતી જતી હતી.

શ્રેણિક મહારાજા તો હજુ યે સ્ત્રીને અંગત મિલકત જેવી જ માનતા હોવા જોઇએ. સ્ત્રી ન્યાય અને સન્માનની અધિકારિણી છે એમ એમને હજી નહોતું ઠસ્યું.

બીજે દિવસે ઊઠતાંની સાથે જ ચેલણાને માટે એકદંડિયો મહેલ ખડો કરવાની અને એમાં ચેલણાને બંદિની તરીકે રાખવાની શ્રેણિક મહારાજાએ તરકીબ ગોઠવી. ચેલણા સવારમાં ઊઠી અને પોતાના નજીકમાં નજીક રહેલા પતિથી જાણે કે ઘણે આઘે જઇ પડી હોય એમ લાગ્યું. પતિના સ્નેહ અને આદરનો અખૂટ ભંડાર જાણે કે એક જ રાતમાં લૂંટાઇ ગયો હતો.

એક રાતમાં જ આખી બાજી પલટાઈ ગયેલી જોયા પછી ચેલણાને કેટલી વ્યથા થઇ હશે ? અંતરની એ ઊંડી વ્યથા ઠલવવાનું એને બીજું એકેય સ્થાન ન હતું. પોતે શું અપરાધ કર્યો હતો તે પણ નહોતી જાણતી. શ્રેણિક સાથે કંઈ મતભેદ થયો હોય, શ્રેણિકની કોઈ આજ્ઞાનું જાણ્યે–અજાણ્યે ઉલ્લંઘન થયું હોય અથવા તો શ્રેણિક પ્રત્યે કોઈ પ્રકારનું કઠોર વેણ બોલાયું હોય અને પોતે પતિનો સ્નેહ કે આદર ગુમાવી બેઠી હોય તો તેને માટે પશ્ચાત્તાપ પણ થાય, એવો દોષ બીજી વાર ન કરવાનો નિશ્ચય પણ કરાય. પોતાના દોષથી સાવ અજાણ, છતાં શ્રેણિકના સ્નેહના ઉન્નત ગિરિશિખર ઉપરથી ગબડેલી અને ધરતીની ધૂળમાં આળોટતી ચેલણા શું કરવું તેનો કંઈ નિશ્ચય કરી શકી નહિ.

જે શ્રેણિક એક દિવસે ચેલણાની અણધારી પ્રાપ્તિથી પોતાને સ્વર્ગ સમાન સુખ વૈભવની પ્રાપ્તિ થયેલી માનતો, જે શ્રેણિક જલક્રીડામાં ચેલણા સાથે ખેલતાં કદી થાકતો જ નહિ, જે શ્રેણિક ચેલણાના કેશપાશને પોતાના હાથની આંગળીઓથી

એકાંતમાં ઓળતો, જે શ્રેણિક સુગંધી કસ્તૂરીથી ચેલણાના ગાલ અને કપોલ પર વિચિત્ર પત્ર અને વેલીઓ આંકતાં વખતનું ભાન પણ ભૂલી જતો તે જ શ્રેણિક આજે હવે ચેલણાનું મોં જોવામાં પણ પાપ સમજવા લાગ્યો હતો. ચેલણા જેવી પાપિણી નારીઓનું તો નિકંદન જ કાઢી નાખવું જોઇએ એમ માનવા લાગ્યો હતો. પ્રીતિની વિકૃતિમાંથી જે ઈર્ષા પ્રકટ થાય છે. તેની આગમાં બળતો શ્રેણિક સ્નેહસૃષ્ટિના એક બળવાખોરનો પાઠ ભજવી રહ્યો.

ચેલણા સાચે જ શું પરપુરુષમાં આસકત હશે? સાચે જ ઊંઘમાં અને સ્વપ્નમાં પણ એ પોતાના કોઈ પ્રેમિકને ઝંખતી હશે? શ્રેણિકની શંકા સાવ નિમૂંળ અને અસ્થાને હશે? નિમૂંળ જ હોય તો પછી સ્વપ્નમાં એ પોતાના કયા પ્રીતમને સંભારતી હશે? કયા પ્રેમીની જપમાળ રટતી હશે? સ્વપ્ન હોય, મિથ્યા રટણ હોય તો પણ એને આધાર કે પાયો તો હોવો જોઇએ ને?

શ્રેણિકની શંકા છેક નિરાધાર નહોતી. ચેલણા ખરેખર એ વખતે એક સ્વપ્ન નિહાળતી હતી. તટસ્થ દ્રષ્ટા તરીકે જ એ સ્વપ્ન જોતી હોત તો એ મૌન સ્તબ્ધ રહી શકી હોત. પણ એમ નહોતું. ચેલણા મન, પ્રાણ અને અનેરા ઔત્સુકય, અલૌકિક અનુમોદન તેમ અપૂર્વ તન્મયતાથી એ સ્વપ્ન નિહાળતી હતી. સ્વપ્ન પણ એક પુરુષનું જ હતું. શ્રેણિક સિવાયના બીજા કોઇ પુરુષનું ચિંતન એ પરપુરુષ પ્રત્યેની આસક્તિ ગણાતી હોય અને શ્રેણિક સિવાયના બીજા કોઈ પુરુષ પ્રત્યેની ભક્તિ જો કૃતઘ્નતા અથવા બેવફાઈ ગણાતી હોય તો ચેલણા એ માટે જવાબદાર ગણાય. શ્રેણિકે જો પૂછ્યું હોત તો

તે નિઃસંકોચપણે કહી શકત–જરાયે આડપડદો રાખ્યા વિના કહી શકત કે આપણે બન્નેએ જે મુનિપુંગવને, તળાવની નજીક ખુલ્લા દેહે કડકડતી ટાઢમાં ધ્યાનસ્થ નિહાળ્યા હતા–વાંદ્યા હતા તે મુનિવર પ્રત્યેના ભક્તિભાવથી આકર્ષાઈ એમની કઠોર તપશ્ચર્યાની અનુમોદના કરતા ઊંઘમાં પણ ધ્રૂજતી હતી.

ધ્યાનસ્થ મુનિવરે તો ટાઢ તડકા ઉપર વિજય વર્તાવ્યો હશે: ટાઢથી નહિ ધ્રૂજતા હોય પણ ચેલણાના ભક્તિ અને શ્રદ્ધાના જે તાર એ મુનિવરના તપ સાથે સંધાયા હતા અને તેમાંથી જે અનુભૂતિ અને અનુમોદનાની ઝીણી સિતારો વચ્ચે વચ્ચે રણઝણી ઊઠતી હતી તે હતું તો સ્નેહસંગીત પણ એમાં વિકાર, આસક્તિ કે સ્થૂલ વાસનાનો એકેય સૂર નહોતો. પવિત્ર અને સુભાગી અંતરમાં જ કોઈ ધન્ય પળે એવી એકાદી મૂર્છના આપોઆપ પ્રકટી જાય છે. ચેલણા નિર્દોષ હતી, નિષ્પાપ હતી, નિઃસ્વાર્થ ભક્તિ–ભાવથી તરબોળ હતી એટલે જ એના અંતરમાંથી આ દૈવી સંગીત છલકાયું હતું. નહોતી એમાં મલિનતા કે નહોતી કોઈની તે છલના.

પણ શ્રેણિક એટલા ઊંડા પાણીમાં શા સારુ ઊતરે? મગધની પ્રજાનો ન્યાય તોળનારો રાજવી અંતઃપુરના આવા ન્યાય છણવા બેસે તો પછી સામાન્ય પ્રજાજનમાં અને સમ્રાટમાં શું તફાવત રહે? ચેલણા, અલબત પ્રિય હતી. ચેલણાની ખાતર એ કોઈપણ ભોગ આપવા કે જોખમ ખેડવા તૈયાર હતો, પણ એ જ ચેલણા જો કપટી, દંભી અને દુરાચારિણી નીકળે તો પછી એમાં ન્યાય કે તપાસને અવકાશ જ ક્યાં રહે છે? ચેલણાના પોતાના મોંમાંથી નીકળેલ શબ્દો જ શું એનો અપરાધ સાબિત કરવાને બસ નથી? ચેલણાના ખુલાસાથી

રખેને પોતે ભરમાઇ જાય અને પોતે પોતાની નબળાઇથી કદાચ માફ કરી બેસે અને એ રીતે અંતઃપુરમાં વધતા જતા પાપના ઉકરડાને મોટા ડુંગર સમો કદાચ બનાવી દે એવી પણ શ્રેણિકના દિલમાં ઊંડે ઊંડે બીક તો હશે જ.

"ચેલણા જેવી મારા સતત સહવાસમાં રહેનારી નારી પણ મારી નથી તો પછી અંતઃપુરની બીજી સ્ત્રીઓ કોણ જાણે કેટલી દુષ્ટ હશે?" વિકૃતિનો કીડો શ્રેણિકના અંતરને ફોલતો ઊંડે ને ઊંડે ઊતરતો હતો. એણે માની લીધું કે ચેલણા જેવી સ્ત્રી જો શુદ્ધ શીલવતી ન હોય તો પછી અંતઃપુરની બીજી સ્ત્રીઓ સંબંધે વધુ વિચાર કરવા જેવું કંઇ જ નથી રહેતું.

પાકો પહેરો ભરાતો હોય તો જ અંતઃપુરની શીલરક્ષા થઇ શકે એમ શ્રેણિક માનતો અને પોતે ચેલણાના સંપર્કમાં આવ્યા પછી પાકો પહેરેગીર રહી શકતો નહોતો એ વાતનું પણ એને ભાન હતું. હવે જો આખું અંતઃપુર આવું કલંક્તિ હોય તો એને રાખીને પણ શું કરવું?

તરતજ અભયકુમારને બોલાવીને શ્રેણિકે આજ્ઞા કરીઃ– "બેટા, મને મારું આખું અંતઃપુર અંદરથી સડી ગયેલું લાગે છે. એ સડો આગળ ન વધે એટલા સારુ એને આગથી સળગાવી દેવું જોઇએ."

"જેવી આજ્ઞા, પિતાજી!" અભયકુમારે આજ્ઞાંક્તિ પુત્ર અને વફાદાર સેવકની જેમ જવાબ આપ્યો.

એ રીતે શ્રેણિક ભારે ભાગ્યશાળી હતો. અભયકુમાર જેવા બુદ્ધિનિધાન અને કર્તવ્યપરાયણ પુત્રનો એ પિતા હતો. એક વાર ઇચ્છા માત્ર પ્રગટ કર્યા પછી કે એકાદ વાર આજ્ઞા ઉચ્ચાર્યા

પછી શ્રેણિકને ફરી વાર એ વિષે તપાસ કરવાની જરૂર નહોતી લાગતી. પિતા શ્રેણિકની ઇચ્છાનો અમલ કરવામાં, પિતાજીની કોઈપણ યોજના સફળપણે પાર પાડવામાં અભયકુમાર જેવો બીજો પુત્ર પૃથ્વી ઉપર અવતર્યો જાણ્યો નથી. બુદ્ધિ અને કર્તવ્યનિષ્ઠા ઉપરાંત બાજીને સુધારવાની કળા પણ એને સ્વભાવથી જ વરી હતી.

પિતાજી પોતાના અંતઃપુર ઉપર રોષે ભરાયા છે, તેથી જ તો તેમણે અંતઃપુરમાં આગ મૂકવાની આજ્ઞા કરી છે એટલું તો અભયકુમાર તરત જ સમજ્યો અને પિતાજીની આજ્ઞાનું પાલન પણ એટલી જ ત્વરાથી કરવું જોઇએ એમ એને લાગ્યું.

પિતાજીની આજ્ઞામાં આવેશ અને અવિચાર હતો. અભયકુમાર જેવા બુદ્ધિનિધાનથી એ વાત થોડી જ અજાણી કે અણસમજાઈ રહે? એણે અંતઃપુરને બાળવાનો અને છતાં અંતઃપુરને બચાવી લેવાનો મધ્યમ માર્ગ યોજ્યો. પિતાની આજ્ઞાનું એક તરફ પાલન થાય અને બીજી તરફ અંતઃપુરનું પણ રક્ષણ થાય એવી યુક્તિ આદરી. કદાચ એ શ્રેણિક જેવા પિતાના સ્વભાવનો ઊંડો અભ્યાસી પણ હશે. એટલે જ તેણે અંતઃપુરની પાસે–પડખે જે એક જૂની હસ્તીશાળા હતી તેને સળગાવી મૂકી અને મહારાજાનું આખું અંતઃપુર એમાં સપડાઇ ગયું એમ જાહેર કર્યું.

અંતઃપુરમાં આગ મૂકવાની આજ્ઞા આપીને શ્રેણિક શહેરની બહાર આવ્યો. અત્યારે જો એની પાસે જઇને જુએ તો હંમેશા પ્રફુલ્લ અને પ્રસન્ન રહેનારા શ્રેણિક મહારાજાના મોં ઉપર વિષાદ અને વિહ્વળતાની કાળી વાદળઘટા છવાયેલી તે જોઈ શકે. ચેલણાની ચિંતાએ અત્યારે એને છેક નિસ્તેજ

બનાવી દીધો હતો. શ્રેણિકનો પત્ની અને પુત્રોનો પરિવાર ઘણો બહોળો હતો મેઘકુમાર અને નંદિષેણ જેવા યુવાન પુત્રો રાજમહેલના વૈભવોને તુચ્છ ગણી ભ૦ મહાવીરના મુનિસંઘમાં ભળી ગયા હતા. સંસારનું કોઈ સુખ સ્થાયી કે નિર્વિકાર નથી હોતું એ વાત શ્રેણિક પોતે પણ જાણતા હતા–ઘણીવાર એ ઉપદેશ તેણે પ્રભુના મુખેથી સાંભળ્યો હતો. અત્યારે શ્રેણિકની પરીક્ષાની પળ હતી. થોડું મનોબળ મેળવ્યું હોત તો તે પોતાના વહેમનો વિષઘૂંટડો ગળા નીચે ઉતારી ગયો હોત. આટલો સંક્ષુબ્ધ ન બનત.

સુભાગ્યે ભગવાન મહાવીર એ વખતે રાજગૃહીના ઉદ્યાનમાં જ હતા. શ્રેણિકની ઘણીખરી સમસ્યાઓ ભગવાન પળવારમાં ઉકેલી દેતા. ભગવાનના પાદપદ્મમાં વંદન કરી આજે શ્રેણિકે પહેલો જ પ્રશ્ન એ પૂછયો કે "ભગવન્! ચેલણા પતિપરાયણા છે કે પતિતા?"

"રાજન્!" વિના વિલંબે ભગવાને જવાબ વાળ્યો. "ચેલણા વિષે શંકા કરવી નકામી છે. એ મહાસતી છે અને શીલ–અલંકારથી શોભિતી છે." પ્રાણી માત્રના અંતરના અતિ સૂક્ષ્મ ભાવો હસ્તામલકવત્ જોઈ તથા સમજી શકનારા પ્રભુ મહાવીરના આ ખુલાસા પછી શ્રેણિકને બીજો કોઇ પ્રશ્ન પૂછવાની જરૂર ન લાગી. અંતરની એક વ્યથા તો અળગી થઇ, પણ પોતે અભયકુમારને અંતઃપુરમાં આગ લગાડવાનું કહીને આવ્યો હતો તેનું શું કરવું? એક વ્યથા જતાં બીજી વ્યાકુળતાએ શ્રેણિકના અંતરમાં શૂળ પેદા કર્યું. ભગવાન મહાવીર પાસેથી નીકળી શ્રેણિક મહારાજા સીધા અભયકુમાર પાસે આવ્યા. અંતઃપુરમાંથી નીકળતા ધૂમાડાના ગોટા શ્રેણિકે

નગરની બહાર જતી વખતે જ જોયા હતા અને અભયકુમાર જેવો આજ્ઞાંકિત પુત્ર, પિતાની આજ્ઞાનું પાલન કરવામાં વાર ન લગાડે એ વાતની એમને પૂરી ખાત્રી હતી, એટલે નિર્દોષ ચેલણાનું, પોતાની વહેમ અને કુશંકાની વેદી ઉપર બલિદાન દેવાઇ ગયું હશે એ લગભગ નિશ્ચિત હતું. અભયકુમારને પૂછવાની હિમ્મત પણ એ શી રીતે કરી શકે ?

મૂર્છા એ મૃત્યુની જ સહચારી ગણાય છે. માનવીનાં અસહ્ય સંતાપ અને કષ્ટને શમાવવા, માતાની જેમ જ એ મૂર્છા પોતાની ગોદમાં લે છે. વ્યથાને વિસારી દેવાની દુર્બળ માનવીને સરસ તક આપે છે.

ચેલણા મહાસતી છે અને છતાં અંત:પુરની આગનો ભોગ બની છે એ કલ્પનાએ મહારાજા શ્રેણિકને મૂર્છિત બનાવી દીધા. શ્રેણિક અત્યારે હજારો વીંછીઓના ડંખ વેદી રહ્યા હતા.

થોડી વારે એ જ્યારે જાગ્યા અને શુદ્ધિમાં આવ્યા ત્યારે અભયકુમારે પહેલેથી માંડી બધી વાત કહી સંભળાવી. અંત:-પુરને ઊની આંચ સરખી પણ નથી લાગી–ચેલણા ક્ષેમકુશળ છે એ વાત પણ કહી. ચેલણાએ પણ સ્વપ્નમાં, તપસ્વીની ભારે તિતિક્ષા નિહાળી સહાનુભૂતિ અને ભક્તિના જે વિજળીક આંચકા અનુભવ્યા હતા તે વિગત યથાક્રમે કહી સંભળાવી. શ્રેણિકને હવે એક મોટી ભયંકર ઘાતમાંથી ઉગર્યા હોય એટલો આહ્લાદ થયો.

સ્નેહના અકળ ને અગમ્ય છતાં વ્યાપક ને વિરાટ ઉદધિમાં આવાં ભરતી–ઓટ ને વાવાઝોડાં ઘણી વાર આવે છે.

શંકા, વહેમ ને વિકારના ભયંકર મગરમચ્છ ઘણી વાર નાના-મોટા ત્રાપાને ઝાપટ લગાવી જાય છે. એ વખતે તો વિશ્વ આખું અદૃશ્ય બની જતું હોય અને ગાઢ અંધકાર સિવાય બીજું કાંઈ અસ્તિત્વમાં જ ન હોય એમ લાગે છે. પણ એ ભરતી–ઓટ શમે છે, મંગળ પ્રભાતનાં કિરણો સ્ફુરતાં દેખાય છે અને સ્નેહસૃષ્ટિના પ્રવાસીઓ જાણે નવો અવતાર પામ્યાં હોય તેટલા ઉલ્લાસથી પોતાના માર્ગ કાપવા મંડી જાય છે. વિઘ્નો અને સંતાપોની અંધારી રાત્રિ વીત્યા પછી જાણે કે આત્માને નવી પાંખો ફૂટતી હોય એમ લાગે છે.

શ્રેણિક અને ચેલણા, શંકાના વમળમાંથી છૂટયા પછી જાણે નવું પ્રોત્સાહન અને નવા પ્રાણ પામ્યા હોય તેમ અભિન્ન અને અદ્વૈત બનીને દંપતી–જીવન નિર્ગમી રહ્યાં. મોટા રાજમહેલમાં ચેલણાને જરા આઘે જવું પડે તો શ્રેણિકના હૈયાનો પ્રતિ–દોર તૂટું–તૂટું થઈ જતો. ચેલણા ઘણીવાર આંખ આગળથી અદૃશ્ય થાય તો શ્રેણિકને આખી સૃષ્ટિ સૂની બની ગયેલી લાગતી. આ અકળામણમાંથી બચવા મહારાજાએ દેવવિમાન જેવો સુંદર, નાજુક અને ગમે ત્યાં પણ ચેલણા નજર સામે જ રહી શકે એવો એક એકદંડિયો મહેલ બનાવ્યો. એક જ વૃક્ષના થડ અને શાખામાંથી, એકદંડિયો બનાવવો એ સહેલી વાત નહોતી. શ્રેણિકની એ મનોભાવના કદાચ સ્થૂલ આકાર ન પામી શકત પણ બુદ્ધિનિધાન અભયકુમારે શ્રેણિક મહા-રાજાનું એ સ્વપ્ન પણ પોતાની ખંત અને તપના પ્રતાપે સિદ્ધ કરી બતાવ્યું. એકદંડિયા મહેલ ફરતું સર્વ ઋતુઓ સર્વ કાળ ક્રીડા કરે એવું એક ઉદ્યાન પણ વર્દ્ધકિ નામના વ્યંતરદેવે યોજી દીધું.

× × ×

અધિકાર, ઐશ્વર્ય, વંશવિસ્તાર અને આરોગ્ય, ભોગોપયોગ, આજ્ઞાધીન સેવક–સેવિકાઓ, સ્વજનો અને દેવાધિદેવ શ્રમણ ભગવાન મહાવીરની સાક્ષાત્ સેવાભક્તિ એ સઘળું શ્રેણિક મહારાજા અને ચેલણા પટ્ટરાણીને માટે સહજ–સુલભ હતું. સંસાર જેને સ્વર્ગોપમ કહે એવી સઘળી સુખસામગ્રી એ દંપતીના ચરણમાં આળોટતી: છતાં એક દિવસ એવો ઊગ્યો કે જે દિવસે ચેલણા અને શ્રેણિકની દુર્દશા અને દુર્દૈવ જોઇને, રસ્તે જતા રંકને પણ અરેરાટી છૂટયા વિના ન રહે. સુખ, શાંતિ, સહિસલામતીની પરાકાષ્ઠાની પળોમાં જ એ ભદ્રિક દંપતીના શિરે અણધારી, કારમી આફતની ઝડી વરસી પડી.

ઉચાટ, આફત કે નજીવો સંતાપ ડોકિયું કરી શકે એવાં બધાં બારી–બારણાં બંધ હતાં: પ્રયત્નપૂર્વક બંધ કર્યાં હતાં એમ નહિ પણ સ્વભાવિકપણે જ શ્રેણિક અને ચેલણા ફરતો એક અભેદ્ય દુર્ગ રચાઈ ગયો હતો. બન્ને શરીરે તંદુરસ્ત હતાં, ઉલ્લાસમય હતાં. દુશ્મનો પણ એમની સરળતા, ભક્તિપરાયણતા મુક્તકંઠે પ્રશંસતા. કોઇ રાગ નહોતો, કોઈ વિરોધી નહોતો, કોઇને એમની ઈર્ષા કે અદેખાઈ આવે એવું પણ નહોતું, છતાં શ્રેણિકના પોતાના જ રાજમહલમાં એક ખૂણે છૂપા વિદ્રોહની ઊડતી ચિણગારી આવી ચડી. શ્રેણિક એ આગમાં સપડાયો અને ચેલણા પણ એની ઊની જ્વાળાઓમાંથી બચી ન શકી.

ભદ્રબાહુ અને વરાહમિહિરના સંબંધમાં એવી એક વાત પ્રચલિત છે કે વરાહમિહિર મોટો રાજમાન્ય પંડિત હતો. જ્યોતિષશાસ્ત્રમાં એના જેવો પારગામી હજી કોઈ થયો જાણ્યો નથી. એણે પોતાના ખોટના એકના એક પુત્રનું આયુષ યથાશાસ્ત્ર કુંડલી બાંધી–તપાસી સો વર્ષનું કહેલું: પોતાની ગણનામાં

કાના–માત્રનો પણ ફેર નથી એમ ગર્વપૂર્વક ઉચ્ચારેલું. ભદ્રબાહુ-સ્વામીને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે એમણે નિઃશ્વાસ સાથે ઉચ્ચારેલું કે મારો સહોદર બન્ધુ વરાહમિહિર ગમે તેટલો મોટો પંડિત હોય, પણ એટલો ગર્વોન્મત્ત છે કે કોઈ કોઈ વાર જે ખરું જોવાનું હોય છે તે જ ભૂલી જાય છે. બાળક સો વર્ષ તો શું પણ એક અઠવાડિયું પણ માંડ જીવશે અને એનો ઘાત પણ એક બિલાડીથી જ થવાનો. વરાહમિહિરે એ વાત હસી કાઢેલી, છતાં ઘરમાં કયાંઇથી બિલાડી પ્રવેશવા જ ન પામે એવી ખાસ તકેદારી રાખી. બરાબર સાતમે કે આઠમે દિવસે બાળકનું અચાનક મૃત્યુ થયું. બિલાડીથી નહિ પણ બારણાનો આગળિયો, જૂના જમાનામાં લોખંડનો જાડો–લાંબો સળિયો બારણા પાછળ અર્ગલારૂપે રાખવામાં આવતો હતો તે–પડ્યો અને વરાહમિહિરનો ખોટનો કુળદીપક ઓલવાઇ ગયો.

વરાહમિહિરની ગણના તો ખોટી પડી, પણ ભદ્રબાહુસ્વામીનું બિલાડી વિષયક કથન મિથ્યા ઠર્યું એમ સૌને લાગ્યું. પછી જ્યારે ભદ્રબાહુસ્વામી પોતાના સંસારી ભાઇને ત્યાં આશ્વાસન આપવા આવ્યા ત્યારે વરાહમિહિરના પૂછવાથી એમણે અર્ગલા મંગાવી. એના એક છેડા ઉપર જે ગાંઠ હતી તેમાં બિલાડીની આકૃતિ આલેખેલી બતાવી. જીવતી બિલાડીએ નહિ, પણ આકૃતિવાળી–ચિત્રામણની બિલાડીએ બાળકના લલાટનું ભાવી નિર્માણ કર્યું અથવા ભૂંસી નાખ્યું.

શ્રેણિક મહારાજા અજાતશત્રુ હતા, એમને કોઇ શત્રુનો ભય નહોતો, પણ લલાટલેખે ઘરમાંથી જ પુત્રના રૂપમાં એક શત્રુ ઊભો કર્યો. જેને મહારાજાએ અજાતશત્રુનું નામ આપેલું તે જ પોતાના પિતાનો વેરી બન્યો. તેણે દગા–ફટકાથી પિતાને કાષ્ઠપિંજરમાં પૂરી, મગધનો મુકુટ પહેરી લીધો. બહારથી

આવતી આફતો સામે માણસ કિલ્લેબંધી ઊભી કરી નિશ્ચિંત રહી શકે, પણ જ્યાં આકૃતિમાં આલેખાયેલી બિલાડી, પ્રાણ હરવા સમર્થ હોય ત્યાં સ્નેહ અને વાત્સલ્યની હૂંફમાં પળેલા– ઉછરેલા સંતાનો પિતૃઘાતી બને એને કર્મની લીલા સિવાય બીજું શું કહેવાય? અને એ અનિવાર્ય ભાવીને કોણ અન્યથા કરી શકે?

શ્રેણિક જો કે હવે વર્ષ અને મહિનાના હિસાબે વૃદ્ધ થયા હતા, પણ એમના દેહ અને મનની તાઝગી હજી એની યુવાનીને યાદ કરાવતી. ઇતિહાસમાં જો કે તે શ્રદ્ધાળુ અને ભક્ત તરીકે પંકાઇ ગયા છે, પણ જો તેણે ભગવાન મહાવીર અને ગૌતમ બુધ્ધના ઉપદેશને અનુસરી, પોતાની તલવાર મ્યાનમાં ન રાખી હોત તો નજીકના નાનાં–મોટાં રાજ્યો અને ગણતંત્રને માટે પણ એ ભયંકર બની જાત. આવા એક યોદ્ધાને પોતાના જ એક પુત્રના હાથે, છૂપા વિદ્રોહને અંગે, બંદીવાન બન્યા પછી કેટલું દારુણ દુઃખ થયું હશે? મગધ જેવું અનન્ય સામ્રાજ્ય પોતાના બાહુબળથી સરજાવવાની તાકાત ધરાવનાર એ યોદ્ધાને એ વખતે એમ જ થયું હશે કે આ પિંજરમાંથી ઘડીક વાર બહાર નીકળું અને ખુલ્લી તલવાર લઇને મેદાનમાં ઊભો રહું તો મારી સામે ઊંચી આંખે જોવાની પણ કોઇ હામ ન ભીડે–આ બાવડામાં હજી પણ ઉલ્કાપાત ઉપજાવવા જેટલું બળ છે.

બીજી જ પળે ભ૦ મહાવીર અને ગૌતમ બુદ્ધની તપશ્ચર્યા અને સંયમ યાદ આવતાં પુત્રનો આ અત્યાચાર પ્રસન્નપણે સહી લેવાની અને અનિવાર્ય ભાવીભાવને ભેટવાની ભાવના પણ એ જ પુત્રવત્સલ હૈયામાં સ્ફુરતી હોય તો તે પણ અસંભવિત નથી.

ચેલણાની સ્થિતિ વધુ કરુણ અને કફોડી હતી. પુત્રની ઉદ્ધતાઈ સગી આંખે જોવા છતાં એક અબળા તરીકે એક શબ્દ સરખો ય ઉચ્ચારવાની એની હીમ્મત નહોતી ચાલતી. અંતરથી તો તે શ્રેણિક સાથે બંદીદશા ભોગવવાનું જ પસંદ કરતી હશે. પરંતુ હવે મગધપતિ બનેલા પુત્ર પાસે એટલી નજીવી માગણી કરવા કરતાં ધરતી માર્ગ આપે તો તેમાં સમાઈ જવાનું એ વિશેષ પસંદ કરતી, એટલે તો એ બહુધા મૌન રહેતી.

ચેલણા પહેલેથી જ સમજતી હતી કે પોતે જે પુત્રનો જન્મ આપ્યો છે તે એક દિવસ પિતૃઘાતી નીવડવાનો. એ ગર્ભમાં હતો તે વખતે જ ચેલણાને પોતાના પતિનું કોમળ કાળજું ભક્ષવાના દોહદ ઉપજેલા. શ્રેણિકે અભયકુમારની મદદથી એ દોહદ ખૂબીથી પૂરેલા. પુત્રના જન્મ પછી પણ ચેલણાએ તો એનો ત્યાગ જ કરેલો—એક ઉકરડા ઉપર ફેંકી દીધેલો. સદ્‌ભાગ્યે તે જીવ્યો અને શ્રેણિકના વાત્સલ્ય–પ્રભાવે તે રાજકુમારની જેમ જ ઉછર્યો. ઉકરડા ઉપર એની આંગળી એક કૂકડાએ કરડેલી—પાછળથી એ પાકેલી. પરંતુ શ્રેણિક મહારાજા પોતે એ પુત્રને આરામ આપવા, એની પરૂવાળી આંગળીને પોતાના મોંમાં રાખી, ઊની બાફ આપતા. ચેલણાને આવા સુકુમાર અને નિર્દોષ પુત્રનો એકદમ ત્યાગ કરવા બદલ એમણે ઠપકો પણ આપેલો. સાચે જ, શ્રેણિક મહારાજા પિતા તરીકે પણ, સમ્રાટ હોવા છતાં યે, પૂરેપૂરા પુત્રવત્સલ હતા.

"દુરાચારિણી, કર્કશાઓ પણ વ્યભિચારથી પેદા થયેલા પોતાના પુત્રોનો ત્યાગ નથી કરતી, તો પછી આપણા સ્નેહના પ્રથમ ફળ જેવા આ પુત્રને અશોકવનની એકાંત ભૂમિ ઉપર ફેંકવામાં તમે નાનોસૂનો અન્યાય નથી કર્યો". અશોકવનના ઉકરડામાંથી પોતાના બાળકને પાછો ઘરમાં લઈ આવતા શ્રેણિક

મહારાજાએ ચેલણાને એ શબ્દો સંભળાવેલા. બાળકની કુમળી આંગળી એ વખતે એક કૂકડાએ સહેજ કરડી ખાધેલી અને તેથી તે બૂઠી બની ગઇ હતી, એટલે કેટલાક સ્નેહીજનો–મિત્રો એને કુણુક કહીને પણ સંબોધતા. અજાતશત્રુના નામથી પણ જે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. માતાનો એની ઉપર પ્રથમથી જ બહુ પ્રેમ નહોતો. પણ શ્રેણિકે પિતા તરીકે એનો બદલો વાળી આપેલો. કુણિક આખરે કૃતઘ્ન નીવડ્યો.

પુત્રના હાથથી બંદીવાન બનેલા અથવા તો પુત્રના કાવતરામાંથી નાસી છૂટેલા અને અકાળે મૃત્યુની ગોદમાં સૂતેલા રાજવીઓની સંખ્યા એ કાળે અપવાદરૂપ હોવા છતાં અપવાદો જ ઉત્સર્ગની સાથે સ્પર્ધા કરતા હોય એમ જણાય છે. શ્રેણિકના સમકાલીન કોશળના રાજવી પ્રસેનજીતને પણ પોતાના પુત્ર–વિરુદ્ધકના વિદ્રોહને લીધે શ્રાવસ્તીમાંથી ભાગી છૂટવું પડયું હતું–રસ્તામાં જ વૃદ્ધવસ્થાને અંગે એનું મૃત્યુ થયું હતું એવો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે. એમ પણ કહેવાય છે કે ગૌતમબુદ્ધનો એક દુષ્ટ અને કાવતરાબાજ પ્રતિસ્પર્ધી દેવદત્ત કરીને હતો તેની સલાહ અને પ્રેરણાએ આ બન્ને વિદ્રોહમાં મુખ્ય ભાગ ભજવેલો.

કુણિકે શ્રેણિકને પજવવામાં–ત્રાસ આપવામાં કંઇ બાકી નહોતી રાખી. ચેલણાએ અનુનય–વિનયથી રોજ થોડીવાર શ્રેણિક પાસે કેદખાનામાં જવાની કુણિક પાસેથી પરવાનગી મેળવેલી. અનાહાર, એકાંતવાસ અને આઘાતો તેમજ પ્રત્યાઘાતોથી ભરેલ અંધારી તેમજ ગંધ મારતી સાવ સંકુચિત સૃષ્ટિમાં વસવા છતાં શ્રેણિક ચેલણાના દર્શને પોતાનું બધું દુઃખ ભૂલી જતો. ઘોર અંધકારમયી રજનીમાં કયાંઇક પણ રૂપેરી રેખા હતી–કાજળકાળા વાતાવરણમાં ચેલણા પ્રકાશકિરણરૂપ હતી.

અસંખ્ય અપકારોમાં કુણિકનો આ એક ઉપકાર શ્રેણિકને માટે ભારે મૂલ્યવાન બની ગયો.

બંદીખાનાની નિર્જન ઓરડીમાં જઈ ચેલણા પોતાના પતિદેવને કેવા પ્રકારનું આશ્વાસન આપતી હશે–દુઃખમાં ધૈર્ય ધરવાનું અથવા આશાવાદના બોલાતા દીપકમાં તેલ પૂરવાનું કર્ત્તવ્ય કેવી રીતે બજાવતી હશે તેની તો માત્ર કલ્પના જ કરવાની રહે છે. બાકી આટલી વાત તો સ્પષ્ટ અક્ષરોમાં લખાઈ છે કે:

"ચેલણા રોજ રોજ સો વાર ધોયેલી સુરાવડે સ્નાન કરીને, ઉતાવળે પગલે, ભીના કેશે શ્રેણિકની પાસે પહોંચતી અને એના કેશપાશમાંનો ફૂલના દડાની જેમ જ ગોઠવી રાખેલો અડદનો લાડવો ખાઈને તેમજ કેશપાશમાંથી નીતરતા સુરાના બિંદુઓ પીને શ્રેણિક સ્વર્ગનું સુખ અનુભવતો." પુત્રના હાથના અમાનુષી જુલમોનું આકંઠ વિષપાન કરવા છતાં શ્રેણિક બે ઘડી નીલકંઠ સમો દેખાતો.

એવામાં કુણિક પોતે પિતા બન્યો. વાત્સલ્યના માધુર્ય તેમજ દૌર્બલ્યનો એ પોતે ભોક્તા બન્યો. કુણિકની પદ્માવતી નામની સ્ત્રીએ ઉદાયીનો જન્મ આપ્યો. એનો જન્મોત્સવ પણ ભારે ધામધૂમથી ઉજવાયો.

એક દિવસે કુણિક પોતાના બાળકુંવરને ખોળામાં બેસારી, ભોજન કરતો હતો. ચેલણા પણ ત્યાં જ બેઠી હતી, એટલામાં બાળકે પેશાબ કર્યો–કુણિકના થાળમાં થોડા છાંટા ઊડ્યા. કુણિકે લેશમાત્ર અણગમો કે સૂગ ન દાખવી. હતો તેની તે જ સ્થિતિમાં બેસી રહ્યો. એટલું જ નહિ પણ પીરસાયેલા થાળમાંનો થોડો ભાગ તારવી, જુદો પાડી, બાકીનો આહાર જમવા

મંડી ગયો. એ રીતે એને પોતાના પુત્ર ઉપર કેટલું અસાધારણ હેત હતું તે બતાવી આપ્યું.

ચેલણા જેવી બુદ્ધિમતી અને સમયજ્ઞ નારી એ તકને વ્યર્થ કેમ જવા દે ? જે વાત કહું એમ થાય, છતાં કહેતાં જીભ જ ન ઊપડે–રખેને વાતનો મહિમા ઊડી જશે એવા ભયથી ઓષ્ઠ સુધી આવેલા ઉદ્‌ગાર પાછા ગળી જવા પડતા તે વાત કહેવાની ચેલણાને આજે–અત્યારે સોનેરી તક મળી ગઈ.

"બેટા" જીવનમાં પહેલી જ વાર આટલા સ્નેહાવેગથી કુણિકને સંબોધતી હોય તેમ કહી રહી. "એક દિવસે તારી પરૂથી સડતી આંગળીને આરામ આપવા તારી જેમ જ તારા પિતાએ ગંદકીને પણ પવિત્ર માની મોંની ગરમી આપેલી. તને તો અત્યારે એ ક્યાંથી યાદ હોય ? પણ જેને તેં આજે બંદીવાન બનાવ્યા છે એ જ પિતાએ તારા માટે પોતાનું કુણું કાળજું કાઢી આપવા જેટલી તત્પરતા બતાવેલી. અભયકુમાર સિવાય એ વાત બીજું કોઈ નથી જાણતું. વાત્સલ્ય એ વસ્તુ જ એવી છે કે જે ગંદામાં ગંદી ચીજને પણ પવિત્ર બનાવી દે છે. તારા પિતામાં એક દિવસે એવો જ વાત્સલ્ય રસ છલકાતો. એ વખતે એમને શી ખબર કે જેની ખાતર પોતે આટલું કષ્ટ વેઠી રહ્યા છે તે જ પુત્ર એમને બંદીખાને નાખી, ભૂખ–તરસના મારથી રીબાવી રીબાવીને પ્રાણ લેવાનો છે !"

ચેલણા કુશળ તિરંદાજની છટાથી કુણિકના હૃદયને મર્માળા છતાં સુંવાળા વાગ્બાણથી વીંધી રહી. જે વચનો બે ચાર દિવસ પહેલાં સંભળાવ્યાં હોત તો કદાચ વપરીત રૂપે પરિણમત એ જ વચનોએ કુણિકના વાત્સલ્યપૂર્ણ હૈયાને વધુ આર્દ્ર બનાવ્યું. ચેલણાએ જાણે કે પોતાની હારમાંથી આખરી વિજય સાધી લીધો.

બીજે જ દિવસે કુણિકે પોતાના પિતાને બંદીવાનની દશામાંથી મુક્ત કરવાનો નિશ્ચય કર્યો. ચેલણાને જીવનસિદ્ધિ માત્ર બે જ તસુ દૂર હોય એમ લાગ્યું, પણ એ આનંદ, આશા અને આકાંક્ષા ઠગારાં નીવડ્યાં.

ઇતિહાસ ઉચ્ચારે છે કે કુણિકને મોટા કુહાડા સાથે પોતાની તરફ ધસી આવતો જોઇને, પુત્ર મને રીબાવી–રીબાવીને મારે તે પહેલાં જ જીભ કરડીને મરી જવું બહેતર એમ માનીને શ્રેણિકે તે જ ઘડીએ પોતાના પ્રાણ તજી દીધા.

કુણિક તો જતો હતો પિંજર તોડવા–કુહાડાથી પિંજરના સળિયા તોડીફોડીને પિતાને છૂટા કરવા, પણ પાસે જઇને જોયું તો શ્રેણિકનો નિશ્ચષ્ટ દેહ પડ્યો હતો. કુણિક પશ્ચાત્તાપ કરતો ત્યાંથી પાછો વળ્યો.

પછી તો વખત વીતતાં કુણિક, હલ્લ, વિહલ્લ વગેરે ભાઇઓ અંદર–અંદર લડ્યા, અને વિશાલા નગરી ઉપર વિનાશની નોબતો ગર્જી ઊઠી. કુણિક અને તેના સગા માતામહ વચ્ચે તુમુલ સંગ્રામ થયો. ઐતિહાસિક યુગના આરંભનું એ યુદ્ધ જૈન સાહિત્યમાં એક આશ્ચર્યરૂપે ઓળખાયું છે. એને મહાશિલાકંટકસંગ્રામ અથવા રથમૂશળસંગ્રામ પણ કહેવામાં આવે છે. લગભગ છન્નુ લાખ જેટલા યોદ્ધાઓનાં રક્તથી મગધની ભૂમિ તરબોળ બની હતી.

હતાશ બનેલી ચેલણાના બધા મનોરથો ભાંગીને ભૂક્કા થઇ ગયા. હૃદયમાં આકાંક્ષા અને ઉત્કંઠાની જે સ્વર્ગીય કલિકાઓ પ્રફુલ્લતી હતી ત્યાં દાવાનળના અગ્નિકણ ધખી ઊઠ્યા. અંતે, ભ૦ મહાવીર ચંપાપુરી પધાર્યા ત્યારે ચેલણા આદિ શ્રેણિકની બીજી કેટલીક સ્ત્રીઓએ સાધ્વીસંઘમાં પ્રવેશી આત્મસાધનાનો રાજમાર્ગ અંગીકાર કર્યો.

# ૫. પ્રિયદર્શના

ભગવાન મહાવીરની પુત્રીનું નામ પ્રિયદર્શના, અનવદ્યા નામે પણ તે ઓળખાય છે. ભગવાનની મોટી બહેન સુદર્શનાના કુંવર જમાલિ સાથે પ્રિયદર્શનાનું લગ્ન થયું હતું. એ લગ્ને પ્રિયદર્શનાને એક કુંવરી પણ આપી હતી; કુંવરીનું નામ શેષવતી અથવા યશસ્વતી. જમાલિ ભગવાનનો ભાણેજ તેમજ જમાઇ થતો હતો. મામાની કન્યા ઉપર ભાણેજનો પહેલો હક્ક પહોંચતો હોવાની રૂઢિ ક્ષત્રિયોમાં ચાલતી આવી છે. એ એક કુળાચાર હતો. આજે પણ એનાં અવશેષો જોવામાં આવે છે.

એક દિવસે ભગવાન મહાવીર રાજગૃહીમાં ચાતુર્માસના દિવસો ગાળી પોતાની જન્મભૂમિ–વિદેહ દેશ તરફ વળ્યા. પહેલાં બ્રાહ્મણકુંડગ્રામમાં થઇને પશ્ચિમ દિશામાં આવેલા ક્ષત્રિયકુંડ ગામે પધાર્યા. મોટા લોકસમુદાયની સાથે ભગવાનની પુત્રી પ્રિયદર્શના અને જમાલિ પણ એમને વાંદવા આવ્યાં.

જમાલિ સુખ અને લાડકોડમાં ઉછરેલો જુવાન હતો. સમૃદ્ધિની છોળો એની આસપાસ ઊડ્યા કરતી. પ્રિયદર્શના ઉપરાંત એને બીજી સાત સ્ત્રીઓ હતી. સાત–સાત પેઢીઓ સુધી, છૂટે હાથે દાન દે અને ખરચે તો પણ ખૂટે નહિ એટલી ધનધાન્યની વિપુલતા હતી. નખમાં યે રોગનું નામનિશાન નહોતું. આવા યુવાનને ભગવાનના વૈરાગ્યના ઉપદેશની શી અસર થાય ? માતાપિતા નિશ્ચિન્ત હતાં–એમને ખાત્રી હતી કે જે ભોગવૈભવમાં જમાલિ વસે છે તેની વચ્ચેથી એને કોઇ ઉઠાવીને લઇ જઈ શકે નહિ.

પણ પ્રભુના ઉપદેશે જમાલિ ફરતી વીંટળાયેલી જાળ છેદી નાખી. ગમે તેમ પણ જમાલિ, હૃદયથી કંટાળ્યો હતો, રોજના એક જ પ્રકારના ભોગ–ઉપભોગો પ્રત્યે એને વિતૃષ્ણા જન્મી હતી. તે કોઇને સ્પષ્ટપણે કહી શકતો નહિ પણ નર્યું સુખમય જીવન એને પામર જંતુના જીવન જેવું લાગતું. જેમાં અંતરાય ન હોય, અંતરાય ભેદવા મથતા જીવનપ્રવાહમાં કોઈ પ્રકારનો ખળભળાટ ન હોય તે જીવન શું કામનું? વિઘ્નો અને અત્યાચારો સાથે ઝૂઝતા હોઇએ, લોકસમુદાયના કંઠમાંથી આનંદ અને આભારના કલ્લોલ–ધ્વનિ ઊઠતા હોય અને પ્રભુ મહાવીરની જેમ જ શક્તિશાલી કે સર્વજ્ઞ તરીકે ઠેકઠેકાણે સત્કાર–સામૈયાં થતાં હોય તો એ જીવનમાં કંઇક લહેજત છે. નોકરો, દાસદાસીઓ અને અઢળક સમૃદ્ધિ વચ્ચે રહેલું આ સુખ તો હમણા જાણે ઊડી જશે–ઝાંઝવાના નીરની જેમ છેતરીને આઘું ચાલ્યું જશે એમ એને લાગ્યા કરતું. એવે ટાણે ભ૦ મહાવીરની વિરાગથી છલકાતી ઉપદેશવાણી સાંભળી. જે પાંજરામાં તે માત્ર પાંખો જ ફફડાવતો બેઠો હતો તે પાંજરું તોડીને ઊડી જવા એનું મન અધીરું બન્યું.

માબાપે એને બહુ બહુ રીતે સમજાવ્યો: “જો ભાઇ, હજી તું યુવાન છે, ભગવાન મહાવીરે પણ માતાનું વેણ નહોતું ઠેલ્યું: યુવાવસ્થાનાં સુખ ભોગવી લે, પછી વૃદ્ધાવસ્થામાં તારે દીક્ષા લેવી હોય તો ખુશીથી લેજે. અમે બેઠાં છીએ ત્યાં સુધી એવી વાત કરીશ નહિ.”

પણ જમાલિ તો ઊંઘમાં યે તપસ્વીઓના મોટા સંઘ ધીમે પગલે જતા હોય અને ધૂળથી ખરડાયેલા, કાંટા અને ઝાંખરાથી વીંધાયેલા એમનાં ચરણમાં હજારો સ્ત્રી–પુરુષો લાંબા

થઈને સાષ્ટાંગ પ્રણિપાત કરતાં હોય અને રંગરાગથી ગૂંજતી નગરીની અંતઃપુરવધુઓ પણ બારીઓ કે ઝરુખામાં ઊભી રહી સુવર્ણપુષ્પો કે મોતીઓથી વધાવતી હોય અને તે નિઃસ્પૃહી સંસારત્યાગીઓના ટાઢ તથા તડકાથી મ્લાન બનેલાં વદન ઉપર કૃતકૃત્યતા ને કૃતજ્ઞતાની તેજોદીપ્ત ભભક છૂટતી હોય એવી અદ્ભુત સ્વપ્નમાળ જોવા લાગ્યો. પોતાને પણ એ અહોભાગ્ય પ્રાપ્ત થાય એમ તેનું અંતર હવે આર્ત્તનાદ કરી ઊઠ્યું.

માતાપિતાના સ્નેહની અવગણના કરીને જમાલિ, એક દિવસે, ભ૦ મહાવીરના સાધુસંઘમાં સામેલ થવા ચાલી નીકળ્યો. પ્રિયદર્શના પણ સ્વામીના પગલે પગલે ચાલી નીકળી. પ્રિયદર્શનાનું આ અનુસરણ અતિ સહજ હોય એમ લાગે છે. માતા–યશોદાએ પ્રિયદર્શનાને ધાવણમાં જ કદાચ એ આર્યોચિત સંસ્કાર પાઈ દીધો હશે. યશોદાથી તો પતિને અનુસરવાનું ન બની શક્યું, પણ એનો બદલો પુત્રી વાળી આપશે એવી આકાંક્ષા તો જરૂર સેવી હશે અને એ પુણ્યાકાંક્ષા અહીં પ્રિયદર્શનાના ગૃહત્યાગથી સફળ થતી દેખાય છે. પ્રિયદર્શના સાથે બીજી હજાર સ્ત્રીઓએ ભગવાન પાસે દીક્ષા લીધી.

જમાલિનું સામાન્ય જીવન જોતાં તે ઘણો ઉત્સાહી, તપસ્વી, બુદ્ધિમાન જણાય છે. ભ૦ મહાવીરે પણ એની શક્તિ અને અધ્યયન જોઈને એને પાંચસો ક્ષત્રિય મુનિઓના આચાર્યપદે સ્થાપ્યો હતો. પરંતુ વખત જતાં કોણ જાણે કેમ પણ એને પોતાની શક્તિનું અજીર્ણ થઈ આવ્યું હોય, ઘણા વખતની દબાઈ રહેલી અહંતાએ ઉછાળો માર્યો હોય કે પછી પોતાના કુળ કિવા ભગવાન સાથેના જૂના સાંસારિક સંબંધના ઘમંડે એની બુદ્ધિમાં વિકારના જંતુ વિકસાવ્યા હોયઃ ભગવાન મહાવીરના સાધુસંઘથી એ જુદો પડી ગયો. હકીકત તો એવી

મળે છે કે એણે ભગવાન પાસેથી અનિયત વિહાર કરવાની પરવાનગી માગી, પરંતુ ભગવાને સ્પષ્ટ સમ્મતિ ન આપી. પ્રભુના મૌનને અનુમતિ માની તે શ્રમણસંઘથી સ્વતંત્ર બની ગયો.

હવે, પ્રિયદર્શનાએ શું કરવું ? ભ૦ મહાવીરના સાધુ-સમુદાયથી જમાલિ જુદો પડી ગયો એમ જ્યારે પ્રિયદર્શનાએ સાંભળ્યું હશે ત્યારે તેને પારાવાર ગ્લાનિ થઈ હશે. એક તરફ જગતપૂજ્ય પિતા હતા, બીજી તરફ સાધુસંઘમાં એક દિવસે આગેવાની ભોગવનાર પતિ હતા. પ્રિયદર્શનાએ કયો પક્ષ લેવો ? એની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી.

પતિ સાથેનો સાંસારિક તેમજ સામાજિક સંબંધ તો સ્મૃતિશેષ બની ચૂકયો હતો. આત્મહિતની સાધનામાં કોણ પતિ, કોણ પિતા કે કોણ પુત્ર એ જોવાપણું જ નથી હોતું. જેમણે સંસારની સ્મૃતિને પણ ભૂંસી નાંખવાનું વ્રત લીધું હોય, વાસના કે મોહના બંધન છેદવાની જ જ્યાં રાતદિવસ પ્રક્રિયા ચાલતી હોય ત્યાં કોણ નવું જોડાયું કે કોણ છૂટું પડ્યું તેની કોઇએ પણ શા સારુ કાળજી કરવી જોઇએ ?

એ બધી વાત ખરી. પણ પ્રિયદર્શના આખરે તો એક આર્ય બાળા હતી. જમાલિની સૂક્ષ્મ બુદ્ધિમત્તા, પ્રમાણિકતા અને ઉચ્ચાભિલાષ પ્રિયદર્શના જેટલા બીજું કોણ જાણતું હોય ? પતિને ભક્તિથી કે સેવાથી પ્રસન્ન કર્યા હોય, પ્રતિકૂળ પરિ-સ્થિતિમાં પણ એમની પડખે રહ્યા હોઇએ તો પરલોકનું કલ્યાણ સહેજે સિદ્ધ થઈ જાય એમ તો પ્રિયદર્શના નહોતી માનતી; કારણ કે જૈન દર્શનને એવો કોઈ સિદ્ધાંત મંજૂર નથી. સાધનામાર્ગમાં સૌ સ્વતંત્ર છેઃ સ્ત્રી હો યા પુરુષ, ક્ષત્રિય હો યા બ્રાહ્મણ, પંડિત હો કે અભણઃ આત્મકલ્યાણના ખાંડાની

ધાર જેવા માર્ગમાં એ બધા ભેદ ભૂંસાઈ જાય છે. પ્રિયદર્શના એ સઘળું જાણવા છતાં જમાલિ તરફના આકર્ષણનો સૂક્ષ્મ તંતુ તોડી શકી નહિ. એને એમ લાગ્યું કે જમાલિ જેવો વિદ્વાન, તપસ્વી સિદ્ધાંત સિવાય બીજા કોઈ નજીવા કારણસર આટલો વિદ્રોહી ન બની બેસે.

પ્રિયદર્શના ભ૦ મહાવીરના સંઘનો ત્યાગ કરી, જમાલિના પંથમાં ભળી ગઈ. તેની સાથે બીજી હજારેક સાધ્વીઓ પણ ચાલી નીકળી. જમાલિએ હવે પોતાને સર્વજ્ઞ, અર્હંત તથા મહાવીરનો સમોવડિયો જાહેર કરવાની હામ ભીડી.

( ૨ )

ફરતો ફરતો જમાલિ એક દિવસે શ્રાવસ્તીના કોષ્ટક ચૈત્યમાં આવી ચડ્યો. હવે એ પહેલાનો જમાલિ નહોતો રહ્યો. લૂખા–સૂકા આહારને લીધે એના દેહની કાંતિ હણાઈ ગઈ હતી. ભારે ભૂખ–તરસ વેઠવાની કષ્ટક્રિયાને લીધે તેમજ વાસી અને પ્રમાણરહિત ભોજન વારંવાર જમવાને લીધે તેનું સુકુમાર જેવું શરીર વ્યાધિઓનું ધામ બન્યું હતું. શ્રાવસ્તીમાં આવ્યા પછી પિત્તજ્વરને અંગે તેને એકદમ દાહ ઊપડ્યો. સહન કરવાની શક્તિ હતી ત્યાંસુધી તો તે પોતાને સ્થાને બેસી રહ્યો. પણ જ્યારે દાહ અસહ્ય લાગ્યો અને હવે પળવાર પણ બેસી શકાશે નહિ એમ લાગ્યું ત્યારે જ તેણે પોતાની સાથેના સાધુઓને પથારી પાથરવાનો આદેશ કર્યો.

પથારી પૂરી પથરાઈ–ન પથરાઈ એટલામાં તો જમાલિએ ફરી પ્રશ્નનો મારો ચલાવ્યો: “પથારી પથરાઈ કે નહિ?” એના સ્વરમાં વેદનાની વ્યાકુળતા તરવરતી હતી.

"પથારી પથરાઈ ચૂકી." જે પાથરવાની ક્રિયા હજી ચાલતી હતી તે પૂરી થઈ ગઈ એમ માનીને એટલે કે ક્રિયમાણને કૃત માનીને એક સાધુએ જવાબ આપ્યો.

જમાલિએ આવીને જોયું તો હજી પથારી પૂરી પથરાઈ રહી નહોતી. ભક્ત જેમ પ્રભુના સ્વરૂપમાં તલ્લીન રહે છે તેમ વિરોધી પોતાના સમોવડિયાનું જ ચિંતન કરતો હોય છે. જમાલિને અધૂરી પથારી જોતાં જ ભ૦ મહાવીરનું, એમના સિદ્ધાંતનું સ્મરણ થઈ આવ્યું. પોતાના પંથના અનુયાયી સાધુ પણ હજી મહાવીરનો સિદ્ધાંત ભૂલ્યા નથી તે જોઈને એને નખથી શીખ સુધી આગ લાગી.

"અરે મિથ્યાવાદીઓ! હજી પથારી થઈ નથી, છતાં થઈ છે એમ કહેતાં શરમ નથી આવતી? પળની પણ જો વાર હોય તો સંથારો થઈ ગયો એમ તમારાથી કહેવાય જ કેમ? મહાવીરનો ક્રિયમાણને કૃત ગણવાનો સિદ્ધાંત હું જાણું છું. તમે જો ભૂલેચૂકે પણ એ સિદ્ધાંતને માનતા હો તો તમે તમને અને મને પણ છેતરી રહ્યા છો. એ સિદ્ધાંત આધાર રહિત છે-" તાડૂકી-તાડૂકીને જમાલિ આમ બોલતો હતો, એટલામાં પ્રિયદર્શના પણ ત્યાં આવી પહોંચી. સંઘના નાયક જમાલિને ઠીક નથી એમ જાણીને પ્રિયદર્શના એમની ખબર પૂછવા જ આવ્યાં હતાં. એટલામાં જમાલિને રોષપૂર્વક બોલતો જોઈને તેમજ સાધુઓને શરમિંદા બનેલા જોઈને પ્રિયદર્શના બોલી:

"એક તો આચાર્યની તબીયત બરાબર નથી, અને છતાં તમે એમને આ રીતે ખીજવો છો એ ઠીક નથી થતું."

"પણ આર્યે! એમાં કંઈ અમારો અપરાધ હોય તો અમને ખુશીથી પ્રાયશ્ચિત્ત આપો. અમે તો એમની આજ્ઞા

પ્રમાણે પથારી કરતા હતા એટલામાં એમણે પૂછ્યું: પથારી થઈ ગઈ? અડધાથી વધુ પથારી પથરાઈ ગઈ હતી એટલે અમે જવાબ આપ્યો: 'થઈ ગઈ.' એટલામાં તો તેઓ જાતે આવ્યા અને અમારી ઉપર લાલચોળ થઈ ગયા!"

"પણ તમારે એટલું તો સમજવું જોઈએ ને કે એક તપસ્વી પિત્તજ્વરના અસહ્ય દાહથી પીડાતો હોય ત્યારે એટલો પણ વિલંબ કેમ સહન કરી શકે?"

"વિલંબનો તો પ્રશ્ન જ નથી. અત્યારે આચાર્યની આંખ આગળ જ્યારે ને ત્યારે ભ૦ મહાવીર જ રમી રહ્યા હોય છે. અત્યારે પણ મહાવીરના સિદ્ધાંતની સામે જ ઊભરા ઠલવતા હતા. અમારો કંઈ દોષ નથી." સાધુએ પોતાની નિર્દોષતા બતાવી.

સાધુને બોલતો અટકાવી જમાલિ કહેવા લાગ્યા: "હું ફરી ફરીને કહું છું કે ક્રિયામાણને કૃત કહેવાનો સિદ્ધાંત ખોટો છે." પ્રિયદર્શનાને ઉદ્દેશીને તેમણે કહેવા માંડ્યું:

"ન્યાય કે તર્કનો ઝીણો કાંટો માંડવાની જરા ય જરૂર નથી. વહેવારની એરણ ઉપર પણ તમારા પિતાનો સિદ્ધાંત ટકી શકતો નથી. તમે જ વિચારો કે જો ક્રિયમાણને કૃત માની લેવામાં આવે તો મારા જેવા દર્દીઓની કેવી દુર્દશા થાય? એક સામાન્ય શબ્દાર્થની સચ્ચાઈ પણ જો તમારા પિતામાં ન હોય તો એમની પાસેથી આપણે બીજી કઈ આશા રાખીએ?"

જમાલિ તરફ પ્રિયદર્શનાની સમવેદના ધોધવેગે વહી રહી હતી. એક તો એની કરમાયેલી–કાળી પડી ગયેલી દેહલતા અને અત્યારની ઉદ્વેગભરી પરેશાની પ્રિયદર્શનાને શૂળની જેમ ખટકતાં હતાં

"સમજું છું, આચાર્ય દેવ. સત્ય આપની તરફણમાં છે."

"બસ, તો જ્યાં સત્ય ત્યાં સર્વજ્ઞતા." જમાલિએ સંતોષ સૂચવનારો એક ભારે નિઃશ્વાસ નાખ્યો.

જમાલિ જેવા યુવાન અને વળી સંસારદૃષ્ટિએ નિકટના સ્વજન કહી શકાય એવા વિદ્રોહીના સ્વચ્છંદ વર્તન માટે ભ. મહાવીરને કેટલી મર્મવેદના થઇ હશે તેની કલ્પના થઈ શકતી નથી. ગૌતમસ્વામી સાથેના એક સંવાદમાં મહાવીરે જમાલિને આચાર્ય-ઉપાધ્યાયનો દ્વેષી, કુલ–ગણ અને સંઘનો દ્વેષી, કદાગ્રહી અને વાતનો ખોટો અર્થ કરનાર તરીકે વર્ણવ્યો છે. એક વાર તો ભ૦ મહાવીર ચંપામાં હતા ત્યારે જમાલિ સામે જઈને ભગવાનને કહી આવેલો કે "હું સવજ્ઞ છું. હું અર્હંત છું." પોતાનો એક વખતનો જમાઇ આવી ઉદ્ધતાઈ બતાવે ત્યારે બીજા કશા ખાતર નહિ તો પણ એની અવદશા માટે ભગવાનની અનુકંપાના ઝીણા તાર કેટલા જોસથી ઝણઝણી ઊઠયા હશે ? ચંડકૌશિક સર્પ જેવાની દુર્ગતિ જોયા પછી જેમની આંખનાં પોપચાં દયાના આંસુથી ભિંજાઇ ગયાં તેમને આ અધઃપાતે થોડા વલોવ્યા હશે? એટલું છતાં મહાવીરની મહત્તા તો એ જ છે કે એમણે કોઈવાર પણ જમાલિને ઉપદેશ કે ઉપાલંભનો એક શબ્દ સરખો પણ નથી કહ્યો. શ્રમણ-સંઘની આ પહેલી નાની તડ વખત જતા મોટી બની જશે એમ સ્પષ્ટ જોવા છતાં મહાવીરે જાણે કે એને છૂટો દોર આપી દીધો છે. ભાવીના અફાટ દરિયાઇ મોજાં સામે પોતે આડો હાથ દેવાને અશક્ત હોય અને જે ભારે તોફાન ઊઠ્યું છે તેને એના સ્વાભાવિક માર્ગે વહી જવા દેવા સિવાય બીજો કોઇ માર્ગ ન હોય એવી અદ્ભુત તટસ્થતા અને પોતાને વિષે અચળ શ્રદ્ધા અહીં બરાબર દેખાય છે.

જમાલિ તો ઠીક પણ પ્રભુ શું પ્રિયદર્શનાને બોલાવીને એની આંખમાં આછું આંજણ ન આંજી શકત ? મોર જેમ પીંછથી શોભે તેમ જમાલિ પણ પ્રિયદર્શના જેવી આર્યા અને બીજી હજારેક સાધ્વીઓના સંઘ સમુદાયથી શોભતો હતો. પ્રિયદર્શના જો જમાલિનો પક્ષ મૂકી દે તો પણ એનો મદજવર મોળો પડે. ભગવાને ધાર્યું હોત તો પ્રિયદર્શનાને જરૂર સમજાવી શકત. પણ ઘણું કરીને કોઇની ઉપર અજુગતું દબાણ લાવવાની, પ્રભાવમાં આંજી નાખવાની વાત ભગવાનને નહિ રુચતી હોય. જે ભૂલો પડયો છે તે પોતાની મેળે નવા બોધપાઠ શીખીને માળામાં પાછો આવે એવી જ ઉદાર નીતિ એમણે સ્વીકારી જણાય છે.

× × × ×

ભ૦ મહાવીરના ધૈર્ય અને ગાંભીર્યની એક અનોખી ભવ્યતા આ આખા પ્રસંગ ઉપર છવાઇ ગઇ છે. પ્રિયદર્શના જમાલિ તરફના પક્ષપાતને લીધે મૂળ માર્ગ છોડી ગઈ હતી છતાં સ્ત્રી-જાતિના સ્વભાવ કે નબળાઈ વિષે નિરાશાનો એકેય ઉદ્ગાર નથી ભગવાને કાઢયો. બુદ્ધદેવે ભિક્ષુણી સંઘની સ્થાપના કર્યા પછી આનંદને એકવાર કહેલું કે સ્ત્રીઓ સંઘમાં પ્રવેશી છે એટલે હવે આપણો સંપ્રદાય બહુ વાર નહિ ટકે : હજાર વર્ષ ટકવાનો હશે તો માંડ પાંચસો વર્ષ ટકશે.” બુદ્ધદેવની આ વાણીમાં ભારોભાર નિરાશા ભરી છે. પ્રિયદર્શનાને સંભારીને ભગવાને આવી વાત નથી ઉચ્ચારી.

× × × ×

તે કાળ ને તે સમયમાં સ્ત્રી જાતિની અવગણના, અવમાનના બહુ સામાન્ય ને સ્વાભાવિક વાત ગણાતી. પુરુષની સમોવડી તે બની જ શકે નહિ એ સિદ્ધાંત વજ્રલેપ જેવો બની

ચૂકયો હતો, પરંતુ જે દુર્બલ હોય, દબાયેલા હોય, તેના પ્રત્યે સદ્ભાવ અને કરુણાનું જ નિર્મલ ઝરણ સતત વહેતું રહેવું જોઈએ એવી ભગવાન મહાવીરની ભાવના હતી. મહાશતકના જીવનનો એક જ પ્રસંગ એ વિષે બસ થશે.

રાજગૃહીમાં એ વખતે મહાશતક નામનો શ્રાવક રહેતો હતો. ધનવૈભવ તો પારવગરનો હતો, પરતું એને એક એવી ભાર્યા મળી હતી કે જે મહાશતકને ઘડી વાર પણ નિરાંતે બેસવા નહોતી દેતી. એ સ્ત્રીએ પોતાની છ-છ શોકયોના ખૂનથી હાથ રંગ્યા હતા, અભાદ્યઅપેયનો તો એને કંઈ હિસાબ જ નહોતો. મહાશતક જેટલો વ્રતી, સંયમી, સહનશીલ હતો તેટલી જ તેની ભાર્યા, સ્વચ્છંદી, દુષ્ટ અને અધમ હતી. મહાશતક મોટે ભાગે પોતાની પૌષધશાળામાં જ રહીને ધર્મધ્યાનમાં દિવસ-રાત વિતાવતો,

એક વખત એની પેલી સ્ત્રી જાણે રકતપિપાસુ રણચંડી હોય તેમ છૂટા કેશ સાથે એ પૌષધશાળામાં આવી કોઈ પણ કુલવધૂ આર્ય નારીને ન શોભે એવાં વેણ બોલવા લાગી. મહાશતક ગમે તેવો તપસ્વી, પણ માનવી હતો. એને પોતાની સ્ત્રીના આવા દુર્વર્તનને લીધે ખીજ ચડી. એણે માત્ર એટલું કહ્યું કે: "તું નરકગતિની અધિકારિણી થશે." એટલે કે તારા ભાગ્યમાં નરકની યંત્રણા છે.

ગણધર ગૌતમના સાંભળવામાં આ વાત આવી. એમણે ભગવાનને એ હકીકત કહી. ભગવાને ગૌતમ મારફત મહાશતકને કહેવરાવ્યું કે "કોઇ પણ શ્રાવકે એવાં અનિષ્ટ અને અપ્રિય વચનો નહી કહેવાં જોઇએ." આખરે મહાશતકને, પોતાની સ્ત્રીને કહેલાં આકરાં વેણ માટે પ્રાયાશ્ચત કરવું પડયું. જે

દુર્બળ છે. જે દુષ્ટ છે, જે મોહાંધ છે તેનો સબળ કે સાધક ઉપર શાંતિ, ધૈર્ય, ક્ષમાનો સૌથી અધિકો હક્ક પહોંચે છે. ભ૦ મહાવીર, મહાશતકના પ્રાયશ્ચિતવડે જાણે કે એ જ સૂત્ર કાળના અનંત પડદા ઉપર મોટે અક્ષરે આલેખી ગયા છે. આર્ય નારી પ્રત્યે આવી નિર્મળ અને ઉદાર દૃષ્ટિથી જોનાર પુરુષ પ્રિયદર્શનાને શું કહી શકે ?

પણ ઢંક શ્રાવક, પ્રિયદર્શનાના માથાનો મળ્યો. એ જાતનો કુંભાર હતો અને શ્રાવસ્તિમાં રહેતો. તેણે પોતાની કળા-કારીગરી અને પરિશ્રમને પ્રતાપે સારી સમૃદ્ધિ પણ મેળવી હતી. ભ૦ મહાવીરનો એ પરમ ભક્ત હતો. જૈનધર્મ એની ચડતી કળા વખતે બ્રાહ્મણ, વૈશ્ય ને ક્ષત્રિય ઉપરાંત બીજી નાની-મોટી જ્ઞાતિઓમાં કેટલો ફેલાઈ ગયો હતો તે આ ઢંક શ્રાવકની શ્રદ્ધા અને લાગણી બતાવી આપે છે. જમાલિ અને પ્રિયદર્શનાનો સાધુ-સાધ્વીસંઘ ફરતો ફરતો શ્રાવસ્તિમાં આવી ચડ્યો. સાધુ-સંઘ નગર બહાર ઉદ્યાનમાં ઊતર્યો અને સાધ્વી સમુદાય ઢંક કુંભારની શાળામાં ઊતર્યો.

ઢંક શ્રાવકે જમાલિના જુદા પડવાની વાત સાંભળી હતી. જૈનસંઘમાં એ પહેલવહેલો વિદ્રોહી હોવાથી, ધરતીકંપના સમાચાર દૂર દૂરના દેશાવરોમાં ફેલાઈ જાય તેમ આ વિદ્રોહની વાત એક જીભેથી બીજી જીભે ઘણે દૂર પહોંચી વળી હશે. ઢંક જેવા કેટલાય ભદ્રિકોને એથી ઊંડી વ્યથા પણ ઉપજી હશે.

પ્રિયદર્શના સાથે ચર્ચા કરવામાં ઢંકને કંઈ સાર જેવું નહિં લાગ્યું હોય. ચર્ચામાં વિતંડા કે કદાગ્રહ જન્મી પડે એવી પણ એને કદાચ બીક લાગી હશે. તર્ક અને પ્રમાણથી જ, ઊભી થતી સમસ્યાઓ ઉકેલાવી જોઈએ એ વાત સાચી, પણ

જ્યાં તર્ક અને બુદ્ધિ નકામાં જણાય ત્યાં ક્રિયાત્મક પ્રયોગનો થોડો ટેકો લીધો હોય તો કંઈ ખોટું નહિ. આવો જ કંઈક વિચાર કરીને ઢંકે પ્રિયદર્શના પાસે થોડા આગના તણખા વેર્યા. ઊડતો ઊડતો એક તણખો પ્રિયદર્શનાના વસ્ત્રને સ્પર્શી ગયો અને આગના સ્વભાવ પ્રમાણે બાળવાની ક્રિયા શરૂ થઈ ગઈ. ઢંક એ જાણતો જ હતો.

પ્રિયદર્શના એકદમ બોલી ઊઠી. "જુઓ, જુઓ, ઢંક, તમારી ગફલતથી મારું આ વસ્ત્ર બળી ગયું!".

"આર્યે! આપ વ્રતધારી થઈને ખોટું બોલી રહ્યાં છો!"

પ્રિયદર્શનાએ ઘડીભર આશ્ચર્યથી ઢંક સામે જોયું. વસ્ત્ર બળતું હતું એ દીવા જેવી ચોખ્ખી વાત હતી અને છતાં ઢંક જેવો શ્રદ્ધાળુ, ભદ્રિક, સેવાપરાયણ શ્રાવક વાતને ઉડાવી રહ્યો હતો, તે પ્રિયદર્શનાથી સહન કેમ થાય?

"હું ખોટું બોલું છું? મને તમે ખોટી કહો છો? તમારી નજર સામે આ વસ્ત્ર બળી રહ્યું છે તે નથી જોઈ શકતા?"

"હા, તો એમ કહો કે વસ્ત્ર બળી રહ્યું છે. બળી ગયું એમ કહેવું એ આપના સિદ્ધાંત પ્રમાણે જૂઠાણું છે. એટલા ખાતર તો આપે આપના પરોપકારી પિતાનો પણ ત્યાગ કર્યો છે. એટલા ખાતર તો આપે અખંડ અને અવિભક્ત સંઘમાં ભાગલા પાડી નાખ્યા છે. ભગવાને જ નયોની અપેક્ષાએ–શબ્દાર્થના વિવિધરૂપ વિવેચ્યા છે. આપે વગર સમજ્યે કદાગ્રહ પકડી રાખ્યો અને વિશ્વવંદ્ય ગુરુની અવગણના કરી."

પ્રિયદર્શનાની આંખ આગળના પડદા એકદમ સરી પડતાં

હોય એમ એને લાગ્યું. ક્રિયમાણને કૃત કહેવામાં ભગવાન મહાવીર કેટલા વ્યવહારદક્ષ હતા તે હવે એને સમજાયું. જે અંધકાર કોઈ દિવસ ભેદાય નહિ એમ લાગતું હતું તે ઢંકના એક નાના શા પ્રયોગના પ્રતાપે પીગળીને પ્રકાશરૂપ બની જતો હોય એમ લાગ્યું.

"ઢંક ! તમે મારી ભ્રમણા ટાળવા માટે જ આ પ્રયોગ કર્યો લાગે છે. સાચે જ આજે તમારી પાસેથી નવી જ વાત સાંભળતી હોઉં એમ લાગે છે."

"નવી હોય કે જૂની. આર્યે ! એ બધો આપના પૂજ્ય પિતાજીનો જ પ્રતાપ છે. મારા જેવા એક સામાન્ય માણસ શ્રાવક બની શકે છે અને જુદી જુદી દૃષ્ટિએ વસ્તુનું સ્વરૂપ જોઈ શકે છે એ પ્રતાપ આપના પિતાનો જ છે. મારા જેવા કેટલાય માણસોને એમણે આંખ આપી છે–કેટલાય માર્ગ–ભૂલેલાઓને રાજરસ્તે દોર્યા છે." ઢંકની વાણીમાં ભક્તિની ગદ્ગદ્તા ઊભરાવા લાગી.

પ્રિયદર્શનાની પાતળી ભ્રમજાળને આટલા જ આંચકાની જરૂર હતી. એને પોતાની ભૂલ અને ઉતાવળ સમજાઈ. ઢંક શ્રાવક એને પરમોપકારી જેવો લાગ્યો. ભગવાનથી આટલે દૂર રહેનારા પણ જો ભગવાનના સિદ્ધાંત અને ઉપદેશને આટલી સરસ રીતે સમજી શકે છે તો પછી પાસે રહેનારા અને ભગવાનની સાથે કૌટુંબિક સંબંધ ધરાવનારે તો ભગવાનને સહેજ પણ અન્યાય ન થવા પામે તે વિષે કેટલીક કાળજી, જાગૃતિ રાખવી જોઈએ તેનો વિચાર કરતાં પ્રિયદર્શનાની આંખો અશ્રુભીની બની.

"હું આટલી નજીક રહેવા છતાં પ્રભુની સાદી વાત પણ પૂરી ન સમજી અને પતિની સાથે સંઘમાંથી જુદી પડી ચાલી નીકળી." પ્રિયદર્શના પોતાને જ ઉપાલંભ આપતી હોય તેમ અતિ ધીમે સ્વરે બોલી.

'કુટુંબીઓ, પરિચિતો, મિત્રોમાંથી બહુ જ ઓછા એવા ભાગ્યશાળી હશે કે જે લોકતારકને બરાબર સમજી શ્રદ્ધાથી અનુસરવાની તાકાત દાખવી શકતા હશે. તમારી એકલાની જ સ્ખલના થઇ છે એવું ન માનતાં. મહદ્ ભાગ્ય હોય તો જ પોતાની વચ્ચે વસતા-હરતા ફરતા મહાપુરુષને યથાર્થ સ્વરૂપમાં ઓળખી શકીએ."

"ખરી વાત છે, ઢંક. મલયગિરિમાં રહેનારી ભીલડીને ચંદનની કંઇ જ કીમત નથી હોતી. તે તો મોંઘા ચંદનને પણ બાવળના લાકડાની જેમ બાળી નાખશે. પોતાના જમાનાના અવતારી જેવા પુરુષને પિછાનવા એ રમતવાત નથી.

ઢંક અને પ્રિયદર્શના કેટલીક વાર લગી શાંત-નિસ્તબ્ધ બેસી રહ્યાં. બળતું વસ્ત્ર તો પ્રિયદર્શનાએ કયારનું ઓલવી નાખ્યું હતું, પરંતુ અંતરમાં જે પવિત્ર પશ્ચાત્તાપનો અગ્નિ ભડભડ બળી રહ્યો હતો તેને કેવી રીતે ઓલવવો એ હજી એને નહોતું સમજાયું. થોડી વાર રહીને પ્રિયદર્શના બોલવા લાગી:

"ઢંક, મારાથી આવી પહાડ જેવી મોટી ભૂલ કેમ થઈ હશે ? જે સિદ્ધાંત પ્રમાણે હું રાતદિવસ વર્તું છું, જેને સત્ય સમજું છું, તે જ સિદ્ધાંતના વિરોધ અર્થે મેં મારા પૂજ્ય પિતાજીનો પણ ત્યાગ કર્યો ! એક નાની વાતને મેં કેટલું મોટું રૂપ આપ્યું ?" પ્રિયદર્શનાનો એક એક ઉદ્ગાર આગના તણખા જેવો નીકળતો હતો.

ઢંકે જ એ આગ પેટાવી હતી. એણે જ એ શમાવવી જોઈએ, એમ ધારીને તે બોલ્યો:

"હવે, એ વિષે નકામી ચિંતા કરવાની જરૂર નથી. સવારે ભૂલો પડેલો મુસાફર, જો રાત્રે ઘેર પહોંચે તો એ ભૂલો પડેલો નથી ગણાતો. તમે પણ જરા આમતેમ રઝળીને–રખડીને આખરે ઠેકાણે આવીને ઊભાં રહ્યાં છો."

"પણ ઢંક, કોણ જાણે કેમ મારા મનને નિરાંત નથી વળતી."

"ભગવાનના શરણમાં પહોંચશો એટલે નિરાંત આપો-આપ વળી જશે. આલોયણા અને પ્રતિક્રમણ, પાપના મોટા પુંજને પણ બાળીને ભસ્મ કરી નાખશે."

ઢંકના એ શબ્દોના જ પડઘા પ્રિયદર્શનાના પોતાના અંતરમાં ઊઠતા હતા.

વીરાંગના તો તે હતીજ, એટલે તો પતિના સિદ્ધાંત પાછળ વગર સંકોચે તે ચાલી નીકળી હતી. પણ હવે એ ભૂલ સમજાઈ એટલે પછી પોતે વીરપુત્રી હતી તે ફરી એકવાર બતાવી આપ્યું. ભ. મહાવીર તે વખતે ત્યાંથી લગભગ બાર ગાઉ જેટલા દૂર હતા. ચારેય પ્રકારના આહારના ત્યાગનો નિર્ણય કરીને પ્રિયદર્શના ઢંકની પાસેથી તે જ ઘડીએ નીકળી ગઈ. ભગવાનનાં ચરણમાં પડી, ભૂલનું પ્રાયશ્ચિત કરી, પુનઃ સાધ્વી સંઘમાં ભળી ગઈ.

ઢંકે જ્યારે આ વાત સાંભળી, ત્યારે એનાથી સહેજે બોલાઈ જવાયું: "ભગવન્ મહાવીર! અંતે તો આપના જ સિદ્ધાંતનો જય થવાનો!"

卐

# ૬. જયંતી

કૌશાંબી વત્સદેશની રાજધાની હતી અને કૌશાંબીનું રાજકુટુંબ પ્રભુ મહાવીરનું અનુયાયી હતું–સાંસારિક સંબંધની દૃષ્ટિએ પણ ભગવાનની સાથે એમને નીકટનું સગપણ હતું. શતાનિકનો પુત્ર ઉદયન એ વખતે કૌશાંબીનું શાસન ચલાવતો. ભ૦ મહાવીરનો એણે ભવ્ય સત્કાર કરેલો. ભગવાન એ વખતે ચંદ્રોત્તરાયણ નામના ચૈત્યમાં ઊતરેલા.

એક દિવસે ઉદયનકુમાર, માતા મૃગાવતી તથા ઉદયનની ફોઈ જયંતી–શ્રાવિકા ભગવાનના દર્શને ગયાં. ભગવાનના મુખેથી કેટલીક ધર્મકથા સાંભળ્યા પછી તેઓ પાછા ફર્યા. માત્ર જયંતીને કેટલીક શંકાઓનું સમાધાન કરવાનું હોવાથી તે ત્યાં રોકાઈ ગઈ.

એવું તે જયંતીને શું પૂછવું હશે ? સાધારણ સ્ત્રીઓ પોતાના ઘર–કુટુંબ–પરિવાર સિવાય બીજી ચિંતા નથી રાખતી. મોટે ભાગે દેહમાં કોઈ પ્રકારનું સાધ્ય કે અસાધ્ય દર્દ રહ્યા કરતું હોય, પુત્ર કે પતિના સંબંધમાં ઉદ્વેગ કે અશાંતિ રહેતાં હોય કે બીજી કોઈ આફત માથે ઝઝૂમતી હોય તો તેનાં કારણ અને નિવારણની વાત ભગવાનના મુખેથી સાંભળવાની લાલચ થઈ આવે. ભગવાન એ રીતે પંડિતોના અને અબુધોના પણ આશ્વાસનના ઝરારૂપ હતા. ધર્મપ્રેરણાના ધોધરૂપ હતા. કોઈ પણ ભવી જીવ એ વહેતા ધોધમાંથી એકાદ અંજલિ પી જાય.

પુણ્યથી સુખ અને પાપથી દુઃખ મળે છે એ સાદું પણ અર્થગંભીર સૂત્ર જિજ્ઞાસુઓને ભગવાન જુદી જુદી રીતે સમજાવતા. અસહ્ય દુઃખથી માણસ મૂંઝાઇ જાય અને બુદ્ધિશાલીઓની બુદ્ધિ બહેર મારી જાય ત્યારે ભગવાન પોતાના જ્ઞાનબળે ભૂતકાળની–ગતજન્મની ભૂલો બતાવી, આત્મશુદ્ધિનો અમોઘ ઉપાય સૂચવતા. જયંતી શ્રાવિકા શું આવી કોઈ પ્રેરણા કે નવી દૃષ્ટિ મેળવવા પ્રભુ પાસે બેસી રહી હશે ?

ગૌતમસ્વામી જેવા સમર્થ પુરુષ પણ ભગવાન મહાવીર પાસેથી આવા ખુલાસાઓ મેળવતા. મૃગાગ્રામમાં જ્યારે પ્રભુ પધાર્યા અને ત્યાં તેમણે એક જન્મથી જ આંધળો, લોકોની ઉપર નભતો, મેલો–ઘેલો ને ચીંથરેહાલ માણસ જોયો ત્યારે ગૌતમસ્વામીને પણ ઓછું આશ્ચર્ય કે આઘાત નહોતો થયો. પોતે શાસ્ત્રજ્ઞ હતા, છતાં ભગવાનને વિનયપૂર્વક એમણે પૂછેલું : "ભગવન્ ! જન્મથી જ આંધળો માણસ જનમતો હશે ?"

ભગવાને જવાબમાં કહેલું : "એકલો જન્માંધ નહિ પણ હાથ–પગ ને નાક–કાન વગરનો, માત્ર આકારમાં જ માણસ લાગે એવો માનવી પણ જનમે છે. એવો માનવી જોવો હોય તો આ ગામના રાજાના સૌથી મોટા કુંવરને જોઈ આવજો."

પછી ગૌતમસ્વામીએ, મૃગાદેવીના એ પુત્રને અંધારા ભોંયરામાં, દુર્ગંધથી ગંધાતો, પરૂ ને લોહીથી ખરડાયેલો જોયો ત્યારે આ ભવમાં જ કેટલાકો નરકની વેદના કેવી રીતે ભોગવતા હોય છે તેનો તેમને ખ્યાલ આવ્યો.

"ભગવન્ ! આ મૃગાપુત્રના જીવે એવાં તે શાં પાપ કર્યાં હશે ?" ગૌતમસ્વામીએ ભગવાન પાસેથી જાણવા ઇચ્છયું.

જેમણે અધિકારના મદમાં લોકો ઉપર ભયંકર ત્રાસ વર્ત્તાવ્યા હોય, લાંચ–રૂશ્વત લીધી હોય, વગર કારણે રાંકને દંડ્યા હોય, વણજારો અને સંઘ લૂંટ્યા હોય તેની આવી જ અવદશા થાય. આખરે તે કોઈ વયોવૃદ્ધ–વિદ્વાન સાધુ–મુનિ પાસે ધર્મોપદેશ સાંભળી, પોતાના પાપની આલોચના કરીને એ જીવ પણ મુક્તિના માર્ગનો પથિક બનશે. એવી મતલબનો ભગવાને ઠીક ઠીક વિસ્તારથી ખુલાસો કરેલો. જયંતી શ્રાવિકા પણ ભગવાન મહાવીરની પાસે અંતરની આવી કોઇ ગૂંચ ઉકેલવા માગતી હશે? એટલા માટે જ સૌના ગયા પછી બેસી રહી હશે?

જયંતીના પ્રશ્નો ઉપરથી એ વિદુષી તેમજ વિચારક હોવી જોઇએ. જીવના સ્વરૂપ અને સ્વભાવ સંબંધી ચિંતનમાં એનો ઘણોખરો સમય જતો હશે. સાચા જિજ્ઞાસુ અને અધ્યાત્મમાર્ગના એકનિષ્ઠ પ્રવાસીને જ આવા પ્રશ્નો સંભવે. જયંતીએ અંગત જીવનની કોઈ સમસ્યા ઉકેલવા પ્રભુને તકલીફ નથી આપી. સંસારના સુખ–દુઃખ, સગવડ–અગવડનાં કારણો તથા સ્વરૂપો તેનાથી અજાણ્યાં નહોતાં. આત્મના સ્વરૂપમાં, શક્તિમાં જેને શ્રદ્ધા છે, સ્વ તેમજ પરના ભેદ પારખી શકે છે તેને રોજના જીવનની મુશ્કેલીઓ મૂંઝવી શકતી નથી. જયંતી શ્રાવિકા એ જાણતી. એને તો "ભારેકર્મી" અને "લઘુકર્મી" ના ભેદ ભગવાન પાસેથી જાણવા હતા. ભવીપણું સ્વભાવથી હોય કે પરિણામથી હોય તે વિષે થોડો પ્રકાશ એને આ જ્ઞાનના સૂર્ય પાસેથી મેળવી લેવો હતો. પ્રસંગોપાત એક શંકાના ઉત્તરમાંથી ઉદ્ભવતી બીજી શંકાના સમાધાન પણ મેળવવા હતા.

"ભગવન્! જીવો ભારેકર્મી કેમ થતા હશે?" જયંતીએ પૂછેલો આ પ્રથમ પ્રશ્ન આપણે સમજવા પ્રયત્ન કરીએ.

મહાવીર પ્રભુ ગહન ગણાતા વિષયોને પણ રૂપક અથવા દૃષ્ટાંતદ્વારા કેવા સુબોધ બનાવી શકતા તે એમણે કહેલી કથાઓ ઉપરથી જાણી શકીએ છીએ. ગૌતમસ્વામીને જ મહાવીર પ્રભુએ એક વાર કહેલું: "ગૌતમ! જેમ કોઈ માણસ મોટા, સૂકા, કાણા વિનાના આખા તુંબડાને દાભથી વીંટે, તેનાં ઉપર માટીનો લેપ લગાવે, પછી તેને તડકે સૂકવે: એવી રીતે ઉપરાઉપરી આઠ થરથી ભારે થયેલું પેલું તુંબડું પાણીની સપાટી નીચે એકદમ ઉતરી જાય: તુંબડાનો સ્વભાવ તરવાનો છે પરાણે પાણીમાં ડુબાડ્યું હોય તો પણ જોર કરીને બહાર સપાટી ઉપર ઊછળી આવે. પણ માટીના થરનો ભાર એને ડુબાડી રાખે છે."

જીવને આવા થર કેમ લાગતા હશે? સ્વભાવથી જ ઊર્ધ્વ-ગતિવાળા જીવ ડૂબેલા કેમ રહેતા હશે? એ હળુકર્મી શી રીતે બનતા હશે?

જયંતીના એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે: "હે જયંતી! હિંસા, જૂઠ, ચોરી. મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, ચાડી ચુગલી, રતિ–અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાદર્શનશલ્ય એ અઢાર દોષો એવા છે કે જે આત્માને ભારે બનાવે છે."

જયંતી શ્રાવિકા સમજી કે કુસંસ્કારો, પાપો જ આત્માને ગુંગળાવે છે. ઉપર આવવા દેતા નથી. એ કુસંસ્કારોને ધોઈ નાખવાનું પણ આપણા પોતાના જ હાથમાં છે. બહારથી સ્વચ્છંદપણે આવીને દોષો વળગતા નથી તેમ બહારની કોઇ મદદ એને ધોઈ નાખે એ પણ અશક્ય છે. આત્માના મળભારને ઉખેડવા, અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, ક્ષમા, મૃદુતા, સરળતા, નિર્લોભતા આદિ આચરણોનો આશ્રય લેવો જોઇએ.

આ વિચારણામાંથી સહેજે એક બીજો પ્રશ્ન સ્ફુરે: જીવોને ભવસિદ્ધિપણું સ્વભાવથી હશે કે પરિણામથી ?

ભગવાન મહાવીર કહે છે કે "હે જયંતી! ભવસિદ્ધિપણું સ્વભાવથી જ છે, પરિણામથી નહિ."

જીવનું જીવત્વ એટલે કે ચૈતન્ય જેટલું સ્વાભાવિક છે તેટલી જ તેની મુક્તિની યોગ્યતા પણ સ્વાભાવિક છે. પરિણામના સંબંધમાં દર્શનકારો જુદા જુદા મત દાખવે છે, પરંતુ જૈન દર્શન તો સ્પષ્ટપણે કહે છે કે કોઇ પણ દ્રવ્ય અથવા ગુણ પોતાની મૂળ જાતિ, સ્વભાવનો ત્યાગ કર્યા વિના નિમિત્તાનુસાર ભિન્ન ભિન્ન અવસ્થા ધારણ કરે તે દ્રવ્ય કે ગુણનું પરિણામ ગણાય. મુક્તિની યોગ્યતા કે અયોગ્યતા, ભવસિદ્ધિપણું કે ભવાસિદ્ધિપણું એ આત્માની સ્વાભાવિક સ્થિતિ છે: કર્મના ઉદય કે ઉપશમને એ આભારી નથી; કારણ કે ભવિકતા પારિણામિક નથી.

તુંબડાના રૂપકને ફરી અનુસરીએ. એની ઉપરના થર જેમ ધોવાતા જાય તેમ તે પાણીની સપાટી તરફ ધકેલાય હવે જો જીવ સ્વભાવથી જ ઊર્ધ્વગામી હોય અને થર ક્રમે ક્રમે ધોવાઇ જવાને નિર્માયેલા હોય તો એક દિવસ એવો પણ ઊગે કે જ્યારે સઘળા ભવ્ય જીવો મુક્તિએ પહોંચી ગયા હોય–સંસાર સાવ શૂન્ય જેવો બની ગયો હોય. જયંતી શ્રાવિકા પણ એ જ તર્ક કરે છે.

"ભગવન્, જો સર્વ ભવસિદ્ધિક જીવો સ્વભાવથી જ મોક્ષની યોગ્યતાવાળા હોય તો ગમે ત્યારે પણ તે બધા મોક્ષે જવાના. ત્યારપછી મોક્ષની યોગ્યતાવાળું કોઇ આ જગતમાં નહિ રહે. મોક્ષને અયોગ્ય એવા જ જીવો રહેવાના."

“ના, એમ નથી. આકાશની અનાદિ અનંત શ્રેણીમાંથી પરમાણુ–પુદ્ગળ જેટલા ખંડ કાઢતાં કાઢતાં અનંત યુગો વીતી જાય તો પણ તે શ્રેણી ખાલી ન થાય. તે પ્રમાણે બધા ય ભવસિદ્ધિક જીવો સિદ્ધ થવાની યોગ્યતાવાળા છે, તો પણ લોક ભવસિદ્ધિક જીવ વિનાનો નહિ થાય.”

આકાશ કે જે અવકાશ આપે છે, આત્મપ્રતિષ્ઠિત છે–એને બીજા કોઈ આધારની આવશ્યકતા નથી રહેતી. જેના અસંખ્ય પ્રદેશ છે, અને જેનો એક એક અંશ એટલો સૂક્ષ્મ હોય છે કે એ આપણી કલ્પનામાં પણ ન આવે; તેમ તે અરૂપી, અવસ્થિત અને નિત્ય હોવાથી, લોક આકાશશૂન્ય બને એવો મુદ્દલ સંભવ નથી. તે જ પ્રમાણે ભવસિદ્ધની યોગ્યતાવાળા બધા મોક્ષે જાય તો પણ લોક જીવશૂન્ય થાય એ કલ્પના આધાર-રહિત છે. રખેને સંસાર જીવ રહિત બની જાય એવા ભયથી કેટલાકોએ મોક્ષમાંથી જીવનું પુનરાગમન પણ માન્યું છે. આ ભવસિદ્ધપણું, જીવની એ પ્રકારની સ્વાભાવિકતા અને મુક્તિના સ્વરૂપ સંબંધી જુદી જુદી વિચારણાઓ, મહાવીર પ્રભુના યુગની વિશિષ્ટતા હોવી જોઇએ. જયંતી શ્રાવિકા જેવી અંતઃ-પુરવાસી વિદુષી નારીઓને પણ એ યુગની સમસ્યાએ ગંભીર વિચાર કરતી બનાવી દીધી હશે.

ચોથો પ્રશ્ન સામાન્ય છેઃ જયંતી પૂછે છેઃ “ભગવન્, જીવ સૂતો સારો કે જાગતો ?”

જાગતો અને પ્રવૃત્તિમાં રાચતો જીવ હિંસા કે પાપ કર્યા વિના ન રહે એટલે એવા પાપના પ્રસંગને ટાળવા એદી–આળસુની જેમ પડી રહેવું એવી માન્યતા પ્રચલિત થઇ હશે, જયંતીના કાને પણ એવી વાતો આવી હશે. ઊંઘ તો પ્રમાદનું

જ મૂર્તિમંત સ્વરૂપ છે. અજગરના જેવી ઘોર સુસ્તી પ્રશસ્ય શી રીતે હોઈ શકે? જાગૃતિ. અલબત્ત, ભૂલ, ક્ષતિ, દોષમાં કારણરૂપ બને છે, પરંતુ એ જ જાગૃતિ ઉપકારના પણ હેતુરૂપ બની શકે છે: તો પછી સાચું શું? ઊંઘ–આળસ્ય કે જાગૃતિ?

ભગવાન સ્પષ્ટીકરણ કરીને બતાવે છે કે: "અધર્મી પ્રાણીઓ જેઓ બીજાને દુઃખ–ત્રાસ આપે છે, પોતે પાપપ્રવૃત્તિમાં ડુબેલા હોય છે અને બીજાને પણ એવા અધઃપાત તરફ દોરે છે એવા માનવી સૂતેલા સારા: બાકી જેઓ લોકોપકારની વૃત્તિથી રંગાયેલા છે, પોતે ધર્મકરણીમાં રાચે છે અને બીજાઓને પણ એવી પ્રવૃત્તિમાં દોરે છે તેઓ જાગતા સારા."

સૂતેલાપણું, કે જાગતાપણું, પુણ્ય કે પાપની અપેક્ષાએ આદરણીય કે તિરસ્કરણીય બને છે. જે કેટલાકો ખૂબ ખાઈ–પીને, કેફ કરીને ઉન્મત્ત જેમ પડી રહેવામાં પુણ્ય માનતા હોય છે તેમની એ માન્યના ન્યાયનીતિયુક્ત નથી અને તેથી જ તે ત્યાજ્ય છે. આતતાયીઓ, શિકારીઓ, અત્યાચારીઓને, એવી તક ન મળે તેટલા માટે જ એમની ઊંઘ કે આળસ્ય ઇચ્છવાયોગ્ય છે. પણ એ ઊંઘ કે આળસ્ય એમને કલ્યાણને માર્ગે લઇ જાય છે એમ તો કોઈ જ ન માને. એ જ પ્રમાણે કર્ત્તવ્યપરાયણ, લોકહિતૈષી કોઈ વાર ભૂલ પણ કરી બેસે: પરંતુ એ ભૂલ જો શુદ્ધ બુદ્ધિની હોય અને અંતરમાં પણ પૂરી જાગૃતિ હોય તો એ જાગૃતપણું, ઊંઘ કરતાં અનેકગણું શ્રેષ્ઠ છે.

વિચારકોની દુનિયામાં કેવા વાવાઝોડા આવે છે અને ધીમે ધીમે માનવસમુદાય કેવી મક્કમ પ્રગતિ કરતો આગળ વધે છે એનો કંઇક આભાસ આ પ્રશ્નોત્તરીમાં મળે છે. આજે એવો પ્રશ્ન કે ઉત્તર જૂનવાણી જેવા–વસ્તુતઃ અઢી હજાર વર્ષ

જેટલા જૂના જ ગણાય, પરંતુ વિચાર–વિકાસના માર્ગસ્તંભ જેવો એ મનોમંથન આધ્યાત્મિક વિચારણાનો ક્રમવિકાસ તો જરૂર સૂચવે છે.

ચોથા પ્રશ્નની પૂરવણી જેવો જ જયંતી શ્રાવિકાઓ પ્રશ્ન આવી મતલબનો છેઃ

"ભગવાન ! સબળપણું સારું કે દુર્બળપણું ? ઉદ્યમીપણું સારું કે આળસુપણું ?"

"ધર્મપરાયણ જીવોનું સબળપણું, ઉદ્યમીપણું સારું, અધર્મીની આળસ અને નબળાઇ સારી." ભગવાનનો એ ઉત્તર, ઉપરોક્ત પ્રશ્નોત્તરની પૂરવણી જેવા જ હોવાથી એ વિષે એમણે પોતે પણ વધુ વિવેચન નથી કર્યું.

આળસ, પ્રમાદ, નબળાઈ પોતે જ પાપરૂપ કે તેના પરિણામસ્વરૂપ છે. પ્રમાદ વગેરે કંઇ લેવા જવાં પડતાં નથી, તેમ તેને માટે પુરુષાર્થ પણ કરવો પડતો નથી. એને સારાં કેમ કહેવાય ? જયંતી શ્રાવિકા અને ભગવાન મહાવીર વચ્ચેનો આ ઘણો પુરાતન સંવાદ, વૈભવવંતા અંતઃપુરમાં વસનારી એક અબળા અને શ્રોતા કે જિજ્ઞાસુ કેટલું સમજી કે પચાવી શકશે તેનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાંટો ધરાવનાર લોકમાન્ય ઉપદેશક વચ્ચેનો છે એ વાત અહીં મુદ્દલ ભૂલવા જેવી નથી. આ એક એવો યુગ હતો કે જે વખતે ભલભલા શ્રદ્ધાળુ અને ભદ્રિકોનાં મનને શંકાનાં વમળમાં નાખી દે એવા પાખંડીઓ સેંકડોની સંખ્યામાં ઊગી નીકળ્યા હતા અને એ બધા અનુયાયીઓની શોધમાં જ ફરતા. આવી સ્થિતિમાં એક નારીના સંશયોનું, બની શકે એટલી સ્પષ્ટ–ઘરગતુ શૈલીમાં સમાધાન થવું જોઇએ. ભગવાનની દૃષ્ટિ આળસ અને નબળાઈને સારી કહેવામાં, સ્થૂલ

ક્રિયા ઉપર જ હતી. પાપના સૂક્ષ્મ–મનોવૈજ્ઞાનિક કાર્યકારણ અહીં નથી ચર્ચ્યાં. જે કાળસૌકરિક નામના કસાઇને શ્રેણિકે એક વાવની અંદર ઊંધે માથે ટાંગ્યો હતો, અને એ રીતે એની પાસે એક આખા દિવસ–રાતની અહિંસા પળાવી હતી, તે કાળસૌકરિક વિષે શ્રેણિકે જ્યારે ભ. મહાવીરને ખુલાસો પૂછ્યો ત્યારે પ્રભુએ કહેલું કે એમ બાંધી રાખવાથી, કેદમાં જકડી રાખવાથી હિંસા બંધ પડે એ ભ્રાંતિ જ છે. એ જ કસાઇએ સ્થૂળ પાડાનો વધ નહિ થઇ શકવાથી પાણીમાં પોતે આંકેલા પાંચસો પાડા હણ્યા હતા: પ્રાણીનો દેખીતો રક્તપાત નથી કર્યો એટલે એ અહિંસક રહ્યો એમ ન કહેવાય. કર્મ-બંધમાં મનોવ્યાપાર મુખ્ય છે. એ વાત ભગવાન મહાવીર જેટલી સ્વચ્છ ને સ્પષ્ટપણે બીજું કોઈ ન સમજી શકે. અને છતાં શ્રાવિકા જયંતી સાથેના સંવાદમાં હિંસા–પાપની અશક્તિને ઠીક કહે છે એ એમની વિવિધ દૃષ્ટિકોણથી વસ્તુને જોવાની વ્યવહારદક્ષતા જ સિદ્ધ કરે છે.

છેવટે, ઇંદ્રિયોની ગુલામીમાં જીવનાર જીવની કેવી દશા થતી હશે તે વિષે જયંતી, ભગવાન પાસેથી થોડું જાણી લેવા માગે છે. ભગવાન તો વાસનાના વિપાક હસ્તામલકવત્ જોઈ શકતા હતા. તેઓ કહે છે: “અનાદિ–અનંત અને આ લાંબા માર્ગવાળા સંસારરૂપી અરણ્યને વિષે ભટકવા સિવાય એમને માટે બીજો કોઇ આરોવારો નથી રહેતો. એવા જીવો સિદ્ધિને વરી શકતા નથી, સર્વ દુઃખનો અંત પણ લાવી શકતા નથી.”

પોતાના કાળના ઉત્તુંગ ગિરિશિખર જેવા લોકનાયકને બરાબર ઓળખવા–પીછાનવા એ ધન્યભાગ્ય તો ગણ્યાં–ગાંઠ્યાં સ્ત્રી પુરુષોમાં જ સંભવે. પ્રભુ મહાવીર જેવા પોતાના સમયમાં

વિચરતા પ્રભુને સમજી એમના પ્રત્યે પૂર્ણ ભક્તિ તથા શ્રદ્ધાના ભાવ ધરાવવા એ પરમ પુણ્યોદય સિવાય ન બને. તેમાં યે પ્રભુની શક્તિ અને ધ્યેય વિષે રસોલ્લાસ અનુભવવો અને નાની-મોટી શંકાઓનો ઉકેલ એમના મુખેથી સાંભળવા એ તો બહુ હળુકર્મીપણાનું સ્પષ્ટ ચિહ્ન છે. જયંતી શ્રાવિકા પ્રભુ પ્રત્યે એવો જ આદરભાવ, ભક્તિભાવ અને શ્રદ્ધા ધરાવતી. કુતૂહળ કે આળસુ મનોવૃત્તિને રીઝવવા ખાતર જયંતીએ આ પ્રશ્નો નહોતા પૂછયા: આગમો તો ઉચ્ચારે છે કે:

> " આટલા પ્રશ્નોત્તર બાદ હર્ષિત તથા સંતુષ્ટ થએલી જયંતીએ ભ૦ મહાવીર પાસે પ્રવ્રજ્યા સ્વીકારી. આર્યા ચંદનાની સંભાળ હેઠળ રહી અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. ઘણા વર્ષ લગી સાધ્વી-પણું પાળી, અંતે સાઠ ટંકના ઉપવાસ કરી મૃત્યુ પામી, સિધ્ધ-બુદ્ધ અને મુક્ત થઇને નિર્વાણ પદમાં સ્થિત થઈ."

# ૭. માતા દેવાનંદા

(૧)

જૈન શાસનના વિસ્તીર્ણ આકાશપટ ઉપર જે કેટલીક સન્નારીઓ ગ્રહ–નક્ષત્ર કે તારલિયાનો પ્રકાશ પાથરી રહી છે, તેમાં જો કોઈ તારલિ ચમકદાર છતાં સંયમયુક્ત, દૂર દૂર છતાં દુન્યવી અને મનોરમ છતાં સાદી–સુરેખ હોય તો તે દેવાનંદા બ્રાહ્મણીની. નથી એને પોતાના પ્રકાશનું અભિમાન કે નથી પ્રસિદ્ધિની પરવા. ત્રિશલા માતાને સૌ સંભારશે, એમને ઉદ્દેશીને ભક્તિભીની અંજલિઓ અર્પાશે. ત્રિશલા દેવી તો ભ. મહાવીરની જનની ગણાય. દેવાનંદા કોણ? એને કોઈ શા સારું સંભારે? સંભારે યા ન સંભારે પણ ૮૨ દિવસ સુધી જેણે ભ. મહાવીરના ઘડાતા દેહનું લાલન–પાલન કર્યું છે તે દેવાનંદા માતાના પુણ્યનો પ્રકાશ, ભલે મંદમંદપણે પણ ચમકતો જ રહેવાનો–ભ૦ મહાવીરના જીવનઘડતરના એક ઉપાદાનરૂપ ગણાવાનો.

ભ૦ મહાવીર ત્રિશલા દેવીના ગર્ભમાં આવ્યા તે પહેલાં ૮૨ દિવસ સુધી દેવાનંદાના ગર્ભમાં રહ્યા હતા. પણ દેવાનંદા બ્રાહ્મણી હતી–ભિક્ષુક કુળની હતી એટલે ઇંદ્ર પોતાના હરિણગમેષી દેવને–એક દેવદૂતને મોકલી એના ગર્ભનું હરણ કરાવ્યું. ભગવાન મહાવીર બ્રાહ્મણીની કુક્ષિમાંથી ક્ષત્રિયાણીની કુક્ષિમાં આવ્યા. ત્રિશલા માતા ઇતિહાસમાં અમર અને આરાધ્ય બની ગયાં–દેવાનંદા માતા એક બાજુ રહ્યાં અને ભગવાન્ મહાવીરના ભક્તો પણ જાણે કે એમને ભૂલી ગયા.

દેવાનંદાના પતિ ઋષભદત્ત બહુ સામાન્ય કોટીના બ્રાહ્મણ હતાં બ્રાહ્મણકુંડમાં રહેતા. દેવાનંદા પોતે જાલંધર કુળની ભાર્યા હતી. મહાવીર પ્રભુ જ્યારે દેવાનંદાના ગર્ભમાં આવ્યા અને સુભાગી માતાએ ભવ્ય ચૌદ સ્વપ્નો નિહાળ્યાં ત્યારે એ સ્વપ્નનાં અર્થ જાણી પતિપત્નીને પારાવાર આનંદ ઊપજેલો. ઘર આંગણે કલ્પતરુ ઊગ્યો હોય એટલો સંતોષ થયેલો. બ્રાહ્મણ-બ્રાહ્મણીને ઋદ્ધિ કે સમૃદ્ધિની તો શી પરવા હોય? એમનો અભિલાષ એટલો જ કે "પોતાને ત્યાં આ ચૌદ સ્વપ્નસૂચિત એક એવો પરમ પ્રભાવી પુત્ર અવતરશે કે જે વેદનો પારગામી હશે, અદ્ભુત નિષ્ઠાવાળો હશે."

પણ એ ઉલ્લાસ ઠગારો નીવડ્યો. એમની બધી આશાઓ ધૂળમાં મળી ગઈ. પેલાં ભવ્ય અને સુભગ સ્વપ્નો પણ એક રાત્રિએ જ્યારે ભગવાનના ગર્ભનું હરણ થયું ત્યારે દેવાનંદાના મુખમાંથી પાછાં નીકળતાં દેખાયાં! માતા દેવાનંદા એકદમ ઊઠીને બેઠાં થઈ ગયાં. એમનું સર્વસ્વ જાણે કે લૂંટાઈ જતું હોય એવું દુઃખ થયું. તે દિવસથી દેવાનંદા દુર્બળ અને જર્જરિત જેવા દેખાવા લાગ્યાં. બ્રાહ્મણની આશાનાં અંકુર પણ કરમાઈને ખરી પડ્યાં. પૂર્વ ભવનું એક પાપ આડે આવ્યું.

પૂર્વ ભવમાં દેવાનંદા અને ત્રિશલા મમતા અને સમતા નામે જેઠાણી દેરાણી હતાં. મમતા ગરીબ માબાપની પુત્રી હતી, અને સમતાના માતાપિતા ધનવાન અને સુખી હતાં. તેમણે સમતાને કરિયાવરમાં બીજાં દરદાગીના અને કપડાં સાથે એક રત્નહાર આપ્યો હતો. આ હાર મમતાને ખૂબ ગમી ગયો હતો અને તેથી તેણે લાગ જોઈ તે હાર સમતાની પેટીમાંથી ચોરી લીધો. સમતાને આ ચોરીની ખબર પડી. પરંતુ કુટું-

એમાં ક્લેશ ન થાય તે ખાતર તે વાત ગળી ગઈ. મમતાના તે કર્મનો બદલો તેને આ દેવાનંદાના ભવમાં મળ્યો. તેનો ગર્ભ ઇંદ્રે હરાવી લઈ ત્રિશલાને આપ્યો. વળી, ભ. મહાવીરે પોતાના એક પૂર્વભવમાં જાતિમદ કરેલો. ભ. ઋષભદેવના પુત્ર ભરતના પુત્ર મરીચિ તરીકે તેમણે 'અમારૂં કુળ શ્રેષ્ઠ' એવું અભિમાન કરેલું. તેના પરિણામે એમને એક બ્રાહ્મણ ભિક્ષુકની પત્નીના ગર્ભમાં બાસી દિવસ રહેવું પડ્યું. દેવાનંદામાતાના ગર્ભનું હરણ અને ત્રિશલામાતાની કુક્ષિમાં સ્થાપન એ ઇન્દ્રનો સ્વેચ્છાચાર નહોતો. કર્મ અને તેના વિપાક અથવા કાર્યકારણની શૃંખલાનો એક અંકોડો માત્ર હતો.

ચક્રવર્તીઓ અને તીર્થંકરો જેવા પ્રતાપી પુરુષોની માતાઓ જ જે સ્વપ્ન નીહાળી શકે તે સ્વપ્ન જોઈને રોમ-રોમમાં હર્ષ પામેલી દેવાનંદાને એ આખી મનોરથોની સૃષ્ટિ વિલય પામેતી જોયા પછી કેવો કારમો આઘાત થયો હશે ? માતા દેવાનંદા જો કઠણ હૈયાનાં ન હોત તો કદાચ એ આઘાતને લીધે વિહવળ બની ગયાં હોત. પણ આખરે પોતાના સંચિતને જ દોષ દઈને એ બેસી રહ્યાં. માતા દેવાનંદાએ બહુ વલોપાત નથી કર્યો. પુત્રને બદલે પુત્રી અવતરી ત્યારે પણ એમણે સંતોષ અને તૃપ્તિ જ માણી છે.

દેવાનંદા માતા જો આટલું જાણી શક્યા હોત કે ક્ષત્રિયકુંડ ગ્રામના સિદ્ધાર્થ ક્ષત્રિયને ત્યાં જે પુત્રનો જન્મ થયો છે તે વસ્તુતઃ પોતાનો જ બાળ છે તો કોઈક દિવસે ઊભા રહીને પણ એ પોતાના મટી ગયેલા બાળનું મોં જોઈ શકત—ગૌરવથી પોતાના અંતરને ભરી દઈ શકત.

પણ ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ પાસે પાસે હોવા છતાં, ભગવાન મહાવીરના જન્મોત્સવથી માંડી દીક્ષા મહોત્સવ સુધીના અનેક પ્રસંગોમાં ક્યાંઈ દેવાનંદા માતા પ્રેક્ષક તરીકે આવ્યાં હોય એમ નથી લાગતું. ગામમાં જ્યારે વર્ધમાનકુંવરને અથવા તો મહાવીરને જોવા માટે લોકોનાં ટોળાં ઉભરાતાં હશે ત્યારે પણ દેવાનંદા માતા તો ઘરનો ખૂણો ઝાલીને જ બેસી રહ્યા હોય એમ જણાય છે. ગર્ભાપહરણ પછી એમનો રસ અથવા આનંદ છેક સુકાઈ ગયો લાગે છે. બીજાના પરાક્રમી, તપસ્વી, જ્ઞાની પુત્રોની વાતો જ્યારે તેઓ સાંભળતા હશે ત્યારે એમને ચૌદ સ્વપ્નસૂચિત પુત્રનું સ્મરણ થઈ આવતું હશે. દૈવે પોતાને ઠગી છે એ કઠોર સત્યનું ભાન થતાં એ મમતાળુ માતાનું હૈયું અંદરથી કેવું વલોવાઈ જતું હશે તે એમના સિવાય બીજુ કોણ સમજી શકે ? એટલે જ એમ લાગે છે કે ગર્ભાપહરણ પછી દેવાનંદ માતાએ અંતઃશોધન પાછળ એક માત્ર લક્ષ આપ્યું હશે.

આખરે એક અકસ્માત બની જાય છે. વીર પ્રભુ વિહાર કરતાં એક દિવસે બ્રાહ્મણકુંડ ગામમાં આવે છે. ત્યાં બહુશાળ નામના ઉદ્યાનમાં દેવતાઓએ રચેલા ત્રણ ગઢવાળા સમવસરણમાં વ્યાખ્યાન આપવા પૂર્વાભિમુખે વિરાજે છે. દેવાનંદા અને ઋષભદત્ત પણ ત્યાં આવી ચડે છે.

જેનું મોં પણ નથી જોયું, ગર્ભાવસ્થામાં પૂરો વિકાસ થાય તે પહેલાં જ જેનું અપહરણ થયું છે એવા પુત્રને માતા ઓળખી શકતી હશે ? ગમે તેમ હોય, પણ વાત્સલ્યમાં અદ્ભુત જાદુઇ શક્તિ છે એમ માન્યા વિના નથી ચાલતું. ભગવાન મહાવીરને જોતાં જ દેવાનંદા માતાની છાતીમાંથી દૂધની સેર ઊડે છે.

માતાનો દેહ રોમાંચથી ઉભરાઇ જાય છે. ગૌતમસ્વામી પણ આ દૃશ્ય જોઇને વિસ્મય પામે છે. કોઈ દિવસ નહિ ને આજે એવું શું બન્યું કે એક અજાણી સ્ત્રીને પ્રભુ પ્રત્યે આટલું બધું વ્હાલ પ્રગટ્યું ?

"પ્રભુ ! આ દેવાનંદા કોણ છે ? એની દૃષ્ટિ દેવવધૂની જેમ નિર્નિમેષ કેમ થઈ ગઈ ?" સંશય અને વિસ્મય પામેલા ગૌતમસ્વામીએ અંજલી જોડીને પ્રભુને પૂછ્યું.

"દેવાનુપ્રિય ગૌતમ ! હું એ દેવાનંદાની કુક્ષિમાં જ બાસી દિવસ રહ્યો હતો. દેવલોકમાંથી ચ્યવીને હું ત્યાં જ આવ્યો હતો. દેવાનંદા પોતે નથી જાણતી પણ એનું સ્વાભાવિક વાત્સલ્ય છૂપું નથી રહી શકતું."

દેવનંદા માતાને તે દિવસે પ્રથમ જાણ થઇ કે દેવોથી પૂજાતા ચક્રવર્ત્તી જેવા રાજવીઓથી સત્કારાતા અને પગલે પગલે પૃથ્વીને તીર્થસ્વરૂપ બનાવતા આ પુરુષ પોતાનો જ પુત્ર છે–વેદનો પારગામી બનશે એવી જે આશા રાખેલી તેને બદલે આજે સંસારને નવો સંદેશ સુણાવનાર આ પયગંબર પોતાનો જ પુત્ર છે. માતા દેવાનંદાને, ખોવાયેલી અદ્‌ભૂત સમૃધ્ધિ અનાયાસે મળી ગઇ હોય–વ્યાજ સાથે મૂળ રકમ મળી ગઇ હોય એટલો આનંદ તે દિવસે થયો હશે.

એ પછી, પ્રભુની દેશના સાંભળી માતા દેવાનંદા અને ઋષભદત્ત દીક્ષા લે છે. બંને જણ મહાવ્રતને ઉજાળતા, વિવિધ તપ અને જ્ઞાનાધ્યયન કરતા, કેવળજ્ઞાન પામી, જીવનની છેલ્લી સિદ્ધિ–મુક્તિને વરે છે.

(૨)

માતા દેવાનંદાને પૂજનારી સુનંદાની વાત તમે સાંભળી છે? દક્ષિણમાં–કર્ણાટકમાં જ્યારે જૈન ધર્મની ધજા રાજમહેલો ઉપર ફરકતી ત્યારે કાનડી સાહિત્યને જૈન સાહિત્યસ્વામીઓએ ખૂબ રસતરબોળ બનાવેલું. જૈન ઇતિહાસ અને કથાનુયોગના પાત્રો ઉપર ભક્તિ અને પ્રતિભાનાં પ્રકાશ કિરણ પડેલાં. ભુલાયેલાં પાત્રોને પણ એ સાહિત્યે સજીવ બનાવેલાં, માતા દેવાનંદાની ભક્તિ–પૂજા કરનાર સુનંદાની એવી જ એક વાત ઉતારું.

દધિમુખ પર્વતના શિખર ઉપર એક રમણીય દેરાસર હતું અને દેરાસરની પાસે જ એક જૈન આશ્રમ હતો. આશ્રમમાં શ્રાવિકાઓ રહીને જ્ઞાનાર્જન સાથે તપ–સંયમની તાલીમ મેળવતી. પ્રેમાનંદા આ આશ્રમની મુખ્ય અધિકારિણી હતી. ગળથુથીમાંથી જ પ્રેમાનંદાને ત્યાગ–વિરાગના સંસ્કાર મળ્યા હતા. જન્મથી એ તપસ્વિની હતી. તે પોતે ક્રિયાકાંડમાં જેવી ચૂસ્ત હતી તેવી જ બીજી બહેનો પાસે કડક નિયમપાલન કરાવતી. સાંસારિક વસ્ત્રોમાં, સાંસારિક પદ્ધત્તિએ આશ્રમમાં રહેવા છતાં દરેક બાઈ બની શકે એટલા અણુવ્રતો પાળવા મથન કરતી. ક્રમે ક્રમે મહાવ્રતો સુધી પહોંચવાની સૌની મહત્ત્વાકાંક્ષા રહેતી.

એ આશ્રમમાં સુનંદા શ્રાવિકા પ્રેમાનંદાના જમણા હાથરૂપ હતી. દેખાવે પણ એ સૌંદર્ય અને લાવણ્યથી ભરપૂર હતી. અરણ્યમાં પથરાયેલી એકલી કૌમુદી જેવી હૃદયંગમ લાગે તેવી જ આ આશ્રમમાં સુનંદાની સૌંદર્યકળા સતત છવાયેલી રહેતી.

આશ્રમની બીજી બહેનો સાથે એ રોજ દેરાસર જતી. નિયમ પ્રમાણે વીતરાગ પ્રભુની પૂજા સ્તુતિ કરતી, પરંતુ દેવા-

નંદા માતા પ્રત્યેનો ભક્તિભાવ કાંઈક અજબ તરેહનો હતો. કોણ જાણે કયાંઈકથી એણે દેવાનંદા માતાની એક છબી મેળવી હતી. આ છબી સુનંદાનું સર્વસ્વ હતું. માતા પિતા કહો, કે આત્મજન કહો, દેવી કહો કે અધિષ્ઠાત્રી પણ આ દેવાનંદા માતાની છબીમાં જ સુનંદાનું બધું સમાઈ જતું. વીતરાગ દેવની સ્તુતિ, પૂજા કરતી, પણ એ લગભગ નિષ્કામ-ભાવે. સુનંદાને અંતર ખોલવાનું આ દુનિયામાં દેવાનંદા માતાની છબી સિવાય બીજું સાધન નહોતું. આનંદ કે શોકના અવસરે આ માતા પાસે પોતાનું હૈયું ઠલવતી. શોકના સમયે હતાશ ન થઈ જવાય, આનંદની પળોમાં ઉદ્ધત ન બની જવાય એટલા સારુ તે દેવાનંદા માતા પાસે ભક્તિભાવે મસ્તક નમાવતી–હર્ષ, શોક માતાના ચરણમાં નિવેદતી. આપણે ભલે એને છબી, તસબીર કે મૂર્તિ કહીએ, પણ સુનંદા તો દેવાનંદા માતા જીવતા–જાગતા હોય એમ જ માનતી. સવાર–સાંઝ એ દેવીની પાસે પ્રણિપાત કરી પોતાને કૃતકાર્ય સમજતી. એને પૂરો વિશ્વાસ હતો કે દુઃખ માત્રથી બચાવનાર, સીધો–સરળ રાહ બતાવનાર અને અણીને વખતે મદદ આપનાર આ માતા દેવાનંદા સિવાય બીજું કોઈ જ નથી.

એક દિવસે પ્રાતઃકાળે સુનંદા ઊંઘમાંથી જાગી ઊઠી. ઊઠતાંની સાથે જ નિયમ પ્રમાણે એણે માતા દેવાનંદાની છબીને બે હાથ જોડયા. ઘરમાંથી બહાર નીકળી આસપાસ જોયું તો ઉષાના નિર્મળ, શાંત પ્રકાશમાં આખું વિશ્વ સ્નાન કરતું નીહાળ્યું. સૃષ્ટિ તો એની એ જ હતી, પણ જાદુગરના સ્પર્શ માત્રથી વસ્તુ માત્ર બદલાઈ જાય તેમ સુનંદાને આજે સૃષ્ટિની મનોહરતામાં જુદી જ આકર્ષકતા હોય એમ લાગ્યું. રોજ તો સૃષ્ટિલીલા જોઈને પોતાના કામે લાગી જતી. આજે ઉષાના

મનોહર તેજમાં, દધિમુખ પર્વતની તળેટીમાં આવેલા અમૃત-પુરી ગામના એકે એક ખોરડા અને અગાસી ઉપર સુનંદાની દૃષ્ટિ રમી રહી.

છાપરા અને છતો ઉપર રમતી દૃષ્ટિ ધીમે ધીમે છાપરા અને છતો નીચે વસતા કુટુંબોમાં પ્રવેશવા પ્રયત્ન કરવા લાગી. સુનંદાને થયું, આ છાપરા નીચે અસંખ્ય કુટુંબો એક-બીજાની હૂંફમાં વસતાં હશે. માતા, પિતા, બહેન, બંધુ આદિ પરિવારથી વીટળાયેલા ગૃસ્થો અને ગૃહિણીઓ કલ્લોલ કરતાં હશે! સુનંદાને આવી સાંસારિક લાગણી કોઈ દિવસ નહોતી સ્પર્શી. આજ સુધી માત્ર વ્રત, તપસ્યા અને આત્મચિંતન કરનારી સુનંદાના દિલમાં જાણે કે કૌટુંબિક ભૂખની લાગણી જનમી.

પણ સુનંદા સાવધ હતી. તરત જ અંગ ઉપર ચડતા સાપને ઝટકીને નાસી જતી હોય તેમ તેણે ઊગતી સાંસારિક વાસનાને ઝટકી નાખી: "અરે! હું તો સાધ્વીજીના મહાવ્રતોને અનુસરવા મથનારી આશ્રમબાળા! મારે વળી કૌટુંબિક જીવનનો મોહ કેવો? સંસારમાં મારું કોણ? આત્મા જ મારો સંગાથી! આત્માના આનંદમાંથી જ બની શકે એટલું રસપાન કરવાનું! હવે આ સ્થળે રહેવું ઠીક નથી."

સાંસારિક વૃત્તિને પરમ શત્રુરૂપ સમજનારી સુનંદા ત્યાંથી એકદમ ચાલી નીકળી. લૂંટારાઓના હાથમાંથી બચવા જેમ આપણે ઘરની દીવાલોની અંદર કે ગઢની અંદર ભરાઈ બેસીએ તેમ સુનંદા પોતાની ઓરડીમાં આવી દેવાનંદા માતાની છબી સામે ધ્યાન ધરતી બેસી ગઈ.

"માતા દેવાનંદા! મને બચાવજો! સાંસારિક વૃત્તિનો અંકુર અકસ્માત્ જાગી પડયો છે. એ ઊંડા મૂળ નાખે તે પહેલાં મારો ઉદ્ધાર કરજો!"

"પુત્રી ! નિશ્ચિંત રહેજે, તારું સુકાન મારા હાથમાં જ છે!" એવો જ કંઈક ઉત્તર માતા દેવાનંદા તરફથી મળતો હોય એમ માની સુનંદા ત્યાંથી ઊઠી. એ વખતે એના મોં ઉપર વિજયનું આછું હાસ્ય ફરકી ઊઠ્યું. માતા દેવાનંદાના આશીર્વાદ પામેલી સુનંદા આશ્રમના કામકાજમાં પરોવાઈ ગઈ.

મૃગને પોતાની નાભિમાં રહેલી કસ્તૂરીની વાસ ઉન્મત્ત બનાવે છે—એ સુવાસને શોધવા અરણ્યમાં ભટકે છે, એને ખબર નથી કે જેની પાછળ એ ભટકે છે તે વસ્તુ પોતાની જ પાસે છે.

સુનંદાએ સાંસારિક વૃત્તિના પાશમાંથી છૂટવા ધર્મકરણીમાં મન પરોવ્યું. પણ અંતરમાંથી ઉદ્ભવેલી વાસનાને એમ નિર્મૂલ થોડી જ કરી શકાય? પાણી ઉપર પથરાયેલી શેવાળને બે હાથવતી આઘી ખસેડીએ ભલે, પણ પાછી એ જ્યાં હતી ત્યાં ફરી વળવાની. વૃત્તિઓનું પણ લગભગ એવુ જ હોય છે. એને જેમ જેમ ખસેડવા માગીએ તેમ તેમ તે વધુ ઉગ્ર બનતી પાસે ને પાસે જ આવતી જાય. સુનંદા જેવી ભોળી આશ્રમબાળા એ વૃત્તિની સામે ક્યાં સુધી ઝીક ઝીલી શકે?

દિવસ આખો આશ્રમનાં નાનાવિધ કાર્યોમાં પસાર થઈ જતો. એ વખતે પેલી વૃત્તિ શમી ગઈ એમ લાગતું, પણ અવકાશ મળતાં છટકેલી કમાનની જેમ પેલી વાસના આ સુકુમાર બાળાના હૈયા ઉપર આઘાત કરી જતી. રાત્રિના વખતે જ્યારે તે નિરાંતે ઊંઘવા પ્રયત્ન કરતી, માતા દેવાનંદા અને ત્રિશલાના સ્મરણપૂર્વક નિદ્રાને આહ્વાન કરતી ત્યારે પણ શેતાનની જેમ સાંસારિકતાનો મોહ જાણે કે છાતી ઉપર ચડી બેસતો.

અનુભવ વગરની, દોરવણી વગરની, માત્ર વાસનાઓને બળજોરીથી દબાવી દેવામાં જ માનનારી સુનંદા, રોજના આ આંતરવિપ્લવથી થાકી ગઈ. એક દિવસે તે પથારીમાંથી વહેલી ઊઠી, પર્વતના શિખર ઉપરથી ઊતરી, તળેટીમાંના શહેર તરફ ચાલી નીકળી, વાસનાથી ધકેલાતી ગભરૂ આશ્રમબાળા, પાણીનો પ્રવાહ જેમ નીચે પછડાય તેમ વગર વિચારે ચાલી નીકળી.

નીકળતાં પહેલાં આશ્રમનો પોતાને સોંપાયેલો હિસાબ રીતસર લખી વાળ્યો. કુંચીઓ અને હિસાબની ચોપડી પણ માતા દેવાનંદાની છબી પાસે મૂકી દીધાં. જતાં જતાં સુનંદા બોલી: "માતા! સંસારના મોહરાજાએ આજે મારી ઉપર વિજય વર્તાવ્યો છે. હું મોહરાજા સામે ઘણું મથી; પણ આખરે મારો પરાજય થયો છે. હું આપની વિદાય માગું છું. આપ કદાચ નારાજ થશો, પણ મારી નિરુપાયતા હું કેવી રીતે વર્ણવું? મોહને જીતી શકી નહિ એટલે જ આ વસ્તુઓ આપની પાસે ધરી દઉં છું. હું સંસારના વમળમાં ઝુકું છું. હું જ્યાં હોઉં ત્યાં મારૂં રક્ષણ કરજો."

× × ×

આશ્રમથી માંડી તળાટી સુધીનો રસ્તો ઘણા વળાંક લેતો નીચે ઊતરતો હતો તેથી સુનંદાને જરા વધુ વાર લાગી અને થાક પણ લાગ્યો. જેણે આશ્રમની બહાર કોઈ દિવસે ભાગ્યે જ પગ મૂકયો હશે તેને આજનો આ ભય અને સાહસથી ભરેલો શ્રમ વધારે કષ્ટમય લાગે એ સ્વાભાવિક છે.

તળાટીની અડોઅડ એક નાનું સરોવર હતું અને એમાં કમળો ખૂબ ઊગી નીકળ્યાં હતાં. સૂર્યના કિરણોમાં સ્નાન કર-

વાની તાલાવેલી લાગી હોય તેમ કમળો માથાં નમાવીને એક બીજાથી આગળ જવાની હરિફાઈ કરતાં હતાં. સરોવરના કિનારે એક પીપળાનું વૃક્ષ હતું અને થડ ફરતો એક વિશાળ ચોતરો બાંધેલો હતો. સુનંદા અહીં થાક ખાવા બેઠી.

"નીકળી તો ખરી, પણ હવે ક્યાં જઈશ ?" એ પ્રશ્ન સુનંદાના મનમાં વધુ ઉગ્ર મંથન ચલાવી રહ્યો. "ક્યાં જઈશ ?" એમ નીકળતી વખતે જ થયેલું, પણ એ વખતે "નીચે પહોંચ્યા પછી જોઈ લેવાશે" એમ કહી મનને મનાવેલું, પણ હવે માત્ર તર્કનો આશ્રય નકામો હતો. કઠોર સત્યનો સામનો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો.

"પાછી આશ્રમમાં જઉં ત્યારે ?" સંતોષકારક જવાબ ન મળવાથી સુનંદાએ પાછાં પગલાં ભરવાનો વિચાર પણ કરી જોયો.

જે સાહસથી સુનંદા નીચે ઊતરી આવી હતી તે સાહસ મૂર્ત્તિમંત બની જાણે ઠપકો આપતું હોય તેમ સુનંદાએ સાંભળ્યું :

"પાછી જઈશ તો ત્યાં પણ મેણાંટોણાં જ સાંભળવાં પડશે. એક વાર રજા વિના નીચે ઊતરેલી તું પાછી ફરશે તો કાયમને માટે તારો કોઈ વિશ્વાસ નહિ કરે, માટે સાહસ ભેગું થોડું વધુ સાહસ કરી નાખ !'

પણ બીજું કયું સાહસ કરવું તે સુનંદા નહોતી સમજતી. બાળક ગુસ્સે થઈને ઘરની બહાર નીકળી જાય અને તે પછી થોડી વારે મા–બાપ મનાવવા આવે એમ ઇચ્છે તેવી જ સુનંદાની અત્યારે સ્થિતિ થઈ હતી. ન આગળ જવાય કે ન પાછળ જવાય.

એટલામાં એક ઘોડેસ્વાર બરાબર એ ઓટલા પાસે જ આવીને ઊભો રહી ગયો. તેણે સુનંદાને જોઈ: "અત્યારના પહોરમાં આ સ્ત્રી અહીં–નિર્જન સ્થાનમાં એકલી કાં બેઠી હશે ?" અસવારે પોતાના મનને પૂછ્યું.

સુનંદા એટલી બધી વિચારગ્રસ્ત હતી કે પેલો યુવક ક્યારે ઘોડા ઉપરથી નીચે ઊતર્યો અને પાસે આવ્યો તેની એને કંઈ ગમ ન પડી. અચાનક સુનંદાએ આ શબ્દો સાંભળ્યા અને ચોંકી :

"કોણ છો ? આ નિર્જન સ્થાનમાં એકલા ક્યાં સુધી રહેશો ?"

ગભરૂ, શરમાળ સુનંદા પાસે એનો જવાબ નહોતો. ગભરાયેલ હરિણીની જેમ એ નીચું જોઈ રહી. યુવક એ બાળાની નિરાધારતા કળી ગયો. બોલ્યો: 'મારે ત્યાં આવી શકશો ? મારાં મા–બાપ તમારો સારો સત્કાર કરશે અને ઘર બહુ આઘે નથી."

સુનંદાએ એ પ્રસ્તાવને મુંગી સમ્મતિ આપી. એ આશાનાં કિરણોને અવલંબી ઊભી થઇ. અસવારની પાછળ પાછળ ચાલી નીકળી.

યુવાનનું નામ જયંત હતું. તળેટીની પાસે જ એનો ભવ્ય મહેલ હતો. છેલ્લાં કેટલાંક વર્ષો થયાં એ વ્યાપાર ખેડવા દેશાવરમાં ફરતો હતો પોતાના વૃદ્ધ માતાપિતાને મળવા આજે એ ઘેર આવતો હતો એટલામાં રસ્તામાં જ સુનંદા સાથે ભેટો થઇ ગયો.

જયંત અને સુનંદા મહેલના દરવાજા પાસે આવ્યા. મહેલમાંની શાંતિ અને ઉદ્યાનની અવ્યવસ્થા જોતાં જ જયંતનાં દિલમાં એક ઊંડો ધ્રાસ્કો પડયો.

દરવાજાની સાંકળનો ખડખડાટ સાંભળી એક વૃદ્ધ નોકરે પોતાના શેઠના પુત્રને પીછાની લીધો. પણ એને કેવી રીતે આવકાર આપવો એ ન સમજાયું. એનું ગળું અત્યારે રુંધાતું હોય એમ લાગ્યું.

"ક્યાં છે મારા બાપુજી? કેમ બધાં બારીબારણાં બંધ રાખવા પડ્યાં છે?"

મહેલનો નોકર—લાખો જવાબ આપવા માગતો હતો, પણ એની જીભ ન ઉપડી. એટલામાં તો જયંત અને સુનંદા મહેલના અંદરના પગથિયા પાસે આવી પહોંચ્યા.

લાખો હવે જ માંડમાંડ બોલી શકયો: "શેઠ અને શેઠાણી સ્વર્ગે સીધાવ્યા છે અને નોકરો—ચાકરો વિદાય લઈને ચાલ્યા ગયા છે."

જયંતે એ માઠા સમાચાર ધૈર્યથી સાંભળી લીધા. પોતે જે વખતે પરદેશમાં વ્યાપાર ખેડતો હતો તે જ અરસામાં પોતાનાં વૃદ્ધ માતપિતા સંસારની યાત્રા પૂરી કરીને સ્વર્ગે પહોંચ્યાં હતાં એ સમાચારે જયંતને ઘડીભર શોકસ્તબ્ધ કરી મૂકયો.

પણ અત્યારે પોતે એકલો નથી, શોક કરવાનો આ સમય નથી, એટલે તરત જ તેણે હિમ્મત દાખવી લાખાને કહ્યું:

"આ બાઈ આપણા મહેમાન છે. તું એમને નહાવા–ધોવાની સગવડ કરી આપ, પછી ક્યાં રસોઈ કરવી તે સમજાવી દેજે!"

સુનંદા તરફ જોઈને જયંત બોલ્યો: "કમનસીબે મારાં મા–બાપ મને એકલો–રઝળતો મૂકીને ચાલ્યા ગયાં છે. તેઓ હોત તો તમારા આદર–સત્કારમાં કે આતિથ્યમાં ખામી ન રહેવા દેત. હવે આ ઘર તમારું જ છે એમ માનજો. કોઈ વાતનો સંકોચ ન રાખશો."

જયંતે સ્વર્ગસ્થ માતાની પેટીમાંથી કેટલાંક વસ્ત્રો કાઢીને સુનંદા પાસે મૂક્યાં. સુનંદા એમનાં એક–બે વસ્ત્રો લઈને નહાવા ગઈ અને બીજી તરફ જયંત પોતાની ઘરવખરી સંભાળવા ગયો.

× × ×

પ્રેમની દુનિયામાં વારંવાર મોટાં વાવાઝોડાં વીંઝાતાં આપણે જોઈએ છીએ. એ ઉપરથી જ્યાં વાવાઝોડાં વહેતા હોય ત્યાં જ પ્રેમનું ખરું રાજ્ય હોય એવી ભ્રમણા થઈ જાય છે. પ્રેમજગતમાં જેમ ઝંઝાવાત હોય છે તેમ મંદમંદ વહેતા શીતળ સુગંધમય સમીર પણ હોય છે.

પ્રથમ દૃષ્ટિએ ઉદ્ભવતો પ્રેમ વાવાઝોડાના રૂપમાં પરિણામે છે. એમાંથી તોફાન જાગે છે–જાણે કે ઉલ્કાપાત કે ધરતીકંપ થયો હોય તેમ લાગે છે. ધીમે ધીમે વિસ્તરતો પ્રેમ સમી સાંઝના મંદ મંદ પવન સમો હોય છે. એમાં તોફાન, ઉન્માદ, અધીરાઈ નથી હોતી. એટલે એ જગતની આંખે બહુ નથી ચડતો. પ્રથમ દૃષ્ટિએ બંધાતો પ્રેમ

આંધીની જેમ ચડી આવે છે અને પાછો અદૃશ્ય થઇ જાય છે. ક્રમે ક્રમે કેળવાતો પ્રેમ રોજ રોજ સુખદ, સ્વાભાવિક અને ગંભીર બનતો જાય છે. સુનંદા અને જયંત વચ્ચેના પ્રેમે શીતળ –સુગંધી મંદ મંદ વહેતા વાયુનું સ્વરૂપ લીધું. બન્નેએ એક દિવસે વિધિપૂર્વક લગ્ન કર્યાં અને કૌટુંબિક જીવન શરૂ કર્યું.

દધિમુખ પર્વતના શિખર ઉપર ઊભા રહી, સુનંદાએ જે સાંસારિકતા અથવા કૌટુંબિકતાની સ્વપ્નજાળ રચી હતી, જે સ્વપ્નજાળમાં મંત્રમુગ્ધ જેવી બની અહીં સુધી ખેંચાઇ આવી હતી તે બંધનોના મોહમાં કોણ જાણે કેટલાંય વર્ષો નીકળી ગયાં. જયંત અને સુનંદાના સૂરીલા તેમજ તાલબદ્ધ જીવનમાંથી કોણ જાણે કેટલીયે રાગિણીઓ ઝરીને અનંતતામાં મળી ગઇ.

સ્વભાવે શુદ્ધ, બુદ્ધ અને મુક્ત આત્મા, વાસનાઓના વમળમાંથી કવચિત્ ઉપર આવે છેઃ એને નિજસ્વભાવની કંઈક સ્મૃતિ જાગે છે અને જો સંસ્કારી જીવ હોય તો એ પળોનો સદ્ઉપયોગ કરી લે છે.

ઘણે વર્ષે સુનંદાનો સંસ્કારી આત્મા ફરી એક વાર સાંસારિકતાના મોહમાંથી જાગૃત થયો. એને દધિસુખ પર્વત ઉપરનો આશ્રમ, નિરુપાધિક જીવન, અને ઘડેલા ઉચ્ચ આદર્શો સાંભરી આવ્યા. માતા દેવાનંદા જાણે કે એના અંતરમાં બારણાં ખખડાવતા હોય–પાછી આશ્રમમાં ચાલી આવ–એમ પુનઃ પુનઃ કહેતા હોય એમ એને લાગવા માંડયું બીજાની સલાહનો અસ્વીકાર કે અનાદર સુનંદા કરી શકે, પરંતુ દેવાનંદા માતાનો આદેશ અણસાંભળ્યો કેમ કરી શકે ?

'સાચે જ મને માતા દેવાનંદા બોલાવે છે. ઘણા વર્ષ આ માયાજાળમાં લપેટાઈ રહી. હવે મારે અહીંથી છૂટવું જ જોઇએ !" સુનંદા એક સવારે ઊઠતાંવેંત વિચારવા લાગી.

બીજે–ત્રીજે દિવસે એ સાદ, દેવાનંદા માતાનો આદેશ, વધુ ગંભીર અને હૃદયસ્પર્શી બન્યો. પ્રાતઃકાળ પહેલાં જ સુનંદા જાગી ઊઠી હતી. જયંત અને બાળકો હજી નિદ્રાની મીઠી ગોદમાં પડયાં હતાં.

ઘડીકવાર જયંત અને નિર્દોષ શિશુઓની સામે સુનંદાએ મીટ માંડી. છેલ્લું અમીપાન કરતી હોય તેમ ધરાઈ ધરાઈને બાળકોને નયન ભરીને નીહાળી લીધાં. એ પછી એકે એક આભૂષણ ઉતારીને જયંતની પથારી પાસે મૂકયાં. પોતે જે વસ્ત્ર પહેરીને આશ્રમમાંથી નીકળી હતી તે વસ્ત્ર ફરી પાછું પહેરી લીધું. જયંતને સંબોધીને એક પત્ર પણ લખી નાખ્યો :

"જયાંથી આવી હતી ત્યાં જ પાછી જાઉં છું. દેવાનંદા માતા મને બોલાવે છે. એમનો સાદ સાંભળ્યા પછી કૌટુમ્બિક જીવનનો રસ ઊડી ગયો છે. બાળકોને સાચવજો. મારા પ્રત્યે જો સાચે જ મમતા હોય તો મારી શોધ કરવી માંડી વાળજો. સુનંદા."

જતાં જતાં ઊંઘતા જયંતને પ્રણામ કર્યા અને જે સમયે દધિમુખ પર્વતના શિખર ઉપરથી નીકળી હતી તે જ સમયે **નગરમાંથી** પર્વત ઉપર ચડવા ચાલી નીકળી.

કૌટુમ્બિક જીવનને આમ તિલાંજલી આપતાં સુનંદાને કંઈ સંક્ષોભ નહિ થયો હોય એમ ન કહેવાય. અંતરમાં રાગ ને ત્યાગ વચ્ચે યુદ્ધ જામ્યું હતું, પણ જેણે સર્વ કટોકટીઓને વિષે દેવાનંદા માતાના આદેશને જ નિર્ણયાત્મક માન્યો હોય તેને આખરી નિશ્ચય કરતાં વાર ન લાગે.

જયંત જાગ્યો ત્યારે ઘરેણાં ને ચીઠી વાંચીને સ્તબ્ધ બની ગયો. સુનંદા આમ મધદરિયે મૂકી જશે એવી કલ્પના નહોતી

કરી. અને વધુ નવાઈની વાત તો એ હતી કે આટલા દિવસ સાથે વસવા છતાં સુનંદા ક્યાંથી આવી હતી તે પૂછવાનું જ જયંત ભૂલી ગયો હતો. સુનંદાએ પણ પ્રયત્નપૂર્વક એ વાત છુપાવી રાખી હતી. જયંતે સુનંદાની છેલ્લી ઇચ્છાને માન આપી તેની શોધ કરવાનું માંડી વાળ્યું.

× × ×

"આશ્રમ પાસે પહોંચીશ અને દરવાજા ઉઘડાવીશ ત્યારે બધી આશ્રમબહેનો ટોળે મળીને જ્યારે મને ઘેરી લેશે અને કૌતુકથી પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછશે ત્યારે હું એમને શું જવાબ આપીશ?" આ એક જ મૂંઝવણ સુનંદાના દિલને વ્યથિત કરી રહી હતી. જવું જેટલું સહેલું હતું તેટલું પાછું વળવું કઠણ હતું. ખરી કસોટી હવે જ થવાની હતી. પણ સુનંદાને દેવાનંદા માતાને વિષે પૂરી શ્રદ્ધા હતી. જ્યારે કંઈ જ ઊકેલ ન મળે ત્યારે એ માતા દેવાનંદાનો જાપ જપવા મંડી જતી.

માતાને ઘડીએ ઘડીએ યાદ કરતી સુનંદા આશ્રમના મુખ્ય દરવાજા પાસે આવી અને અમસ્થો હાથ જ અડાડયો એટલામાં આશ્રમના બારણાં ઊઘડી પડયાં. કોઇ દિવસ આટલો વહેલો આશ્રમનો દરવાજો નહોતો ઊઘડતો. "ખરેખર દેવાનંદા માતાએ જ મને મદદ કરવા આ બારણાં પહેલેથી જ ઉઘાડી રાખ્યાં હશે." સુનંદાના દિલમાં હિંમતનું નાનું ઝરણ ફૂટી નીકળ્યું.

પોતાની પુરાણી ઓરડી તરફ સુનંદાએ પગલાં માંડયાં. અંદર જઇને જુએ છે તો ઓરડી વાળીચોળીને બરાબર સાફ રાખી મૂકી હતી. પણ એ પછી, વર્ષો પહેલાં પોતે મૂકેલી વસ્તુઓને જેમની તેમ પડેલી જોઇને સુનંદાના આશ્ચર્યની સીમા જ ન રહી. જરૂર આ બધામાં માતાનો જ કંઇક દેવી સંકેત હોવો જોઇએ!.

દેવાનંદા માતાની પેલી જૂની છબી પાસે શિર નમાવી સુનંદા કહેવા લાગી : " મા! હું આખરે આપની સાન્નિધ્યમાં આવી છું. મારી કસુર માફ કરજો! "

એટલુ કહીને સુનંદા માથું ઊંચકે છે એટલામાં તો એ આખી ઓરડી જાણે કે પ્રકાશના પૂરથી છલકાઇ ગઈ. કોઈકના બે અતિ સુકોમળ હાથ સુનંદાના ખભા પર આવી પડયા હોય એમ એને લાગ્યું. એ પ્રકાશના પુંજમાંથી પ્રકટેલી કોઈ દિવ્ય મૂર્ત્તિ સુનંદાને કહી રહી: ' બેટા, મૂંઝાઇશ મા! મેં તારી વતી બધાં આશ્રમનાં કામ કર્યાં છે. હવે તું આવી એટલે હું છૂટી થઇ જઉં છું. ચિંતા કરીશ મા! "

સુનંદાની આંખોમાં આભારના આંસુ ઊભરાયાં. એ કહેતા જતી હતી : " માતા! તમને મેં બહુ હેરાન કર્યા—હું આપની સદાને માટે ઋણી છું. " એટલામાં તો આશ્રમની બીજી એક બહેન દોડતી દોડતી આવીને સુનંદાને કહેવા લાગી :

' બહેન! તમને માતા પ્રેમાનંદા બોલાવે છે. " સુનંદાએ આંખમાંનાં અશ્રુ લૂછી નાખ્યાં. તરત જ તે પ્રેમાનંદા પાસે પહોંચી.

પ્રેમાનંદાએ કહ્યું : " સુનંદા! હવે પર્યુષણપર્વને બહુ દિવસ નથી રહ્યા. આજથી જ આપણે એ પર્વાધિરાજ પર્વના સ્વાગતની તૈયારી કરવી જોઇએ. કયારે કયાં કેવા પ્રકારની પૂજાઓ ભણાવવી અને સૂત્ર વાંચવાની વ્યવસ્થા કઈ રીતે કરવી તે આપણે નક્કી કરવાનું છે. ગઇ કાલે જ હું તને પૂછવાની હતી, પણ હું ભૂલી ગઈ. "

સુનંદા મનમાં બોલી " પ્રેમાનંદાએ ગઈ કાલે પણ મને જોઇ હતી ? રોજ મને જોતી હશે ? જરૂર, માતા દેવાનંદાનો જ પ્રતાપ હોવો જોઇએ! માતા દેવાનંદા જ પોતાના ભક્તની

પધાર્યા આવ્યાં લાગે છે અને આટલા દિવસ એમણે જ મારા સ્વરૂપે મારી વતી આશ્રમનાં બધાં કામકાજ કર્યાં લાગે છે!”

× × ×

સંવત્સરીના પવિત્ર દિવસે આશ્રમકન્યાઓએ ઉપવાસ કર્યા હતા—રોજની પ્રવૃત્તિ બંધ કરી, જિનેંદ્ર ભગવાનના ગુણગાન ગાવા દેરાસરમાં એકઠી થઈ હતી. પ્રત્યેક બહેન પોતપોતાની શક્તિ અનુસાર નૈવેદ્ય લઇ આવી હતી.

ગરીબ સુનંદા પાસે ફૂટી બદામ પણ નહોતી. એ પરિગ્રહથી તદન અજાણી હતી. જિનેંદ્રદેવના ચરણે ધરવા સારુ પોતાની પાસે, પોતાનું કહી શકાય એવું શ્રીફળ પણ નથી એવું ભાન થતાં એની આંખની પાંપણો સહેજ ભીંજાઈ.

ભીંજાયેલી આંખો, પાલવથી લૂછી નાંખી જ્યાં પોતાની આસપાસ નજર ફેરવે છે ત્યાં જ એનાં નાનાં બાળકો સાથે સુનંદ એ જયંતને ઊભેલો જોયો. જયંત અનાયાસે જ આજે આ આશ્રમના જિનચૈત્યમાં દર્શન માટે આવી ચડયો હતો

વીતરાગ ભગવાનને ત્રણેક ખમાસમણાં દઇ સુનંદા મનમાં જ બોલી: “ભગવન્! મુજ રંકના આ અણમૂલાં રત્નો નૈવેદ્યના રૂપમાં સ્વીકારજો! આ બાળકો ભણીગણીને ભારે તપસ્વી બને, આપના શાસન અને સિદ્ધાંતનો નિઃસ્પૃહપણે પ્રચાર કરે એવી શક્તિ પૂરજો!”

એ જ વખતે આકાશમાં અણધાર્યો મેઘાડંબર જામ્યો અને સુનંદાને ‘તથાસ્તુ’ સંભળાવવા માટે જ દેવદૂતની જેમ આવી ચડયો હોય તેમ ભારે ગર્જારવ સાથે પાણીની ધારાઓ વડે સંતપ્ત પૃથ્વીને તેણે તરબોળ બનાવી દીધી.

卐

धन्ना सच्चिअ नारी,
जीए जणओ पइअ पुत्तो अ ।
वीरावपाय पयवी,
समन्निआ हुंति तिन्निविय ॥

જેના પિતા. પતિ અને પુત્ર એ ત્રણે વીરની નિર્મળ પદવી પ્રાપ્ત કરે છે તે સ્ત્રી સાચેજ ધન્ય છે.

★

अन्न भणेह वच्छाहं,
वीरसुआ पिआ य वीरस्य ।
यह तुमए जइयव्वं,
होमि महावीरजयणी वि ॥

હે બેટા ! હું વીરની પુત્રી છું, વીરની પત્ની છું : હવે તું એવું કંઈક કર કે જેથી હું વીરની માતા પણ ગણાઉં.